FRIDAY
૧૯-૦૨-૨૦૨૧
વિ.સ. ૨૦૭૭, મહા સુદ ૦૭
અંક : ૧૧૫
કુલ પાના : ૮

સત્ય માટે, સત્ય સાથે સતત..

# ચક્રવાત

રાજકોટથી પ્રસિદ્ધ થતું અને બહોળો ફેલાવો ધરાવતું દૈનિક અખબાર....




● મેનેજિંગ તંત્રીશ્રી : જિજ્ઞેશભાઈ કાલાવડીયા ● તંત્રીશ્રી : યાકુબ આર. બાદી ● એસો. એડીટર : જે.પી. જાડેજા ● હેડ ઓફિસ : ચક્રવાત ભવન, અંબાજી કડવા પ્લોટ, આનંદ બંગલા ચોક પાસે, મવડી રોડ, રાજકોટ. ● વર્ષ : ૭ ● RNI Reg. No.GUJGUJ/2013/66120 ●કિંમત રૂ. ૪

### દેશમાં વધી રહેલા પેટ્રોલીયમના ભાવમાં ગુજરાતીઓને રાહત આપવા બાબતે સરકારની કોઈ તૈયારી નથી

# ગુજરાતમાં પેટ્રોલના ભાવમાં રાહત આપવા નીતિન પટેલનો નકારો

(જી.એન.એસ.)ગાંધીનગર,તા.૧૮

દેશભરમાં પેટ્રોલ-ડીઝલના ભાવ વધતા નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે પોતાની પ્રતિક્રિયા આપી હતી. નીતિન પટેલે પેટ્રોલ-ડીઝલના ભાવ વધવા અંગે કહ્યુ કે, રાજ્યમાં વેટ ઓછો હોવાને કારણે ગુજરાતની પ્રજાને અમે ભાર પડવા દીધો નથી.

પેટ્રોલ-ડીઝલના વધતા ભાવ અંગે નીતિન પટેલે કહ્યુ કે, સૌથી પહેલા ગુજરાત સરકાર તરીકે, ગુજરાતના નાણા પ્રધાન તરીકે હું કહીશ કે આખા દેશની અંદર અત્યારે પેટ્રોલ-ડીઝલનો જે વેટ છે તેનો જે ટેક્સ છે આખા ભારતની અંદર ગુજરાતમાં ઓછો છે. મીડિયા-છાપામાં તમે જે જોવો છે અન્ય રાજ્યમાં પેટ્રોલ-ડીઝલની જે કિંમતો છે તે આખા ગુજરાતમાં વેટ ઓછો હોવાને કારણે પ્રજાને ભાર પડવા દીધો નથી.''

વધુમાં નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યુ કે, બીજી જે અગત્યની વાત છે, ભારતમાં કુદરતી ક્રૂડ ઓઈલ વગેરે તેલ મળવાનું મર્યાદિત પ્રમાણમાં છે. ગઈકાલે વડાપ્રધાન મોદીએ જે માહિતી જાહેર કરી તે પ્રમાણે ૮૫ ટકા કરતા વધુ ક્રૂડ ઓઈલ પ્રદેશથી આયાત કરવુ પડે છે. આવા સંજોગોમાં જે પહેલા ૫૧-૫૨ ડોલર બેલરની કિંમત હતી તે તાજેતરમાં આંતરરાષ્ટ્રીય ભાવ વધારો થયો તે ૬૦ ડોલરથી વધુ થઈ છે એટલે સ્વાભાવિક છે કે તેની કિંમતમાં વધારો થયો છે. કોરોનાની મહામારીમાં સરકારોની આવક આખા દેશમાં ઘટી ગઈ પછી તે ભારત સરકાર હોય કે રાજ્ય સરકાર હોય, પછી જે





ખુબ મોટો ખર્ચો થયો, તેને ધ્યાનમાં રાખી વડાપ્રધાને બજેટમાં નિર્મલા સીતારમણે ખેડૂતોને મદદરૂપ થવા કૃષિ ઉત્પાદનમાં ભાવ સારા મળે તે માટે સેસ રાખી છે તેમાં પેટ્રોલ-ડીઝલ પણ આવે છે, સામે ભારત સરકારે એક્સાઈઝ જે હતી ક્રૂડ અને પેટ્રોલ-ડીઝલ કે ગેસ ઉપરની તેમાં ઘટાડો કરી દીધો છે એટલે પ્રજા પર કોઈ સીધો બોઝો એક્સાઈઝનો વધારાનો

**નીતિન પટેલના મતે પેટ્રોલ-ડિઝલ પરનો ટેક્સ ગુજરાતમાં સૌથી ઓછો, વેટ ઓછો હોવાથી રાજ્યની પ્રજા પર કોઇ બોજો આવ્યો જ નથી**

આવ્યો નથી. હું ચોક્કસ કહી શકું કે આંતરરાષ્ટ્રીય કક્ષાએ જે ક્રૂડના ભાવ વધ્યા તે પેરેરલ આ ભાવ વધ્યા છે. આપણે આશા રાખીયે કે ક્રૂડ ઓઈલમાં આ ભાવ ઘટાડો ઝડપથી આવે.

નીતિન પટેલે વધુમાં કહ્યુ કે, વડાપ્રધાને કહ્યુ તેનો સ્પષ્ટ અર્થ છે, આપણે પરદેશી તેલની આયાત ઉપર નિર્ભર રહીયે તે ચાલે નહી. વડાપ્રધાને સોલાર એનર્જીનું કામ મોટાપાયે શરૂ કર્યુ છે. ગુજરાતમાં પણ આપણે ૩૦ હજાર મેગાવોટ કરતા મોટા સોલાર પ્લાન્ટ નાખી રહ્યા છીએ, તેમાંથી વિજળી આવે તે સ્વાભાવિક છે કે પેટ્રોલ-ડીઝલના પ્લાન્ટ ચાલતા હોય તે સોલાર ઉપર ચાલે, એની ખપટ ઘટે, બહારથી આયાત ઓછુ કરવુ પડે, કિંમતી વિદેશી હુંડિયામણ ઘટાડી શકાય. આ બધુ અગાઉ યુપીએ સરકારે કર્યુ હોય તો આટલુ તેલ આયાત ના કરવુ પડ્યુ હોત. વડાપ્રધાનનું વિધાન સમજવુ જોઈએ, વડાપ્રધાન મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારથી ચારણકા અને બનાસકાંઠા જિલ્લામાં મોટા પ્રમાણમાં સોલાર પ્લાન્ટ રાખ્યા હતા. અત્યારે પણ મુખ્યમંત્રી વિજય રૂપાણીના નેતૃત્વમાં ૩૦ હજાર મેગાવોટ કરતા વધુ સોલાર વિજળીનું ઉત્પાદન આપણે કરી રહ્યા છીએ. ઘરે ઘરે નાગરિકો સોલાર રૂફટોપનો ઉપયોગ કરે તે માટે સબસિડી પણ આપીયે છીએ.

નીતિન પટેલને જ્યારે પૂછવામાં આવ્યુ કે તમે આંતરરાષ્ટ્રીય માર્કેટની વાત કરો છો, યુપીએ સરકારના સમયમાં ક્રૂડ ઓઈલના ભાવ બેરલના ૧૩૦ ડોલર હતા અને અત્યારે ૬૦ ડોલર ભાવ છે. નાયબ મુખ્યમંત્રીએ જવાબ આપતા કહ્યુ કે, યુપીએ સરકારનો વહિવટ તે લોકોએ કર્યો, તેમણે જ ખબર, કહીને વાતને હસી કાઢી પોતાનો બચાવ કર્યો હતો.

**ગુજરાતમાં સૌથી વધુ ભાવ ભાવનગરમાં**

સમગ્ર ગુજરાતમાં ભાવનગરમાં સૌથી વધુ પેટ્રોલ અને ડીઝલના ભાવ છે. ભાવનગરમાં પેટ્રોલનો ભાવ પ્રતિ લીટર ૮૮.૪૫ તેમજ ડીઝલનો ભાવ પ્રતિલીટર ૮૭.૮૭ છે એટલે કે સદી ફટકારવામાં હવે થોડું દૂર રહ્યું છે. ત્યારે ભાવનગરની જનતા એ બળાપો કાઢતા કહ્યું હતું કે સરકાર દ્વારા ક્રૂડ ઓઇલના ભાવો ઘટવા છતાં પણ પેટ્રોલ-ડીઝલના ભાવોમાં ઘટાડો કરવામાં આવતો નથી અને આડકતરી રીતે પ્રજા પર ટેક્સ વધારો નાખવામાં આવે છે.

## મહારાષ્ટ્રમાં કોરોનાનો ઉથલો : કેસ વધતા બે જિલ્લામાં ફરી વાર લોકડાઉન

(જી.એન.એસ.)મુંબઈ,તા.૧૮

મહારાષ્ટ્રમાં કોરોનાના વધતા કેસને જોતા આખરે સૌથી વધારે પ્રભાવિત થયેલા યવતમાલ અને અમરાવતી જિલ્લામાં ફરી લોકડાઉન લગાવવાની જાહેરાત થઈ છે. હવે જિલ્લામાં ૨૮ ફેબ્રુઆરી સુધી લોકડાઉન રહેશે. યવતમાલના જિલ્લા અધિકારી દેવેન્દ્ર સિંહે આ નિર્ણય લીધો છે. યવતમાલમાં કોરોના દર્દીઓની સંખ્યા ઘણી વધી ચુકી છે. જિલ્લામાં ડિસેમ્બર મહિનાથી લઈને ૨૯ જાન્યુઆરી સુધી ૨૫ દર્દીઓના મોત થયા હતા, પરંતુ ફેબ્રુઆરી મહિનામાં આ આંકડો ઘણો વધી ચુક્યો છે. યવતમાલ, પંઢરકવડા અને પુસદમાં કોરોના દર્દીઓની સંખ્યા સૌથી વધારે છે. આ ત્રણેય જગ્યા પર દરરોજ ૫૦૦ની આસપાસ દર્દીઓ મળી રહ્યા છે. આ હિસાબે આ ત્રણેય જગ્યાના રોજના ૧૫૦૦ દર્દીઓની તપાસ કરવી જરૂરી છે. જિલ્લા હૉસ્પિટલમાં વધતા મોતના આંકડાને જોતા ડીન પાસે ડેથ રિપોર્ટ પણ માંગવામાં આવ્યો છે. આ ઉપરાંત ખાનગી હૉસ્પિટલોમાં પણ કોરોનાથી થનારા મોતોનો ઑડિટ રિપોર્ટ રજૂ કરવા માટે કહેવામાં આવ્યું છે. જિલ્લા અધિકારીએ જણાવ્યું કે હાઈ રિસ્ક અને લો રિસ્ક એરિયા પ્રમાણે શહેરમાં લૉકડાઉન લગાવવામાં આવ્યું છે.

## યુપીમાં ચારો લેવા ગયેલી ત્રણ બહેનોમાંથી બેની લાશ મળતા ચકચાર, એક બેભાન

(જી.એન.એસ.)ઉન્નાવ,તા.૧૮

ઉત્તરપ્રદેશમાં ઉન્નાવ જિલ્લાના બબુરાહા ટોલા ગામમાં બુધવારે ખેતરમાં શંકાસ્પદ હાલતમાં બેભાન મળેલી ત્રણ બહેનોમાંથી બેનાં મોત થઈ ગયાં. ત્રીજી છોકરીની હાલત ગંભીર છે. ત્રણેય એક જ દુપટ્ટાથી બંધાયેલી હાલતમાં મળી હતી. મોઢામાંથી ફીણ નીકળી રહ્યું હતું. જેને જોતાં પોલીસ પોઈઝનિંગની આશંકા વ્યક્ત કરી છે. આ ઘટના અંગે આખા ગામમાં ગુસ્સો છે. એવામાં અહીં મોટી સંખ્યામાં પોલીસફોર્સ તહેનાત કરાઈ છે. આ મામલા અંગે હવે પીડિત પરિવારે સીબીઆઈ તપાસની માંગ કરી છે. ન્યાય માંગવા માટે ઘણા લોકો ધરણા પર બેસી ગયા છે.

આ બધાની વચ્ચે વિસ્તારના લોકો ગામમાં ધરણા પર બેસી ગયા છે. તેમની માંગ છે કે પરિવારજનોને પોલીસ સ્ટેશનમાં ન બેસાડવામાં આવે, પરિવારને ન્યાય આપવામાં આવે.

## બંગાળમાં ટીએમસી નેતા જાકીર હુસૈન પર બોમ્બથી હૂમલો : ૨૨ લોકો ઈજાગ્રસ્ત

(જી.એન.એસ.)કોલકાત્તા,તા.૧૮

બંગાળમાં વિધાનસભાની ચૂંટણી નજીક આવી રહી છે તેની સાથે જ રાજકારણનો લોહીયાળ ખેલ પણ ઉગ્ર બની રહ્યો છે. થોડા દિવસો પહેલા ભાજપના એક નેતા પર બોમ્બ અને ગોળીઓ વડે હુમલો કરવામાં આવ્યો હતો. ત્યારે હવે બુધવારે મોડી રાતે કોલકાતા આવતી વખતે મુર્શિદાબાદના નિમતિતા સ્ટેશન પાસે પ્રાંતના શ્રમ રાજ્યમંત્રી જાકિર



હુસૈન પર બોમ્બ વડે હુમલો કરવામાં આવ્યો હતો. હાલ તેમને કોલકાતાની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે જ્યાં તેમની સ્થિતિ સ્થિર છે. તેમના હાથ-પગ અને શરીરના અન્ય ભાગોમાં ઈજાઓ પહોંચેલી છે. આ હુમલામાં મંત્રી સહિત કુલ ૨૨ લોકોને ઈજાઓ પહોંચી છે જે પૈકીના ૭ની સ્થિતિ ગંભીર છે. મંત્રી ટ્રેન પકડવા માટે સ્ટેશન જઈ રહ્યા હતા. ગાડીમાંથી બહાર આવીને તેઓ ટ્રેન પકડવા માટે પ્લેટફોર્મ નંબર-૨ તરફ આગળ વધ્યા ત્યારે અચાનક જ તેમના પર બોમ્બ ફેંકવામાં આવ્યો હતો.




## અમેરિકામાં બર્ફિલા તોફાનથી હાલત ગંભીર એક કરોડ લોકો સંકટમાં, ૨૧ના મોત

**વીજ પુરવઠો ન મળવાથી વેક્સિનના ૮,૦૦૦થી વધુ ડોઝ બગડી ગયા**

(જી.એન.એસ.)ન્યૂયોર્ક,તા.૧૮

અમેરિકાના ટેક્સાસ અને મેક્સિકોમાં ખતરનાક બર્ફીલા તોફાનના કારણે સ્થિતિ ખૂબ જ ગંભીર બની ગઈ છે. સતત થઈ રહેલી હિમવર્ષાના કારણે અત્યારસુધીમાં ૨૧ લોકોના મોત થયા છે. ટેક્સાસમાં ૪૪ લાખ લોકો વીજળીની સુવિધા વગર ઘરોમાં પુરાઈ રહેવા મજબૂર બન્યા છે. ટેક્સાસની ૧૦૦થી વધારે કાઉન્ટીમાં વીજળી અને પાણીના પુરવઠાને વિકટ પ્રભાવ પડ્યો છે. લોકોને ઉકાળેલું પાણી પીવા માટે



સલાહ આપવામાં આવી રહી છે અને ૨૦૦થી વધારે રસ્તાઓ બ્લોક થઈ ગયા છે. હાલ તે વિસ્તારના વેક્સિનેશન સેન્ટર બંધ કરી દેવામાં આવ્યા છે અને વૃદ્ધોને બચાવવા માટે નેશનલ ગાર્ડ્સ તૈનાત કરવામાં આવ્યા છે. તે સિવાય ટેક્સાસ અને હ્યુસ્ટનમાં વિમાની સેવાઓ બંધ કરી દેવામાં આવી છે. અમેરિકાની ૧ કરોડ કરતા પણ વધારે વસ્તી બરફમાં ઠુંઠવાઈ રહી છે. ટેક્સાસમાં સતત બર્ફીલા તોફાનોના કારણે વીજળીનું ઉત્પાદન ખરાબ રીતે પ્રભાવિત થયું છે. ગેસ, તેલની પાઈપલાઈનો પણ જામી ગઈ છે. વેક્સિનના ૮,૦૦૦ કરતા પણ વધારે ડોઝ વીજળીનો પુરવઠો ન મળવાના કારણે બગડી ગયા છે.

## રંજન ગોગોઈ સામેનો કેસ સુપ્રિમે કર્યો બંધ

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૧૮

સુપ્રીમ કોર્ટે ભારતના ભૂતપૂર્વ ચીફ જસ્ટિસ રંજન ગોગોઈને કથિત જાતિય સતામણીમાં ફસાવવા માટેના કેસને પડતો મૂક્યો છે. પૂર્વ ચીફ જસ્ટિસ વિરુદ્ધ આ ષડયંત્ર હોવાના રિપોર્ટને આધારે કેસમાં તપાસની પ્રક્રિયા બંધ કરી દીધી છે. સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે પૂર્વ સીજેઆઈ રંજન ગોગોઈ વિરુદ્ધ આ એક ષડયંત્ર હોવાની સંભાવનાનો ઈનકાર કરી શકાય નહીં. આ પ્રકારના ષડયંત્રને જસ્ટિસ ગોગોઈના ચુકાદાઓ સાથે જોડી શકાય છે, જેમાં નેશનલ રજિસ્ટર ઓફ સિટિઝન્સ ઉપર તેમના વિચારો પણ સામેલ છે.

## ૧૮ મેથી ખુલશે બદ્રીનાથના કપટા

(જી.એન.એસ.)કેદારનાથ,તા.૧૮

વિશ્વ પ્રસિદ્ધ શ્રીબદ્રીનાથ ધામના કપાટ આ વર્ષે ૧૮મી મેના રોજ ખૂલશે. આ તારીખે બદ્રીનાથ ધામના કપાટ શ્રદ્ધાળુઓ માટે સાંજે સવા ચાર વાગ્યે ખૂલશે. વસંત પંચમી પર નરેન્દ્ર નગર સ્થિત રાજ પરિવારના તીર્થ પુરોહિતોએ બદ્રીનાથ ધામના કપાટ ખોલવાની જાહેરાત વિધિ-વિધાન અને પૂજા પાઠની સાથે કરી. શ્રી બદ્રીનાથ ધામના કપાટ ખોલવાની જાહેરાત નરેન્દ્ર નગર રાજ મહેલથી ટિહરી નરેશ મનુજેંદ્ર શાહે કરી છે. ઉત્તરાખંડના ચારધામ દેવસ્થાનમ મેનેજમેન્ટ બોર્ડના સૂત્રોએ કહ્યું કે ભગવાન વિષ્ણુને સમર્પિત બાબા બદ્રીનાથ ધામના કપટા નક્કી તારીખને બ્રહ્મ મુહૂર્તમાં ૪:૧૫ વાગ્યે ખોલાશે. આપને જણાવી દઈએ કે ૧૯મી નવેમ્બરના રોજ શિયાળામાં બદ્રીનાથના



કપાટ બંધ થયા હતા. દર વર્ષે ઠંડીની સીઝનમાં ભગવાન બદ્રીનાથના કપાટ બંધ કરી દેવામાં આવે છે. જ્યારે ફરીથી ભગવાન બદ્રીનાથના કપાટ ખૂલે છે તો મંદિરમાં દર્શન માટે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુ અહીં આવે છે. આ હિન્દુઓના ચાર મહત્વપૂર્ણ ધામોમાંથી એક છે. કોરોના સંકટના લીધે આ યાત્રા સાથે જોડાયેલી ગાઈડલાઈન્સ પણ ટૂંક સમયમાં રજૂ કરી શકાય છે. યાત્રાના રજીસ્ટ્રેશનને લઈ પણ ટૂંક સમયમાં જ નવી માહિતી મળી શકે છે.

## ડિઝલ ભાવ વધારા સામે ૨૬ મીએ ભારતના ટ્રાન્સપોર્ટર્સો દ્વારા સમગ્ર દેશમાં હડતાલ

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૧૮

ડીઝલના ભડકે બળતા ભાવો, ઈ-વે બિલ સંબંધિત મુદ્દાઓ અને સ્ક્રેપિંગ પોલિસી વગેરે બાબતે ટ્રાન્સપોર્ટર્સની હડતાળ વચ્ચે હવે આ મામલો બે ભાગોમાં વહેંચાઈ રહેલો જણાઈ રહ્યો છે. એક તરફ ધ ઓલ ઈન્ડિયા મોટર ટ્રાન્સપોર્ટર્સ કોંગ્રેસએ પહેલા પોતાની વિવિધ માંગણીઓને લઈ સરકારને ૧૪ દિવસનો સમય આપ્યો હતો અને દેશવ્યાપી હડતાળ પર ઉતરવાની જાહેરાત કરી હતી. ત્યારે, વ્યાપારિક સંગઠન કંફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સ અને ઓલ ઈન્ડિયા ટ્રાન્સપોર્ટર્સ વેલફેર અસોશિએશનએ તેનાથી અલગ ૨૬મી ફેબ્રુઆરીએ એક દિવસના ભારતબંધની જાહેરાત કરી છે. આ રીતે હવે બે હડતાળનું આયોજન થઈ રહ્યું છે જેમાં પહેલી હડતાળ ૨૬મી ફેબ્રુઆરીએ યોજાશે તે ચોક્કસ છે જ્યારે બીજી હડતાળ માંગણીઓ પૂર્ણ ન થાય તે સ્થિતિમાં થોડા દિવસો બાદ યોજાશે.

એઆઈએમટીસીએ પોતાની માંગણીઓ પૂર્ણ ન થવાની સ્થિતિમાં દેશવ્યાપી હડતાળની જાહેરાત કરી હતી પરંતુ તે ૨૬મી ફેબ્રુઆરીની દેશવ્યાપી હડતાળથી સ્પષ્ટપણે અલગ થઈ ગયું છે. એઆઈએમટીસીના મહાસચિવ નવીન કુમાર ગુપ્તાએ ઈ-વે બિલ મુદ્દે ૨૬મી ફેબ્રુઆરીની એક દિવસની હડતાળને માત્ર કેટલાક લોકોનો નિર્ણય ગણાવ્યો છે. સાથે જ તે દિવસે તેમના ૯૫ લાખ ટ્રક દેશભરમાં કામ ચાલુ રાખશે.

### સામાન્યજન માટે સૌમ્ય-સંવેદનશીલ ગણાતા સીએમ રૂપાણી અસામાજીક તત્વોની સાન ઠેકાણે લાવવા કડક કાયદો લાવ્યા...

# રાજકોટમાં એન્ટીલેન્ડ ગ્રેબિંગથી જમીન કૌભાંડિયાઓમાં સન્નાટો



ચક્રવાત ટીમ રાજકોટ,તા.૧૮

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ રાજયમાં સરકારી, સામાન્ય ખેડૂતોની, ખાનગી વ્યકિતની માલિકીની તેમજ જાહેર ટ્રસ્ટ-ધર્મસ્થાનકોની જમીન ગેરકાયદે કબજો મેળવી લઈ હડપ કરી જનારા ભૂમાફિયાઓ સામે કાયદાકીય શસ્ત્ર ઉગામવા ગુજરાત લેન્ડ ગ્રેબિંગ પ્રોહિબીશન એકટના નિયમો-કાનૂની જોગવાઈઓના કડક અમલની યોજના જાહેર કરીને પ્રજાની મિલકતોની સુરક્ષિત કરી છે. રાજ્ય સરકારે લીધેલા આ પગલાંને કારણે રાજકોટમાં અનેક ભૂમાફિયાઓ ભોંભીતર થઈ ગયા છે અને જમીન-મકાન પચાવી પાડવાની પ્રવૃત્તિ ઉપર પણ બ્રેક લાગી ગઈ છે.લોકો પણ સલામતિનો અનુભવ કરી રહ્યા છે તેવું ધારાસભ્યોશ્રી ગોવિંદભાઈ પટેલ, અરવિંદભાઈ રૈયાણી અને લાખાભાઈ સાગઠીયાએ જણાવ્યું હતું.

આ કાયદાનો અમલ રાજકોટમાં કડક રીતે શરૂ થઈ ગયો છે અને લેન્ડ ગ્રેબિંગ એકટ હેઠળ પોલીસ ફરિયાદ પણ નોંધવામાં આવી છે.

આ કાયદો મંજુર કરતી વખતે જ મુખ્યમંત્રી વિજયભાઈએ કહ્યું હતું કે, ગુજરાતની પારદર્શી, સંવેદનશીલ અને ગરીબ-ખેડૂત-સામાન્ય માનવીની ચિંતા કરનારી આ સરકારે ઐતિહાસિક નિર્ણય લઈને લેન્ડ ગ્રેબિંગ પ્રોહિબીશન એકટ-૨૦૨૦ની કાયદાકીય કડક અમલ કરવાનો નિર્ણય કર્યો છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, સામાન્ય ખેડૂતોની જમીન ભૂમાફિયાઓએ હડપ કરી હોવાની ફરિયાદો અને તેમને રાતા પાણીએ રોવડાવ્યા હોવાની કેટલીક ઘટનાઓ સરકારના ધ્યાનમાં આવી હતી.

જેને અનુલક્ષીને રાજ્યના એકપણ ખેડૂતની કિંમતી જમીન કોઈ ભૂમાફિયો પચાવી ન પાડે તેવા હેતુથી તથા આવા ગુનેગારો-લેન્ડ ગ્રેબરો-ભૂમાફિયાઓની શાન ઠેકાણે લાવવા તેમજ તેમને કડક પાઠ ભણાવવાના મક્કમ ઈરાદા સાથે રાજ્ય સરકારે આ સખતમાં સખત ક્રિમિનલ કાયદો અમલી બનાવવાનું સુનિશ્ચિત કર્યુ છે.



ગેરકાયદેસર રીતે જમીન પચાવી પાડવાની આવી ગૂનાહિત પ્રવૃત્તિઓ કરતા ભૂમાફિયા કે કોઈ પણ ચમરબંધીઓને આ સરકાર છોડવા માંગતી નથી. રાજ્યમાં જમીન પચાવી પાડવાની પ્રવૃત્તિઓ ડામી દેવા રાજ્ય સરકાર સંકલ્પબદ્ધ છે. તેવા સ્પષ્ટ સંકેત સાથે આ ગુજરાત લેન્ડ ગ્રેબિંગ પ્રોહિબીશન એકટનો અમલ નવું સિમાચિન્હરૂપ બની રહેશે તેમ મુખ્યમંત્રીએ ઉમેર્યુ હતું.

હવે આ કાયદાની કડક શિક્ષાત્મક જોગવાઈઓને લીધે કિંમતી જમીનો પચાવી પાડવાની બનતી ગંભીર ઘટનાઓ પર રોક લાગી છે અને ભૂમાફિયાઓ આવી ગુનાહિત પ્રવૃત્તિઓ આચરતા ફફડી રહ્યા છે.

આ કાયદા હેઠળ ગૂનેગારોને દોષિત ઠરેથી ઓછામાં ઓછી દસ વર્ષ અને વધુમાં વધુ ચૌદ વર્ષ સુધીની કેદ તેમજ મિલકતોની જંત્રીની કિંમત સુધીના દંડને પાત્ર રહેશે.

મુખ્યમંત્રીએ આ લેન્ડ ગ્રેબિંગ પ્રોહિબીશન એકટને વધુ વ્યાપક અને કડક સજા કરી ભૂમાફિયાઓને નશ્યત કરી શકાય તેવો સકંજો કસતો એકટ બનાવવા કડક જોગવાઈઓ બનાવી છે.

**મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની સરકારે એન્ટી લેન્ડ ગ્રેબિંગ કાયદો લાવીને લોકોની મિલકત સુરક્ષિત કરીઃ ધારાસભ્યોશ્રી ગોવિંદભાઇ પટેલ, અરવિંદભાઇ રૈયાણી, લાખાભાઇ સાગઠીયા**

આ કાયદાની આડ લઈને કોઈ લે-ભાગુ તત્વો કોઈની જમીનમાં ખોટી ફરિયાદ કે અરજી કરીને તેનું ટાઈટલ બગાડવાની પ્રવૃત્તિ ન કરે તે માટે લેન્ડ ગ્રેબિંગ એકટ અન્વયે મળતી ફરિયાદોની સર્વાંગી ચકાસણી માટે જિલ્લા કલેકટરની અધ્યક્ષતામાં એક કમિટીની રચના કરવામાં આવી છે.



એક વિશેષ જોગવાઈ એવી પણ કરવામાં આવી છે કે, સરકારી જમીન પચાવી પાડવાના કે ગેરકાયદેસર કબજો કરવાના કિસ્સામાં કે કોઈ માથાભારે તત્વોના કિસ્સામાં જિલ્લા કલેકટરને અને રાજ્ય સરકારને આપમેળે-સુઓમોટો પગલાં લેવાની સત્તા આપવામાં આવી છે.

આના પરિણામે રાજ્યમાં ભૂમાફિયાઓ સામે કોઈની પણ શેહશરમ કે દબાણમાં આવ્યા વગર પગલાં ભરી શકાશે.એટલું જ નહિ, ફરિયાદ ઋઈછ નોંધાય તેના ૩૦ દિવસમાં સંપૂર્ણ તહોમતનામું આ કાયદાના અમલ માટેની ખાસ અદાલત-સ્પેશ્યલ કોર્ટમાં રજૂ કરવાનું રહેશે.

આ કાયદા અન્વયેના ગૂનાઓની તપાસ નાયબ પોલીસ અધિક્ષકના દરજ્જાના અધિકારી કરશે.

જમીન પચાવી પાડવાના આવા કેસોમાં ગૂનેગારને ઝડપી શિક્ષા થાય અને ન્યાય તોળાય તે આવશ્યક છે. આ હેતુસર આવા જમીન હડપ કરવાના કેસોની ઝડપી સૂનાવણી થાય તેમજ ભૂમાફિયાઓને કડક સજા થાય તે માટે વિશેષ નઅદાલતથ-સ્ત્રસ્પેશ્યલ કોર્ટથની પણ રચના કરવાનો નિર્ણય કર્યો છે.

આવી વિશેષ અદાલતો સમક્ષ ચલાવવામાં આવનારા કેસોનો વધુમાં વધુ ૬ મહિનામાં નિકાલ કરવાનો રહેશે

વિશેષ અદાલતોને દિવાની અને ફોજદારી બેય અદાલતોની સત્તા આપવામાં આવી હોવાથી ભૂમાફિયાઓ સામે કડક શિક્ષાપાત્ર કાર્યવાહી થઇ શકશે. તેની સાથે જ જે નિર્દોષ વ્યકિત, ખેડૂત, ગ્રામીણ નાગરિકની જમીન હડપ કરી લેવામાં આવી છે તેને વળતર તેમજ ઝડપી ન્યાય પણ મળશે.



આ કાયદાની અન્ય એક મહત્વની જોગવાઈ પ્રમાણે લેન્ડ ગ્રેબિંગના કેસમાં જે વ્યક્તિ પર જમીન પચાવી પાડવાનો આરોપ મૂકવામાં આવ્યો હોય તેને આવી જમીન પોતે પચાવી પાડી નથી તેવું કોર્ટ સમક્ષ પૂરવાર કરવું પડશે. એટલે કે બર્ડન ઓફ પ્રૂફ આક્ષેપિત લેન્ડ ગ્રેબરના શિરે રહેશે. આથી કોર્ટમાં કેસ ઝડપથી પૂરવાર કરવામાં વેગ આવશે.

આવી ફરિયાદના કિસ્સામાં જમીન ખરીદનારે ખરીદી માટેના નાણાંકીય સ્ત્રોત પોતાની આવકમાંથી ઊભા કરેલા છે તેવું સાબિત કરવાનું રહેશે. આવી કડક જોગવાઈના કારણે જમીન પચાવી પાડનાર ગુનેનારને તેના આવા કૃત્ય બદલ ભારે સજા તો થશે જ, સાથે સાથે સમાજમાં આવા પ્રકારના લેન્ડ ગ્રેબીંગના ગુનાઓ જો આચરવામાં આવશે તો ગુનેગારોની ખેર નથી તેવો સ્પષ્ટ મેસેજ પણ પહોંચશે.

આ કાયદાની જોગવાઈઓ તાત્કાલિક ધોરણથી અમલમાં આવતાં અસરકારક અમલીકરણ થવાથી જમીનોનો ગેરકાયદેસર કબજો લેનાર, આવી જમીનો ઉપર ગેરકાયદે બાંધકામ માટે નાણાંકીય સહાય કરનાર તેમજ આવી જમીનોના ભોગવટેદારો પાસેથી ગુનાહિત ધાક ધમકીથી ભાડું, વળતર કે અન્ય વસુલાત કરે કે તેમાં મદદગારી કરે તેવી તમામ વ્યક્તિઓ જમીન પચાવી પાડનાર વ્યક્તિની વ્યાખ્યામાં સમાવિષ્ટ થઈ જશે.

રાજ્ય સરકારે જમીનના યોગ્ય ઉપયોગ દ્વારા સર્વોત્તમ ગુજરાતના નિર્માણની નેમ રાખી છે અને આ નેમને સાકાર કરવાની દિશામાં ગુજરાત લેન્ડ ગ્રેબિંગ પ્રોહિબીશન એકટનું અમલીકરણ નવું સિમાચિન્હ બનશે તે નિશ્ચિત છે તેમ ધારાસભ્યોશ્રી ગોવિંદભાઈ પટેલ, અરવિંદભાઈ રૈયાણી અને લાખાભાઈ સાગઠીયાએ જણાવ્યું હતું.

# વિજયભાઈ રૂપાણીએ અથાક મહેનત અને પરિશ્રમ કરી સૌરાષ્ટ્ર આખાનો સર્વાંગી વિકાસ કર્યો છે

**સમગ્ર સૌરાષ્ટ્રમાં વિજયભાઈ રૂપાણીએ ભાજપની વિકાસયાત્રાને વધુ વેગવંતી બનાવીઃ રાજકોટનાં સંસદસભ્ય મોહનભાઈ કુંડારિયા**







રાજકોટ

રાજકોટ મહાનગરપાલિકાની ચૂંટણી આડે હવે ગણતરીના કલાકો બાકી રહ્યા છે ત્યારે મતદારોએ ભાજપના ઉમેદવારોને મત આપવાનો નિશ્ચય કરી લીધો છે. મનપા ચૂંટણીમાં પણ મતદારો વિકાસને માટે મત આપવાના છે કારણ કે રાજકોટ જ નહીં ન પરંતુ સમગ્ર સૌરાષ્ટ્રના વિકાસ માટે કેન્દ્રની મોદી સરકાર અને રાજ્યની રૂપાણી સરકાર કેટલી ચિંતિત છે તે સૌ કોઈ જાણે છે. રાજકોટ ભાજપનાં લોકલાડીલા સાંસદ મોહનભાઈ કુંડારિયાએ જણાવ્યું છે કે, કેન્દ્ર-રાજ્યની ભાજપ સરકારે રાજકોટને આંતરરાષ્ટ્રીય કક્ષાની સુવિધાઓ આપી છે અને આ વિસ્તારની શકલ-સુરત ફેરવી નાખી છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ બહુ જ ટૂંકા ગાળામાં રાજકોટને એઈમ્સ, આંતરરાષ્ટ્રીય એરપોર્ટ, દિલ્હીની ફ્લાઈટ, ઓવરબ્રિજ, અંડરબ્રિજ, રેલવે ડબલ ટ્રેક અને ફોરલેન હાઈવે જેવી સુવિધાઓ આપી છે.

મોહનભાઈ કુંડારિયાએ સંસદ સભ્ય તરીકે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર સાથે સતત સંકલન કરીને આ મહત્વની સુવિધાઓ પ્રાપ્ત કરવામાં મહત્વનો ફાળો આપ્યો છે. રાજકોટનાં પનોતા પુત્ર વિજયભાઈ રૂપાણી સાથે મોહનભાઈ કુંડારિયાના પ્રયાસોથી રાજકોટને એઈમ્સ મળી છે. એઈમ્સ માટે બીજા શહેરો પણ પ્રયત્નશીલ હતા પરંતુ વિજયભાઈ રૂપાણી સાથે મોહનભાઈ કુંડારિયા અને ભાજપના અન્ય આગેવાનોના પ્રયાસોથી આ ગૌરવપૂર્ણ સુવિધા રાજકોટને પ્રાપ્ત થઈ છે. આ જ રીતે રાજકોટને આંતરરાષ્ટ્રીય એરપોર્ટની સુવિધા પણ મળી છે અને હાલમાં તેનું કામ પૂરજોશમાં ચાલી રહ્યું છે. રાજકોટમાં આંતરરાષ્ટ્રીય એરપોર્ટ ચાલુ થઈ જશે એટલે રાજકોટનું નામ વિશ્વના નકશામાં ચમકશે તેમાં કોઈ જ બેમત નથી.

**કેન્દ્ર અને રાજ્ય ભાજપ સરકારે સૌરાષ્ટ્રને એઈમ્સ, આંતરરાષ્ટ્રીય એરપોર્ટ, દિલ્હીની ફ્લાઈટ, અંડરબ્રિજ, ઓવરબ્રિજ, રેલવે ડબલ ટ્રેક અને ફોરલેન હાઇવેની આંતરરાષ્ટ્રીય સુવિધાઓની ભેટ આપી**

રાજકોટ વેપાર-વાણિજ્યની દ્રષ્ટિએ અને રાજકીય દ્રષ્ટિએ પણ ઘણું મહત્વનું શહેર છે. ભૂતકાળમાં રાજકોટથી દિલ્હી સુધી ફ્લાઈટની સુવિધા ન હોવાને કારણે અહીંથી લોકોને અમદાવાદ થઈને દિલ્હી જવું પડતું હતું પરંતુ આ બાબતને ધ્યાનમાં રાખીને મોહનભાઈ કુંડારિયાએ સતત રજૂઆતો કરીને રાજકોટ અને દિલ્હી વચ્ચેની ફ્લાઈટ શરુ કરાવી છે અને આજે રાજકોટ જ નહીં પણ સૌરાષ્ટ્રભરના લોકોને ઘણી સગવડો મળતી થઈ ગઈ છે.

આંતર માળખાકીય સુવિધાની વાત હોય ત્યાં પણ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી સાથે મોહનભાઈ કુંડારિયાએ અગ્રેસર રહીને કેન્દ્રમાં રજૂઆત કરી છે અને પરિણામલક્ષી કામગીરી કરી બતાવી છે. રાજકોટ શહેરની ભાગોળે ગોંડલ ચોકડીએ સતત ટ્રાફિક જામ રહે છે અને વાહનચાલકોને ઘણી મુશ્કેલી પડે છે. આ બાબતને ધ્યાનમાં રાખીને આ ચોકડીએ ફ્લાયઓવરબ્રિજ બને તે માટે સફળ રજૂઆત કરી હતી અને આજે આ કામ પણ ગતિમાં છે. આ સિવાય રાજકોટ-જેતપુર વચ્ચે ફોરલેન હાઈવે પણ મોહનભાઈ કુંડારિયાના પ્રયાસોથી મંજૂર થયેલો છે અને તેને કારણે ટ્રાફિકની સમસ્યાઓ ઓછી થઈ વાહનવ્યવહાર ઘણો સરળ થઈ ગયો છે. આ સિવાય મોહનભાઈ કુંડારિયાના પ્રયાસોથી રાજકોટ-સુરેન્દ્રનગર વચ્ચે રેલવે ડબલ ટ્રેક પણ મંજૂર થયેલો છે અને તેનું કામ પણ પૂરું થવામાં છે. આ ડબલ ટ્રેક શરુ થઈ જાય એટલે રાજકોટ-સૌરાષ્ટ્રને લાંબા અંતરની અનેક ટ્રેન અને હાઈ સ્પીડ ટ્રેનની સુવિધા પ્રાપ્ત થશે.

આમ, એક જાગૃત પ્રજાના સેવક જો યોગ્ય રજૂઆત કરે તો કેવા સારા પરિણામો આવે તે મોહનભાઈ કુંડારિયાએ સાબિત કરી દીધું છે. એક વાતચીતમાં સંસદ સભ્ય મોહનભાઈ કુંડારિયાએ આગામી ચૂંટણીમાં ભાજપના ઉમેદવારોને જંગી મતથી વિજયી બનાવવા લોકોને અપીલ કરતા કહ્યું છે કે, વિજયભાઈ રૂપાણીએ સૌરાષ્ટ્ર આખાનો સર્વાંગી વિકાસ કર્યો છે. તેઓ રાજકોટને હજુ વધુ સુવિધાઓ અપાવવા માટે પ્રયત્નશીલ છે અને આ માટે ભાજપના હાથ મજબૂત કરવાની જરૂર છે.

# વિજયભાઈ રૂપાણીનો વટ અને કમળને મત આપવાની પરંપરા જાળવવા રાજકોટવાસીઓ મક્કમ : ભાજપ સાથે છે અડીખમ

**ચોતરફ વિકાસ, દશેય દિશાઓમાં વિકાસ, અફાટ વિકાસ માટે પંચાયતથી પાર્લામેન્ટ સુધી ભાજપનું શાસન અનિવાર્યઃ રાજુભાઇ ધ્રુવ**





**૨૧, ફેબ્રુઆરી રવિવારે રાજકોટનાં મતદાતાઓ સૌથી પહેલું કામ શહેરનાં ખરા નગરસેવકોને મત આપવાનું કરશે**

ચક્રવાત ટીમ રાજકોટ,તા.૧૮

રાજકોટનાં પનોતાપુત્ર વિજયભાઈ રૂપાણી ગુજરાતનાં મુખ્યમંત્રી બન્યા ત્યારબાદ તેમના શાસનમાં રાજકોટવાસીઓ માટે મોસાળે જમણ અને મા પીરસનાર જેવો ઘાટ છે. શહેરમાં સોનાનો સૂરજ ઉગ્યો છે. રાજકોટની અપેક્ષા કરતા પણ વધુ, અનેકગણી ભેટ મુખ્યમંત્રીશ્રીએ રાજકોટને આપી સમગ્ર રાજકોટનો સર્વાંગી અને સર્વગ્રાહી વિકાસ સાધ્યો છે ત્યારે ખંત, ખુમારી, ખેલદીલીવાળી રાજકોટની જનતા પણ પોતાના લોકલાડીલા વિજયભાઈ રૂપાણીનાં નેતૃત્વવાળા ભાજપ પક્ષને ઝળહળતો વિજય અપાવવા માટે તલપાપડ છે એવું સૌરાષ્ટ્ર ભાજપના પ્રવકતા રાજુભાઈ ધ્રુવએ જણાવ્યું હતું.

રાજુભાઈ ધ્રુવએ વધુમાં જણાવ્યું હતું કે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીનાં રાજમાં રાજકોટ વિશ્વસ્તરે છવાયું છે. રાજ્યની સૌ પ્રથમ એઈમ્સ રાજકોટને મળી છે. રાજ્યનાં સૌ પ્રથમ મેડિકલ પાર્કની ભેટ પણ રાજકોટને મળી છે. રૂપાણી સરકારનાં શાસનમાં રાજકોટે હરહંમેશ મેદાન માર્યું છે. હજુ આગામી દિવસોમાં પણ આ વિકાસયાત્રાને બમણી વેગથી આગળ ધપાવવા માટે મનપામાં ભારે બહુમતી સાથે ભાજપને સત્તાનું સુકાન ફરી સોંપવા તમામ વર્ગ અને ધર્મનાં લોકો કટિબદ્ધ બન્યા છે.

ભાજપનાં શાસકોની દીર્ઘદષ્ટી અને પ્રજા પ્રત્યેની વફાદારીનાં પરિણામે આજે પાણીની અછતવાળું રાજકોટ પાણીદાર બન્યું છે. પાણી માટે કલાકો લાઈનમાં ઉભા રહેવાની કે ટેન્કરરાજની વાત હવે ભૂતકાળ બની છે. ત્યારે રાજકોતવાસીઓ પણ પોતાની જવાબદારી સુપેરે સમજે છે જેની ખાત્રી આગામી મતદાન દિવસ બાદનાં મતગણતરી પરિણામમાં જોવા મળશે.

સતત વિકસતા અને સ્માર્ટ સિટી બનવા તરફ આગળ વધતા રાજકોટની આગેકૂચને રોકવા માટે હવનમાં હાડકાં નાખવાનો પ્રયાસ કરનારાઓને શાણા મતદારો ઓળખે છે. ચૂંટણી સમયે જ ચોમાસાનાં દેડકાની માફક મેદાનમાં આવી જતા અને કોઈ જ નક્કર આયોજનો વગર માત્રને માત્ર પ્રજાને ગુમરાહ કરવાનો પ્રયાસ કરનારાઓને ઓળખી લેવાનો, નાત-જાત કે ધર્મનાં નામે જનતાનાં ભાગલા પાડનારાઓને જડબાતોડ જવાબ આપવાનો સમય આવી ગયો છે. રાજકોટનાં શાણા અને સમજુ મતદારોને માત્ર વિકાસની રાજનીતિ કરનારાઓ પર જ ભરોસો છે.

ખરા અર્થમાં પ્રજાવત્સલ કહેવાતા અને લોકોની સુખાકારી માટે પોતાના આરોગ્યની પણ ચિંતા જરીકે કર્યા વગર સતત કાર્યરત સાચા લોકસેવક વિજયભાઈ રૂપાણીનાં હોમટાઉન રાજકોટનાં તમામ વોર્ડમાં ભાજપને કલ્પનાતિત વિજયી બનાવી માત્ર રાજકોટની જ નહીં સમગ્ર સૌરાષ્ટ્ર-ગુજરાતની વિકાસયાત્રામાં સહભાગી બનવા માટેનો આ અમૂલ્ય અવસર છે ત્યારે ૨૧ ફેબ્રુઆરી રવિવારનાં મતદાન દિવસે રાજકોટનાં મતદાતાઓ સૌથી પહેલું કામ રાજકોટ ભાજપનાં ખરા નગરસેવકોને જંગી બહુમતી સાથે વિજયી બનવવાનું કરશે તેમ રાજુભાઈ ધ્રુવએ જણાવ્યું હતું.

## અવસાન નોંધ

રાજકોટના મિતેશભાઈ શૈલેષભાઈ ઉદેશી તે ગોવિંદદાસ ગોરધનદાસ ઉદેશીના પૌત્ર, તે શૈલેષભાઈના સુપુત્ર, પૂજાબેનના પતિ, બ્રિજેશભાઈના મોટાભાઈ તેમજ ધ્રુવના પિતાશ્રી, જગદિશભાઈ ગોરધનદાસ વેદના જમાઈ, નીલમબેન સતિષચંદ્ર તથા સોનલબેનના ભત્રીજા તા. ૧૭/૦૨ બુધવારના રોજ શ્રીજીચરણ પામેલ છે.

## સોમનાથ નજીક ટેમ્પો પલ્ટી ખાતા બેના મોત

દમણ,તા.૧૮

દમણના સોમનાથ નજીક મોડી રાતે ટેમ્પો ચાલકે ટર્ન મારવા જતા ટેમ્પો પલટી ગયો હતો. ટેમ્પો ચાલકે ટર્ન મારતા ટેમ્પો પલટી ગયો હતો. ટેમ્પા નીચે એક મહિલા અને એક પુરૂષ નીચે દબાયા ગયા હતા. ટેમ્પો નીચે દબાતા બન્નેના મોત નીપજ્યાં હતા. અકસ્માતની જાણ થતાં લોકો એકઠા થયા હતા અને બચાવ કામગીરી શરૂ કરી હતી. બનાવ અંગે પોલીસને જાણ થતાં પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને આગળની કાર્યવાહી હાથ ધરી હતી. બનાવની પ્રાપ્ત વિગતો અનુસારદમણના સોમનાથ નજીક રાત્રે ટર્ન મારવા જતા ટેમ્પો પલટી મારી ગયો હતો. રાહદારીઓ અને લોકોએ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી બચાવ કાર્ય શરૂ કર્યું હતું. સ્થાનિક લોકોએ તાત્કાલિક દમણ પોલીસને અને ૧૦૮ની ટીમને ઘટનાની જાણ કરી હતી. દમણ પોલીસને ઘટનાનની જાણ થતાં તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી. ક્રેન વડે ટેમ્પો ઊંચકી સીધો કરતા ટેમ્પ નીચે એક મહિલા અને એક પુરૂષની લાશ મળી આવી હતી. મહિલા અને પુરૂષની લાશનો કબ્જો લઈ બેભાન અને ઈજગ્રસ્ત ટેમ્પો ચાલકને સારવાર માટે નજીકની હોસ્પિટલ ખસેડ્યો હતો. પોલીસે ઘટનાનું તારણ સમજવા નજીકની દુકાનોના CCTV ફૂટેજ ચેક કરી આગળની તપાસ હાથ ધરી છે.

## મુંબઈમાં મોડી રાત્રે વીજળીના કડાકા સાથે વરસાદના ઝાપટા

**મુંબઈમાં પાંચથી વધુ કોરોના પેશન્ટ હશે તેવી ઈમારત સિલ થશે**

ચક્રવાત ટીમ મુંબઈ તા ૧૮

મુંબઈમાં એક બાજુ ફરી કોરોના પેશન્ટ વધી રહ્યા છે લોકડાઉન ની વાતો થઈ રહી છે જે ઈમારતમાં પાંચથી વધુ કોરોના પેશન્ટ હશે તેને સિલ કરાશે તેમ જ હોમ કોરોંટન થયેલા પેશન્ટ ના હાથ પર સ્ટેમ્પ મારવામાં આવશે જેથી તેઓ બહાર ન નીકળી શકે. આજે મહારાષ્ટ્રમાં પાંચ હજારથી વધુ પેશન્ટ નોંધાયા હતા જ્યારે મુંબઈમાં ૭૦૦થી વધુ કોરોના પેશન્ટ નોંધાયા હતા.

ત્યારે બીજી બાજુ વાતાવરણમાં અચાનક પલટો આવી ગયો હતો અને મોડી સાંજથી જ વીજળીના કડાકા ભડાકા સાથે વરસાદ તુટી પડયો હતો. જેને કારણે મોડી સાંજે કામથી પાછા ફરી રહેલા મુંબઈગરા ભીંજાઈ ગયા હતા. બીએમસી એ ભારે વરસાદની ચેતવણી જાહેર કરી હતી. બિએમસી દ્વારા માર્શલ ની સંખ્યા વધારવામાં આવશે જેથી માસ્ક વિના નીકળેલા નાગરિકોને દંડ ફટકારી શકાય. બીએમસી દ્વારા રોજના ૨૫ હજાર નાગરિકોને દંડ નો ટાર્ગેટ આપવામાં આવ્યો છે.

હવે પછી ફરીથી સામાજિક પ્રસંગોમાં ૨૦૦ની જગ્યાએ ફરીથી ૫૦ લોકોને જ પરવાનગી નો પણ વિચાર કરાઈ રહ્યો છે. મુખ્યપ્રધાન ઉદ્ધવ ઠાકરે તેમ જ મેયર દ્વારા લોકોને ચેતવણી આપવામાં આવી છે કે જો તેઓ સોશિયલ ડિસ્ટન્સ અને માસ્ક પહેરવાનું ટાળશે તો ફરીથી લોકડાઉન લાગુ થઈ શકે તેવી ચીમકી આપી છે.

## ગુજરાતના ૧૫ લાખ પેજ પ્રમુખોને પીએમ મોદીએ લખ્યો ચૂંટણી પત્ર

(જી.એન.એસ.)

ગાંધીનગર,તા.૧૮

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં છ મહાનગરપાલિકાઓ માટે જોરશોરથી પ્રચાર પસાર શરૂ કરવામાં આવ્યો છે. ભાજપ દ્વારા છ મહાનગરપાલિકાઓમાં વિજય મેળવવા માટે એડીચોટીનું જોર લગાવવામાં આવી રહ્યું છે. તેવામાં હવે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૧૫ લાખ પેજ સમિતિને સંબોધીને પત્ર લખ્યો છે. અને ચૂંટણી પહેલાં તે લોકોની કામગીરીને બિરદાવી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લખ્યું કે, પેજ પ્રમુખ એ આપણા પક્ષના પરંપરાગત લોકસંપર્ક અભિયાનનું જ નવતર સ્વરૂપ છે. ચૂંટણી એ જન ગણના મન સુધી પહોંચવાનું નિમિત્ત માત્ર છે. જેના દ્વારા ઘર ઘરના સભ્યોને, પરિવારોને ભારતીય જનતા પક્ષ સાથે જોડાવાનો અવસર પ્રાપ્ત થાય છે. પેજ કમિટી પ્રણાલી એ એકસૂત્ર માળા જેવી છે. જેમાં મુખ્યમંત્રી, કેન્દ્રીય મંત્રી, પ્રદેશ પ્રમુખ, વરિષ્ઠ કાર્યકરો, યુવાઓ, મહિલાઓ, ખેડૂતો, વેપારીઓથી માંડી છેવાડાના શ્રમિક સુધીના તમામ વર્ગના સભ્યો જનસંપર્કમાં સરખા ભાગીદાર બને છે અને પક્ષમાં એક બૃહદ પરિવારની ભાવના સુદ્રઢ થાય છે. લોકોની સમસ્યા અને પ્રશ્નોને સમજવા લોકો વચ્ચે જવું અને વિવિધ પ્રશ્નો તેમજ સમસ્યાઓના ઉકેલ માટે રજૂઆત કરવાની પ્રક્રિયા આ કડી મજબૂત બનાવે છે અને વિકાસગાથાના નવા નવા પ્રકરણો ઉમેરી શકાય છે. ૧૫ લાખ પેજ સમિતિ દ્વારા ૨.૨૫ કરોડ મતદારો સુધી પહોંચવાનું એક ભગીરથ કાર્ય એક એક ટીપાથી સમુદ્ર ભરવા જેવું ધીરજ માંગી લે એવું અભિયાન છે.

## સ્માર્ટ શાળા મટાણા પ્રાથમિક શાળાએ બાળકોનું પુષ્પથી સ્વાગત કર્યું



ચક્રવાત ટીમ ગીર સોમનાથ, તા.૧૮

સુત્રાપાડા તાલુકાની શ્રી મટાણા પ્રાથમિક શાળામાં આજે ૧૧ માસની કોરોના મહામારી બાદ પ્રત્યક્ષ શિક્ષણ ચાલુ થયું. રાજ્ય સરકારે ધોરણ ૬ થી ૮ નાં વર્ગો શરૂ કરવાની મંજુરી આપતા દરેક બાળક ને શાળા પરિવાર એ કુમ કુમ તિલક કરી અને ગુલાબ નું ફુલ આપી ને આવકાર્યા હતા.શાળ એ રાજ્ય સરકાર ની ગાઈડ લાઈન મુજબ રાબેતા મુજબ પ્રથમ દિવસે જ શાળા શરૂ કરી છે. ગીર સોમનાથ જિલ્લાની સ્માર્ટ શાળાઓ પૈકીની આ એક શાળા છે. આ શાળા માં આજુ બાજુ ગામ- રાખેજ, કડવાસણ,પેઢાવાડાના બાળકો પણ અભ્યાસ માટે આવે છે. શાળાનાં આચાર્ય રમેશભાઈ ખેર અને સ્ટાફએ મહામારી દરમિયાન પણ શેરી વર્ગો ચાલું રાખીને બાળકોને પ્રત્યક્ષ શિક્ષણ આપ્યું છે. ખરેખર રાજ્યની તમામ સરકારી શાળાઓ આવી બને તો ખાનગી શાળામાંથી બાળકો સરકારી સ્કૂલોમાં આવે.

## આઉટસોર્સિંગ રોજમદારોએ ભાજપનો કર્યો વિરોધ, અનુસુચિત મતદારો ભાજપને મતદાન નહી આપે

ચક્રવાત ટીમ રાજકોટ, તા.૧૮

ગુજરાતમાં ચાલતી આઉટસોર્સિંગ કંપનીઓના ૧૧ લાખથી વધુ સફાઈ કામદારો, રોજમદારો ભાજપની શોષણ અત્યાચાર સામે બદલો લેવા આઉટસોર્સિંગ મંડળના સુપરવાઈઝરો અને કામદારોએ ભાજપની વિરુદ્ધ મતદાન કરવાની હાકલ કરી હતી. નગરપાલિકાઓ, મહાનગપાલીકા, જીલ્લાની કચેરીઓ, ગાંધીનગરની કચેરીઓ, બોર્ડ, નીગમો સહિત સરકારી હોસ્પિટલોમાં ત્રીજા ચોથા વર્ગના રોજમદાર કર્મચારીઓ ૧૮ વર્ષ કરતાં વધારે સમયથી અડધા પગારે મજબુરીમાં ગુજરાન ચલાવવા નોકરી કરી રહ્યા છે જેમાં ૭ લાખથી વધુ સફાઈ કામદારો અને પટાવાળાઓ અનુસુચિત જાતીના અતિ પછાત રોજમદારોના યુનિયનોના નેતાઓએ ભાજપના શોષણનો બદલો લેવા ભાજપ વિરુદ્ધ મતદાન કરવાનો નિર્ણય જાહેર કર્યો હતો. આઉટસોર્સિંગ કંપનીઓના રોજમદારોના નેતાઓ અને સુપરવાઈઝરો દ્વારા ભાજપના શાસનમાં અડધા પગારના શોષણ ભોગ બનેલા ૧૧ લાખ પરીવારોએ ભાજપ વિરુદ્ધ મતદાનની અપીલ કરી હતી. જાણવા મળતી વિગતો મુજબ સરકારી હોસ્પિટલો, કોર્પોરેશનો, નગરપાલીકાઓ, સચિવાલય સહિત બધી સરકારી કચેરીઓમાં કાયમી પટાવાળા અને સફાઈ કામદારોની ભરતી કરવાને બદલે જાતીવાદી ભ્રષ્ટાચાર કરી અનુસુચિત સમાજના ૧૧ લાખ લોકોને કાયમી સરકારી નોકરીથી વંચિત રાખી મોટું નુકસાન કરનારા ભાજપ વિરૂદ્ધ આક્રોશથી મતદાન કરવાનો મનસુબો રાખ્યાનું ચર્ચાય છે. સાતમા પગાર પંચ મુજબ સફાઈ કર્મચારીઓ અને પટાવાળા તથા કોમ્પ્યુટર ઓપરેટરોની કાયમી નિયમિત જરૂરિયાત હોવા છતાં ભરતી કરી નથી ભરતી કરવામાં આવી હોત તો અનુસુચિત અને પછાત જાતીઓના ૧૧ લાખથી વધુ કર્મચારીઓને મહિને ૨૯૦૦૦ પગાર અને ભથ્થાઓનો લાભ મળી શકતો હોત. મિનિમમ વેતન મુજબ સરકાર કંપનીઓને ટેન્ડરોથી પૈસા આપે છે તેમાં અનેક શરતો છે અને પી.એફ. તથા વિમાના પ્રિમિયમ તરીકે ૧૫-૨૦ ટકા પગાર કાપી લેવામાં આવે છે છેલ્લા પંદર વરસથી ૧૧ લાખથી વધુ કર્મચારીઓનો અડધો પગાર કંપનીઓ ખાય જતી હતી. અનુસુચિત સમાજના કર્મચારીઓને ક્યારેય કાયમી કરવામાં આવતા નથી અને ૧૫ વર્ષથી ૨૫૦૦-૪૫૦૦-૬૦૦૦-૧૦૩૦૦ રૂપિયામાં શોષણ કરવામાં આવી રહ્યું છે ભાજપ સરકારે અનુસુચિત સમાજનું વ્યાપક શોષણ કરી સરકારી નોકરીઓથી વંચિત રાખેલા હોવાથી અનુસુચિત સમાજના કામદાર યુનિયનો, રોજમદાર યુનિયનો, કામદાર સંઘોની સાથે અનુસુચિત સમાજના અનેક અગ્રણીઓએ ભાજપ સરકારની જાતીવાદી શોષણ અત્યાચારના રાજકારણનો જાહેર બહિષ્કાર કરવાની અપીલ કરી છે.

## ઊનાના યાજપુર ગામ પાસે છકડો પલ્ટી ખાતા ૧નું મોત સાત વ્યક્તિઓને ઈજા

ચક્રવાત ટીમ, તા.૧૮

ઊના ભાવનગર હાઈવે પર આવેલ યાજપુર ગામ પાસે છકડો રીક્ષા પલ્ટી ખાતા રીક્ષામાં બેઠેલા સાત થી આઠ વ્યક્તિઓને ઈજા પહોચી હતી. જેમાં એક વ્યક્તિને ગંભીર ઈજા થતા રાજકોટ હોસ્પીટલે રીફર કરેલ ત્યાં સારવાર મળે તે પહેલા રસ્તા પરજ મોત નિપજ્યુ હતું..

આ અંગેની પ્રાપ્ત વિગત મુજબ રામભાઈ કાળુભાઈ ભાલીયા રહે. ગરાળ પોતાની છકડો રીક્ષા નં.જીજે ૩૨ યુ. ૦૨૭૦ માં પેસેન્જરો ભરી ઉના થી ગરાળ ગામે જતી હોય એ દરમ્યાન ઉનાથી ૫ કિ.મી દૂર હાઈવે પર આવેલ યાજપુર ગામ પાસે અચાનક રીક્ષા ચાલકે રીક્ષાનું સ્ટેરીંગનો કાબુ ગુમાવી દેતા છકડો રીક્ષા પલ્ટી ખાઈ ગયેલ હતી. અને રીક્ષામાં બેઠેલા ઉગાભાઈ રાઠોડ, ડાયબેન રહે. દેલવાડા તેમજ સાત થી આઠ વ્યક્તિઓને શરીરના ભાગમાં નાના મોટી ઈજા પહોચી હતી. જેમાં ઉગાભાઈને માથાના ભાગે ગંભીર ઈજા પહોચતા ઈમરજન્સી ૧૦૮ મારફતે ખાનગી હોસ્પીટલે ખસેડાયેલ જ્યારે વધુ સારવાર અર્થે રાજકોટ રીફર કરવામાં આવેલ પરંતુ હોસ્પીટલે સારવાર મળે તે પહેલાજ રસ્તા પર મોત નિપજ્યુ હતું. આ બનાવથી પરીવારજનોમાં શોકનું મોજુ ફળી વળ્યુ હતું. અન્ય વ્યક્તિઓને ઈજા થતા હોસ્પીટલમાં સારવાર અર્થે ખસેડાયેલ છે. આ અકસ્માતની ધટનાને પગલે મૃતકના પુત્ર જીતુભાઈ ઉગાભાઈ રાઠોડએ ઉના પોલીસમાં રીક્ષા ચાલક વિરૂધ્ધ ફરીયાદ નોધાવતા પોલીસે આગળની વધુ તપાસ હાથ ધરેલ છે.

## સિંહ યુગલ શિકારની શોધમાં વિહરતા જોવા મળ્યા



ચક્રવાત ટીમ ઉના, તા.૧૮

ઉનાના દરીયાઈ કાંઠા વિસ્તારોમાં સિંહ-દીપડાઓ અવાર નવાર શિકારની શોધમાં નિકળતા જોવા મળતા હોય તેમ દિવ રોડ પર નાલીયા માંડવી ગામે ફાર્મમાં થોડા દિવસ પહેલા દીપડાએ બતક ઉપર હુમલો કરી મારણ કરેલ હતું. ત્યા એજ વિસ્તાર નજીક દિવ રોડ પર નગીનાના ઢોળા પાસે સિંહ યુગલ શિકારની શોધમાં આંટાફેરા કરતા હોય રસ્તા પરથી પસાર થતાં વાહન ચાલકો આ બે સિંહ યુગલને જોતા વાહનના પૈડા થંભી ગયા હતા. અને બન્ને સિંહ યુગલ રસ્તો ઓળંગી બાવળના જંગલમાં ચાલ્યા ગયેલ હોય આ સમગ્ર ધટના કાર ચાલકે મોબાઈલમાં વિડીયો કેદ કરેલ જે સોશ્યલ મિડીયામાં વાયરલ થયેલ.

## ધક્કો લાગતા થયેલ ઝઘડાએ માથામા પથ્થર વડે યુવકની હત્યા

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૧૮

રવિવારે રાત્રે જમ્યા બાદ આંટો મારવા નીકળેલ ૨૨ વર્ષના યુવકનો ધક્કો લાગવા જેવા મામુલી કારણે થયેલ વિવાદમા તેના માથામા પથ્થર વડે માર મારી હત્યા કરવામા આવી હતી. વાલિવ પોલિસે હત્યાનો ગુનો નોંધી છ જણની અટક કરી છે. વસઈની ગારમેન્ટ કંપનીમા નોકરી કરતો મોનિરૂદીન ગાયન (૨૨) અને તૌફિક મીર તે બંન્ને જણ રવિવારે રાત્રે સાડા દશ વાગ્યાની આસપાસ જમ્યા બાદ આંટો મારવામા કંપની બહાર નીકળ્યા હતા,ત્યારે વાલિવ નાકા પાસે એક નાના બ્રીજ પાસે પહોચતા તૌફ્કનો ધક્કો બે જણને લાગ્યો હતો.તે બાબતે બોલાચાલી થતા તેને માર મારવામા આવ્યો હતો.ત્યારે ગાયન અને અન્ય વ્યક્તિ દ્વારા બચાવવાનો પ્રયત્ન કરવામા આવ્યો હતો.તે બંન્ને આરોપીએ અન્યોને ફોન કરી બોલાવી લાકડી દાંડા વડે માર માર્યો હતો.તેમજ તૌફિકના માથામા પથ્થર વડે માર મારી તેની હત્યા કરવામા આવી હતી.વાલિવ પોલિસે હત્યાનો ગુનો નોંધી છ આરોપીઓની અટક કરી હતી.અટક કરેલ આરોપીઓને કોર્ટમા રજૂ કરાતા પાંચ દિવસની પોલિસ કાસ્ટડી સોપી છે.

## વાંકાનેર : વરલી ફીચરનો જુગાર રમતાં એક ઝડપાયો

ચક્રવાત ટીમ વાંકાનેર, તા.૧૮

વાંકાનેર શહેર પોલીસ દ્વારા ચોક્કસ ખાનગી બાતમીના આધારે વાંકાનેર શહેર સ્ટેચ્યુ પાસે જી.ઈ.બી ઓફીસની પાછળની શેરીમા જાહેરમાં વરલી ફીચરનો જુગાર રમતાં એક આરોપીને ઝડપી લીધો હતો. પોલીસે આ આરોપી સામે જુગારધારાની કલમ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. બનાવની પ્રાપ્ત વિગતો મુજબ વાંકાનેર ગઈકાલના રોજ ચોક્કસ ખાનગી બાતમીના આધારે વાંકાનેર શહેર પોલીસ દ્વારા બાપુના બાવલા(સ્ટેચ્યુ) પાસે જી.ઈ.બી ઓફીસની પાછળની શેરીમા જાહેરમાંવરલી ફીચરનો જુગાર રમતા આરોપી અબ્દુલકરીમભાઈ અબ્દુલકાદરભાઈ કાદરી (ઉ.વ ૨૬, રહે કુંભારપરા શેરી નં ૦૫-વાંકાનેર) ને વર્લી ફીચરનુ સાહીત્ય તથા તથા રોકડ રૂ.૧૧૫ ના મુદ્દામાલ સાથે ઝડપી આરોપી સામે જુગારધારા હેઠળ ગુન્હો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## ઉનાના તડ ચેકપોસ્ટેથી કારમાં વિદેશી દારૂ સાથે બે શખ્સને ૧ લાખના મુદામાલ ઝડપી પાડ્યા

ચક્રવાત ટીમ ઉના, તા.૧૮

દિવથી કારમાં વિદેશી દારૂની હેરાફેરી થતી હોય તેમ ઉનાના તડ ચેકપોસ્ટે નવાબંદર મરીન પોલીસનું ચેકીંગ દરમ્યાન કાર રોકાવી તલાસી લેતા વિદેશી દારૂની બોટલો સાથે બે શખ્સને ઝડપી પાડી ધોરણસરની કાર્યવાહી હાથ ધરેલ છે. આ અંગેની પ્રાપ્ત વિગત મુજબ નિમેશ નારણ સોલંકી તેમજ પંકજ છગન ચામડીયા રહે. પોરબંદર વાળા દિવ થી કાર નં. જી.જે. ૧૨ ડીએ ૫૫૯૪માં બેઠી આવતા હોય તડ ચેકપોસ્ટે નવાબંદર મરીન પોલીસનું ચેકીંગ દરમ્યાન આ કાર રોકાવી તલાસી લેતા કારની અંદર ચોરખાના માંથી અલગ અલગ બ્રાન્ડની ૧૨ બોટલો કિ.રૂ. ૪,૮૦૦ તેમજ કાર સહીત કુલ કિ.રૂ. ૧ લાખ ૪,૮૦૦ હજારનો મુદામાલ સાથે બે શખ્સોને નવાબંદર મરીન પોલીસે ઝડપી પાડી ધોરણસરની કાર્યવાહી હાથ ધરેલ છે.

## વાંકાનેર : પૈસાની ઉઘરાણી મામલે દંપતિને માર માર્યો

ચક્રવાત ટીમ વાંકાનેર, તા.૧૮

વાંકાનેર ખાતે પૈસાની ઉઘરાણી મામલે દંપતીને એક શખ્સે માર માર્યો હોવાનો બનાવ સામે આવ્યો છે, જેમાં એક શખ્સ સામે દંપતિએ ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપી સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

બનાવની પ્રાપ્ત વિગતો મુજબ ફરિયાદી રહેમાનભાઈ રહીમભાઈ બ્લોચ (ઉ.વ.૨૫, રહે. ૨૫ વારીયા, રાજકોટ રોડ, વાંકાનેર) એ આરોપી પ્રકાશભાઈ વાળાભાઈ બેડવા (રહે. મેસરીયા તા. વાંકાનેર) સામે ફરિયાદ નોંધાવી હતી કે, ગઈકાલે તા.૧૬ ના રોજ ભલગામ રોડ, વાંકાનેર પાસે ફરીયાદી રીક્ષામાં બેસી જતા હતા ત્યારે આરોપીએ પોતાની ઈકો આડી રાખી ફરીયાદી પાસે એક હજાર માંગણી કરતા ફરીયાદીએ નહી આપતા આરોપીએ ફરીયાદીને જમણા હાથે ધોકો મારી તથા તેની પત્નિ અફસાના બહેન વચ્ચે પડતા તેને બાચકા ભરી ગાળો આપી હતી. જેથી આ બનાવમાં પોલીસે આરોપી સામે ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## દહાણુના બારડ ડુંગર પર પ્રેમીયુગલાએ ફાંસી લીધી

### પ્રેમ સંબંધના કારણે બંનેએ એક સાથે આત્મહત્યા કરી હતી

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૧૮

દહાણુ તાલુકાના પુંજાવે ગામે બારડ ડુંગરની ટોચ પર જંગલમાં દંપતીએ આત્મહત્યા કરી લીધી છે, એક યુવક અને એક યુવતીએ ઝાડથી લટકીને પોતાનું જીવન સમાપ્ત કર્યું છે. યુવકનું નામ યોગેશ નિમલા અને રંજના અગરી તે યુવતીનું નામ છે. પોલીસ ઘટના સ્થળે પહોંચી ગઈ છે અને આગળની તપાસ ચાલુ છે. સમજી શકાય છે કે છોકરો વંકસ વાઘઈપાડા અને છોકરી તલોટે ગામની રહેવાસી છે. પ્રાથમિક અટકળો એવી છે કે પ્રેમ સંબંધના કારણે બંનેએ એક સાથે આત્મહત્યા કરી હતી.

## વિરારમા જીમચાલક પર એસિડ વડે હુમલો હુમલાખોરો ફરાર

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૧૮

વિરારમા બુધવારે રાત્રે જીમચાલક પર બાઈક પર આવીને એસિડ વડે હુમલો કરવામા આવતા તેને ઘાયલ અવસ્થામા હોસ્પીટલમા દાખલ કરવામા આવ્યો છે.વિરાર પોલિસે ગુનો દાખલ કરી આરોપીઓની શોધ ચાલુ કરી છે.

સૂત્રો દ્વારા જાણવા મળે છે કે વિરારમા આવેલ સ્વીટ બોક્સ ફીટનેસના ચાલક રિતેશ કદમ પર બુધવારના રાતના સાડા આઠ વાગ્યાની આસપાસ બાઈક પર બે જણે આવીને એસિડ વડે હુમલો કર્યો હતો. હુમલામા ગંભીર ઘાયલ થયેલ રિતેશને કેઈએમ હોસ્પીટલમા દાખલ્ કરવામા આવ્યો છે. હુમલો કરનાર હરિશચંદ્ર ચૌધરી અને અન્ય એક જણ બાઈક પર આવીને જીમચાલક પર એસિડ ફેક્યુ હતુ. હરિશચંદ્રની પત્ની તે જીમમા ટ્રેઈનીંગ માટે આવતી હતી.આરોપીની પત્ની સાથે જીમ ચાલકના સબંધની શંકાએ આ હુમલો કર્યાની શક્યતા છે.હાલમા પોલિસ દ્વારા આરોપીની શોધ ચાલુ છે.

## રેવન્યુ વિસ્તારોમાં વન્યપ્રાણીઓને ખુલ્લા કુવાઓથી સુરક્ષિત રાખવા સનખડા ગ્રામ પંચાયતની માંગ

ચક્રવાત ટીમ ઉના, તા.૧૮

ઊનાના સનખડા ગ્રામ પંચાયત દ્વારા રેવન્યુ વિસ્તારોમાં આવેલા ખેતરોમાં ખુલ્લા કુવાઓ હોય જેથી વન્યપ્રાણીઓના અકસ્માતને ધ્યાને રાખી કુવાઓ સુરક્ષિત રાખવા વનવિભાગ દ્વારા કાર્યવાહી કરવા સનખડા ગ્રા.પંચાયતે જશાધાર રેન્જના વનઅધિકારીને લેખિત રજુઆત કરી માંગણી કરેલ હતી.

રેવન્યુ વિસ્તારોમાં ગીરના વન્યપ્રાણીઓ પોતાનું રહેઠાંણ બનાવી લેતા હોય તેમ અવાર નવાર વાડી તેમજ રહેણાંકીય વિસ્તારો સુધી પહોચી જતા હોય છે. જેના કારણે વન્યપ્રાણીઓ સિંહ-દીપડા તેમજ અન્ય પ્રાણીઓની સુરક્ષાને ધ્યાને રાખી ખેતરોમાં આવેલા ખુલ્લા કુવાઓના કારણે વન્યપ્રાણી અકસ્માતનો ભોગ બને છે. જેથી કુવામાં ખાબક્તા ઈજાઓ થતી હોય તેમજ મોતની ધટના પણ બનતી હોય છે. આવી ધટનાઓથી વનપ્રેમી લોકોમાં પણ રોષ જોવા મળી રહ્યો હોય સરકાર દ્વારા વનવિભાગના સ્ટાફ તાત્કાલીક આવા રેવન્યુ વિસ્તારોમાં સર્વે કરી કુવાઓને પારાપેટ વગરના કેટલા છે તેવી વિગતો મેળવી વન્યપ્રાણીઓને બચાવવાની માંગણી સાથે સનખડા ગ્રામ પંચાયત દ્વારા વનવિભાગ અધિકારીની કચેરી જશાધાર રેન્જ ખાતે લેખિત રજુઆત આવેલ હતી.

## My Money Solution કંપનીના ફ્રોડના ગુન્હા બાબતે SITની રચના કરવા માંગ

ચક્રવાત ટીમ ભાવનગર, તા.૧૮

ભાવનગર ખાતે આવેલ My Money Solution કંપની દ્વારા ભાવનગર, રાજકોટ, નડીયાદ, જેતપુર, અમદાવાદ શહેર ખાતે ધંધાદારી વહીવટ શરૂ કરી ઓફીસો શરૂ કરવામાં આવેલ હતી. જેમાં નાના અને મધ્યમ વર્ગના રોકાણકારોના દ્વારા રૂપિયા ૭૬,૫૫,૫૬,૦૦૦/- ની રકમનું રોકાણ કરેલ હતું. આ કંપનીના ભાગીદાર ઈન્દ્રજીતસિંહનું અવસાન થતા આ કંપનીના અન્ય ભાગીદારો દ્વારા રોકાણકારોના નાણાં પરત આપવા નિષ્ફળ ગયેલ તેમજ મરણજનાર ઈન્દ્રજીતસિંહના પિતાજી દ્વારા રોકાણાકારોને નાણાં પરત નહિ આપવા તથા જાનથી મારી નાંખવાની ધમકી આપેલ જે અંગે નિલમબાગ પો.સ્ટે. ખાતે ગુન્હો રજીસ્ટર કરવામાં આવેલ છે તેમજ પોલીસ મહાનિરીક્ષક શ્રી અશોક કુમાર IPS, ભાવનગર વિભાગ, ભાવનગરનાઓએ આ બનાવની ગંભીરતાને ધ્યાને લઈ ગુન્હાની તપાસ નિષ્પક્ષ, ઉંડાણપૂર્વક અને વૈજ્ઞાનિક ઢબે થાય તે માટે શ્રી. એ.એમ.સૈયદ, ઈન્ચાર્જ ના.પો.અધિ., ભાવનગર વિભાગ, ભાવનગર તથા શ્રી વી.વી.ઓડેદરા, LCB પો.ઈન્સ., ભાવનગરનાઓની પોલીસ અધિક્ષકશ્રી ભાવનગરની અધ્યક્ષતામાં Special Investigation Team ની રચના કરવામાં આવેલ છે. સદરહું ગુન્હાની તપાસ હાલ એન.જી.જાડેજા, ઈન્ચાર્જ થાણા અધિકારી, નિલમબાગ પો. સ્ટે.નાઓ પાસેથી વી.વી.ઓડેદરા, ન્ઝ્મ પો.ઈન્સ., ભાવનગર જીલ્લાનાઓને તપાસ સોંપવા હુકમ કરવામાં આવેલ છે. ભાવનગર રેન્જના ભાવનગર, અમરેલી તથા બોટાદ જિલ્લાના નાના અને મધ્યમ વર્ગના રોકાણકારોના દ્વારા આ માય મની સોલ્યુશન કંપની(MMS)માં જીવન મુડીનું રોકાણ કરવામાં આવેલ હોય તો વિના સંકોચે, નિર્ભયતાથી તથા વિના વિલંબે પોતાની નજીકના પોલીસ કંટ્રોલ રૂમ (ભાવનગર-૦૨૭૮૨૫૨૦૩૫૦, અમરેલી ૦૨૭૯૨૨૨૩૪૯૮ તથા બોટાદ-૦૨૮૪૯૨૩૧૪૦૧) પર તથા તપાસ કરનાર અધિકારી વી.વી.ઓડેદરા, LCB પો.ઈન્સ. મો.નં.-૯૮૨૫૦૯૬૩૩૯/ ૮૧૬૦૨૯૬૭૦૦ પર સત્વરે જાણ કરવા તથા જરૂરી દસ્તાવેજો આપવા તમામ ભોગ બનનાર રોકાણકારોને પોલીસ મહાનિરીક્ષક ભાવનગર વિભાગ, ભાવનગરનાઓ દ્વારા અપીલ કરવામાં આવે છે.

## વેરાવળમાં ભેટાળી ગામે ૧૦૫૨ મચ્છરદાનીઓનું વિતરણ



ચક્રવાત ટીમ ગીર સોમનાથ, તા.૧૮

ગીર સોમનાથ જીલ્લા આરોગ્ય શાખા દ્વારા વેરાવળ તાલુકાના પંડવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ના ભેટાળી ગામે ૧૦૫૨ મચ્છરદાની આપવામાં આવેલ..જે અંતર્ગત પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પંડવા ના સ્ટાફ દ્વારા ભેટાળી ગામમા તમામ લોકોને મચ્છરદાની વિતરણ કરવામાં આવેલ.

## જામવાડીમાં તીનપત્તીની મોજ માણતા સાત શખ્સ ઝડપાયા

ચક્રવાત ટીમ જામજોધપુર, તા.૧૮

જામજોધપુર તાલુકાના જામવાડી ગામના નવા મકાનની પાછળ આવેલા ખાંચામાં જાહેરમાં તીનપત્તીનો જુગાર રમતા સાત શખ્સોને રોકડ સાથે પોલીસે પકડી લીધા હતા. જામજોધપુરના જામવાડી ગામમાં નવા મકાનની પાછળ કેટલાક શખ્સો જાહેરમાં તીનપતીની મોજ માણી રહ્યા છે તેવી બાતમીના આધારે સ્થાનિક પોલીસ દ્વારા દરોડો પાડવામાં આવ્યો હતો. ગંજી પત્તા વડે જુગાર રમી રહેલા સુરેશ બાબુ કાલરીયા, રાજેન્દ્ર પરસોતમ કાલરીયા, મહેશ સુભાષ કાલરીયા, જયંતીલાલ વીરજી ડેડાણીયા, હિતેશકુમાર લીલા સગારકા, જમનાદાસ નારણ સગારકા અને પ્રફુલ કારા સીતાપરા નામના શખ્સો ને ૧૦૭૦૦ ની રોકડ અને ગંજી પત્તા સાથે પકડી લીધા હતા આરોપીઓ ભેગા બેસી સોશ્યલ અંતર નહીં જાળવી નિયમનો પણ ભંગ કર્યો હતો.

## ઊના પંથકની ૧૧૧ સરકારી શાળાઓમાં ૪૬૧૯ વિદ્યાર્થીઓ અભ્યાસ અર્થે પહોંચ્યા

ચક્રવાત ટીમ ઊના, તા.૧૮

ઊના પંથકમાં કોરોનાનું સંક્રમણ ધટતા તબક્કા વાર શાળાનું શિક્ષણ શરૂ કરવામાં આવેલ હતું. આજે ૧૧ માસના સમય બાદ પ્રાથમિક શાળામાં વર્ગ ધો.૬ થી ૮ માટે સરકાર દ્વારા પરવાનગી મળતા આજે ઉના પંથકની ૧૧૧ પ્રાથમિક શાળામાં ૬ થી ૮ માં અભ્યાસ કરતા ૧૦,૭૧૮ છાત્રો માંથી ૪૬૧૯ છાત્રો અભ્યાસસ અર્થે શાળાએ પહોચ્યા હતા. જ્યા બાળકોને માસ્ક, સેનિટાઈઝર, ઓક્સીમીટર થર્મલ ગન દ્વારા ચેકીંગ કરીને પ્રવેશ આપવામાં આવ્યો હતો. જ્યારે આ તમામ પ્રક્રિયા રોજ કરવામાં આવશે. અને આ પ્રક્રિયા બાળકને આરોગ્ય અંગે થોડી પણ શંકા જાય તો તેમના વાલીને જાણ કરવામાં આવશે. કોરોના મહામારીનું સંક્રમણ ન ફેલાય તેને ધ્યાને રાખી



માર્ચ ૨૦૨૦ માં સરકાર દ્વારા તમામ શાળાઓ બંધ કરી દેવાયેલ હતી. અને કોરોના સંક્રમણ ધીમે ધીમે ઓછુ થતા અને કોરોનાની વેક્સી આવ્યા બાદ સરકાર દ્વારા પ્રથમ ધો. ૧૦, ૧૨ ના વિદ્યાર્થીઓના અભ્યાસ માટે શાળા શરૂ કરવામાં આવી ત્યાર બાદ ધો. ૯, ૧૧ તેમજ આજે ગુરૂવારના રોજ ધો. ૬ થી ૮ ના વિદ્યાર્થીઓના અભ્યાસને શરૂ કરવામાં આવ્યો હતો. જેમાં ઉના તાલુકાની ૧૧૧ સરકારી શાળામાં ધો. ૬ થી ૮ ના કુલ ૧૦,૭૧૮ વિદ્યાર્થીઓ હોય જેમાં આજે પ્રથમ દિવસે ૪૬૧૯ વિદ્યાર્થીઓ અભ્યાસ અર્થે શાળાએ પહોચ્યા હતા. આમ તાલુકાની સરકારી શાળાઓમાં ૪૩ ટકા વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. અને શાળાના શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને સોશ્યલ ડિસ્ટન્સ સાથે હાથમાં સેનિટાઈઝ કરી અને ગુલાબ આપી શાળામાં પ્રવેશ આપવામાં આવ્યો હતો. જોકે અગીયાર માસ બાદ શાળા ખુલતા વિદ્યાર્થીઓમાં ખુશી જોવા મળી.

## કાલાવડના રાજડા ગામની મહિલાએ દિકરીની ચીંતામાં ગળાફાંસો ખાધો

ચક્રવાત ટીમ જામનગર, તા.૧૮

કાલાવડના રાજડા ગામમાં એક મહિલાએ ગળાફાંસો ખાઈને જીવાદોરી ટુંકાવી લીધી છે. દીકરી અવાર-નવાર રાજકોટ ચાલી જતી હોય અને તેના પિતાજી ગુજરી ગયેલ હોય જે બાબતનું મનમાં લાગી આવતા આ પગલુ ભર્યાનું પોલીસ ચોપડે નોંધાયું છે. કાલાવડ તાલુકાના રાજડા ગામમાં રહેતા કંચનબેન મહેન્દ્રભાઈ કટારીયા ઉંમર વર્ષ ૪૦ નામની મહિલાની દીકરી અવાર-નવાર રાજકોટ રહેતા વિશાલ દેવજીભાઈ સાથે જતી રહેતી હોય અને તેમના પિતાજી ગુજરી ગયેલ હોય જે બાબતનું મનમાં લાગી આવતા પોતે પોતાની મેળે ગઈ કાલે ઘરે સાડી વડે ગળાફાસો ખાઈ લેતાં સારવાર દરમિયાન તેણીનું મૃત્યુ નીપજયું હતું. આ બનાવની જાણ રાજડા ગામમાં રહેતા શ્રમિક મહેન્દ્રભાઈ કટારીયા દ્વારા કાલાવડ ગ્રામ્ય પોલીસમાં કરવામાં આવતા પોલીસ દ્વારા આગળની કાર્યવાહી હાથ ધરી હતી. મહિલાના મોતથી પરિવારજનોમાં શોકની લાગણી ફેલાઈ જવા પામી છે.

## પોરબંદર નજીક પાલખડા ગામથી નેશનલ હાઈવે પરનો ઢાળ બન્યો અકસ્માત ઝોન

### ઢાળ રીપેર કરવા અને હાઇવે પર બસ સ્ટોપ આપવા ગ્રામજનોની માંગ



ચક્રવાત ટીમ પોરબંદર, તા.૧૮

પોરબંદરના પાલખડા ગામની બહારથી નેશનલ હાઈવે પસાર થાય છે અને જેને લીધે પાલખડા ગામના લોકોને પાલખડાથી બહાર ગામ જવુ હોય તો ગામની બહાર નીકળ્યા બાદ પોતાના વાહનને નેશનલ હાઈવે પર ડાઈવર્ટ કરવું પડે છે, પરંતુ ગામના કેડી રસ્તા કરતા નેશનલ હાઈવે ઊંચો બન્યો હોવાને લીધે, ગામના કેડી રસ્તાથી નેશનલ હાઈવેનું જોડાણ તીખાઢાળ રૂપી બન્યુ છે. જેના લીધે વાહન ચાલકો અને ખાસ કરીને મોટરસાઈકલ ચાલકોને આ તીખાઢાળ પર મોટરસાઈકલ ચડાવવું ભારે મુશ્કેલ બન્યુ છે. જેને લીધે અનેક વખતે મોટર સાઈકલ સ્લીપ થઈ જતા અકસ્માતો સર્જાઈ રહ્યા છે અને લોકોને ઈજાઓનો ભોગ બનવુ પડે છે. આવા અકસ્માતોના નિરાકરણ માટે આ તીખાઢાળને સમતલ કરી થોડે સુધી ડામર પાથરી દેવામાં આવે તેવી ગામના લોકોએ માંગણી કરી છે. ઉપરાંતમાં હાઈવે પાસે જ્યાં બસ ઉભે છે ત્યા બસ સ્ટોપ પણ બનાવવામાં આવેલ નથી, જેના કારણે ગામના ગ્રામવાસીઓને બસ પકડવી હોય ત્યારે લાંબો સમય હાઈવેના ખૂણા પર ઉભું રહેવુ પડે છે, જેથી ગ્રામવાસીઓએ અહીં મુસાફરો બેસીને બસની રાહ જોઈ શકે તેવા બસ સ્ટોપની માંગણી કરી છે.

તંત્રીસ્થાનેથી......

# મોદી સરકારના રાજમાં મોંઘવારીનો માર : પેટ્રોલ ત્રણ અંકોમાં...

મોદી સરકાર ૨૦૧૪ ની ચુંટણી પહેલા મોંઘવારીને મુદ્દો બનાવી કોંગ્રેસ સરકાર સામે મોરચો માંડી અને સત્તામાં આવી હતી. દેશની જનતાને આશા હતી કે ભાજપ સરકાર મોંઘવારીને કાબુમાં લેશે. આવા વિશ્વાસ સાથે જ દેવના ૮૦ કરોડ કરતાં વધુ મતદારોએ મોદી સરકારને દેશનું સુકાની સોંપ્યું હતું પરંતુ આજે સાત વર્ષ કરતા વધુ સમયના શાસન બાદ પણ મોદી સરકારના રાજમાં દિનપ્રતિદિન મોંઘવારી વધતી જ જાય છે. દેશમાં હાલ ડીઝલ અને પેટ્રોલના ભાવ નવા રેકોર્ડ સ્તરે પહોંચી રહ્યા છે. મંગળવારે રાજધાની દિલ્હીમાં ડીઝલની કિંમત ૭૯.૭૦ રૂપિયા અને પેટ્રોલની કિંમત ૮૯.૨૯ રૂપિયા પ્રતિ લિટર પર પહોંચી ગઈ છે. જોકે, ભોપાલમાં ઉચ્ચ ગુણવત્તાવાળા પેટ્રોલની કિંમત ૧૦૦ રૂપિયાને પાર કરી ગઈ છે. ભોપાલમાં એક્સપી પેટ્રોલ ૧૦૦.૧૮ રૂપિયા પ્રતિ લિટર વેચાઈ રહ્યું છે. સરકારનું કહેવું છે કે, ઑક્ટોબર ૨૦૨૦થી આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડની કિંમત લગભગ ૫૦ ટકા વધી બેરલ દીઠ ૬૩.૩ ડોલર પર પહોંચી ગઈ છે. જેના કારણે ઓઈલ રિટેલિંગ કંપનીઓને પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો કરવો પડશે. ભારતમાં પેટ્રોલ-ડીઝલની છૂટક કિંમત વૈશ્વિક બજારમાં ક્રૂડ તેલના ભાવ સાથે જોડાયેલી છે. એટલે કે જો વૈશ્વિક બજારમાં ક્રૂડ તેલની કિંમત ઓછી હશે, તો ભારતમાં પેટ્રોલ-ડીઝલ સસ્તુ થશે. જો ક્રૂડ ઓઈલની કિંમતમાં વધારો થાય, તો પેટ્રોલ-ડીઝલ માટે વધુ ખર્ચ કરવો પડશે. પરંતુ દર વખતે આવું થતું નથી.


યાકુબ બાદી
તંત્રી

જ્યારે વૈશ્વિક બજારમાં ક્રૂડ ઓઈલની કિંમતોમાં વધારો થાય છે, ત્યારે તેનો ભાર ગ્રાહકો પર પડે છે. પરંતુ જ્યારે ક્રૂડ ઓઈલની કિંમત ઓછી હોય છે ત્યારે સરકાર તેની આવક વધારવા માટે ગ્રાહકો પર ટેક્સ લાદી દે છે. આ રીતે, વૈશ્વિક બજારમાં ક્રૂડ તેલના ભાવમાં ઘટાડો થવાને કારણે લોકોને કોઈ વિશેષ રાહત મળતી નથી. ગયા વર્ષે જ્યારે કોરોના મહામારી શરૂ થઇ હતી, ત્યારે ક્રૂડ તેલના ભાવમાં મોટો ઘટાડો જોવા મળ્યો હતો. ઓઈલ કંપનીઓએ સતત ૮૨ દિવસ સુધી રિટેલ ઈંધણના ભાવમાં કોઈ ફેરફાર કર્યો નથી. આ રીતે ૨૦૨૦ના પહેલા ૬ મહિનામાં ગ્રાહકોને સસ્તા ક્રૂડ તેલનો લાભ મળ્યો ન હતો, જ્યારે બીજા ૬ મહિનામાં સરકારે ટેક્સનું ભારણ વધાર્યું. એપ્રિલ ૨૦૨૦ દરમિયાન વિશ્વવ્યાપી ઈંધણની માંગમાં ઘટાડો થયા પછી ક્રૂડ તેલના ભાવમાં ઐતિહાસિક ઘટાડો થયો હતો. આ દરમિયાન વિશ્વના લગભગ નજીવા દેશોમાં આર્થિક પ્રવૃત્તિઓ ચાલી રહી હતી. મુસાફરીથી લઈને કારખાનાઓ બંધ હતા, પરંતુ ત્યારબાદ વૈશ્વિક સ્તરે તેલની માંગમાં વધારો થયો છે. જૂનથી ઑક્ટોબરની વચ્ચે ૪૦ ડોલર પ્રતિ બેરલ પાર ટ્રેડ કરનાર બ્રેન્ટ ક્રૂડ નવેમ્બર બાદ મોંઘુ થવા લાગ્યું. હવે કોરોના વાયરસની રસી આવ્યા બાદ તેની કિંમત બેરલ દીઠ ૬૦ ડોલરને પાર કરી ગઈ છે. છેલ્લા એક વર્ષમાં કેન્દ્ર સરકારે પેટ્રોલ પર એક્સાઈઝ ડ્યૂટી વધારીને ૩૨.૯૮ રૂપિયા કરી દીધી છે. ૨૦૨૦ની શરૂઆતમાં તે ૧૯.૯૮ રૂપિયા હતી. આ જ રીતે ડીઝલ પર એક્સાઈઝ ડ્યુટી વધીને ૩૧.૮૩ રૂપિયા થઈ છે. જાન્યુઆરી ૨૦૨૦માં તે લગભગ રૂ. ૧૫.૮૩ હતી. રોગચાળા દરમિયાન આર્થિક પ્રવૃત્તિઓ લગભગ બંધ થઈ ગયા પછી સરકારે આવક વધારવા માટે આ કર વધાર્યો હતો.

# ૨૧મી સદીના વિકસીત ચિતારને પ્રસ્તુત કરતી અદ્‌ભૂત ફ્યૂચર ફિક્શન નવલકથા.....




## પ્રકરણ ૬૯

મારે ત્રણ દિવસ હોસ્પિટલમાં રોકાવું પડ્યું હતું. ઈજાઓ સામાન્ય હતી. પણ છેલ્લા થોડા સમયમાં થયેલી માનસિક ઈજાઓએ ઘણા ઉંડા ઘા આપ્યા હતાં. ખાસ કરીને ગીતાનું ભાગી જવું. એને કલકત્તા પહોંચીને નવા નંબરમાંથી મને કોલ કર્યો હતો.. અમારે ઘણી વાતો થયેલી. એ અને દિનકર હાલ સાથે રહેતાં હતા. દિનકરે જીદ જેવું વચન માગ્યું હતું. લગ્ન બંને પરિવારોની હાજરીમાં થશે. એના મતે પ્રેમ અગત્યનો હતો. લગ્ન તો ગમે ત્યારે થઈ શકે. ગીતાને આ અશક્ય લાગતું હતું. દિનકરની આગળ નમતું જોખી એમણે હાલ પૂરતું કોર્ટ મેરેજ કરવાનું પણ માંડી વાળ્યું હતું.

આ બનાવને લીધે હાલ તો મારે દિવાળી સુધી ઘરે જવાય એમ નહોતું. ગીતાએ કહ્યું એમુજબ ફોનમાં વાત થઈ ત્યારે કહેલું. "મમ્મી, ૧૨ સાયન્સ બહુ અગત્યનું વર્ષ કહેવાય. મને વેકેશન મળે એમ નથી. ટાસ્ક પણ બહુ અઘરા હોય શનિ - રવિ પણ નીકળી નહીં શકાય. હું ધીમે ધીમે ખોટું બોલતાં શીખી રહ્યો હતો. ભલે સારા કામ માટે બોલાય પણ ખોટું એ ખોટું જ કહેવાય. એવું હું માનતો. સાથે એપણ સમજતો થઈ ગયો કે જીવન પરિસ્થિતિ મુજબ ચાલે છે સિદ્ધાંતો મુજબ નહીં.

પપ્પાએ આપેલા સમાચાર મુજબ મેં વાવેલો ચંદનનો છોડ હજુ હેમખેમ હતો.

વેકેશન ખુલવાની આગલી સાંજે રાહુલે મને તેના ઘરે બોલાવ્યો હતો. તે મને એક સરપ્રાઈઝ આપવા માંગતો હતો. રાહુલનો ઉત્સાહ જોતાં લાગ્યું કે આ સરપ્રાઈઝ એના પપ્પા રિલેટેડ હશે. એને મોકલેલી ડ્રાયવર સાથેની કારમાં હું ગોઠવાયો. એની તો હેપ્પી અને ઈશીતાને બોલાવવાની બહુ ઈચ્છા હતી. પરન્તુ રાહુલના પપ્પાના ફરમાન મુજબ મીરાને રાહુલના ઘરમાં 'નો એન્ટ્રી' હતી. હેપ્પીને તો ચિત્રના નામથી જ ચીડ ચડતી.

દરેક વખતે દોરાયેલા ચિત્ર, કલર કે તેના શેડમાં કંઈ ટપ્પો ના પડતો હોવા છતાં હું તેની વાતો ધ્યાનથી અને રસથી સાંભળતો. આવડે એવા સવાલો પૂછતો. રાહુલને માટે એને સમજી શકનારા બહુ ઓછા વ્યક્તિઓમાંથી હું એક હતો. એ ચિત્રની દુનિયામાં ખોવાયેલો હોય ત્યારે ઈશ્વરનું શુદ્ધ અને પરફેક્ટ સર્જન મારી સામે જીવતું થતું હોય એવું હું અનુભવતો. હું મનોમન કલાકારની જે તસવીરની કલ્પના કરતો એમાં હું રાહુલને હીરો માનતો.

ગાડી 'ડોક્ટર હાઉસ' માં પ્રવેશી. રાહુલ જાણે મારી રાહ જોતો હોય એમ બંગલાનો બહાર જ ઉભો હતો. હું જેવો ગાડીમાંથી બહાર નીકળ્યો તે મને વિખૂટા પડેલાં દોસ્તની જેમ ભેટી પડ્યો. અને બોલ્યો. "થેન્ક્સ ડિયર, મારી લાઈફની સહુથી સ્પેશ્યલ ઈવેન્ટમાં આવવા માટે."

મને કંઈ સમજાતું નહોતું. આ દસ દિવસની રજામાં એવું તે શું ખાસ બની ગયું. મને નવાઈ લાગતી હતી. "રાહુલ એવું બધું શું ખાસ છે ?" કેવી રીતે સવાલ પૂછવો એ ના સમજાતાં એમ જ પૂછી લીધું. કારણ કે તે ઘણીવાર કહેતો. 'રિચ ફેમિલીમાં સવાલ પૂછવાના પણ રુલ્સ કે મેનર્સ હોય છે.' ત્યારે મને હસવું કે રડવું એ સમજાયું નહોતું. ત્યારથી હું એવું માનવા લાગ્યો કે 'સેલિબ્રિટીઝ એ પૈસાના પાંજરામાં કેદ થયેલું આબરૂ વગરનું પ્રાણી છે.'

મારા રૂમમાં જઈએ એટલે તને સમજાઈ જશે. અમે તેના ઘર જેવા મહેલમાં પ્રવેશ્યા. હોલ કોઈ ખાસ સેલિબ્રેશન માટે શણગાર સજી રહ્યો હતો. ઘરના મેમ્બર્સ અને બીજા માણસો એ કામમાં લાગેલા હતાં. રાહુલના મમ્મી અને બીજા મેમ્બર્સ સાથે હાય હેલ્લો કરી અમે તેના રૂમમાં પ્રવેશ્યા. રાહુલ મને હાથ પકડીને તેના બેડ પર બેસાડ્યો. ઝડપથી કબાટના ડ્રોઅરમાંથી એક કવરમાં રહેલો કાગળ મને આપ્યો.

મેં ખોલીને જોયું. પેરિસથી કોઈ લુઈસ નામના વ્યક્તિનો ઈન્વીટેશન લેટર હતો. મેં પ્રયત્ન કર્યો. પણ છૂટક છૂટક અંગ્રેજી શબ્દોથી વિશેષ કંઈ સમજી ના શક્યો. મેં રાહુલ સામે પ્રશ્નાર્થ ચહેરે જોયું. "આ લુઈસ નામના ભાઈએ તને ઈન્વાઈટ કર્યો હોય એવું લાગે છે ?

રાહુલના ચહેરા પર હાસ્ય ઉપસી આવ્યું. "એક રીતે તું સાચો છે. ઈન્વીટેશન જ છે બટ થોડા ડિફરન્ટ ટાઈપનું."

"એટલે ? મને કંઈ સમજાયું નહીં" મેં કહ્યું.

"મિન્સ, હું જે જોનરમાં ચિત્રો દોરું છું. એવા ચિત્રો બહુ ઓછા આર્ટિસ્ટ દોરે છે. આ લુઈસ સાહેબ આ જોનરના માસ્ટર છે. તેઓ દર વર્ષે ૨ મહિનાના એક સ્પેશ્યલ વર્કશોપ ઓર્ગેનાઈઝ કરે છે. તેમાં મારા જેવા ટેલેન્ટેડ આર્ટિસ્ટને જરૂરી ટ્રેનિંગ આપે છે." રાહુલ પોતાની ખુશી નહોતો છુપાવી શકતો.

"પણ મને એ સમજાવ. તું ખોબા જેવડાં રાજકોટમાં અને એ ભાઈ લંડન જેવા મોટા શહેરમાં. એમને તારા વિશે કેવી રીતે ખબર પડી ?" મને એ હજુ સમજાતું નહોતું.

" જે લોકો માઈનોરિટીમાં હોય એમની યુનિટી બહુ હોય. અને આ આર્ટનું ફિલ્ડ છે. કોઈ ટેલેન્ટ લાંબો સમય છુપાઈને થોડી રહે....! મારા એક્ઝિબિશનના ચિત્રોને લીધે મને આ ઓપોર્ચ્યુનિટી મળી એમ કહી શકાય." રાહુલ મને સમજાવી રહ્યો હતો.

"આ તો બહુ સારું કહેવાય. તું આ વર્કશોપમાં ભાગ લેવા માટે જઈશ ને ?" મને પણ નહોતું સમજાતું હું કેવા સવાલો પૂછી રહ્યો હતો.

"કાના, તને હજુ આ લેટરની વેલ્યુ નથી ખબર. મારા જેવડી ઉંમરમાં બહુ નસીબદાર હોય એમને આ વર્કશોપમાં ભાગ લેવાનો ચાન્સ મળે. આ વર્કશોપ મારી લાઈફનો સહુથી મોટો ટર્નિંગ પોઈન્ટ હશે. અફકોર્સ હું જવાનો." એ લેટરને લીધે એ કેટલો ખુશ હતો એ હું જોઈ શકતો હતો.

" તો નીચે સેલિબ્રેશનની તૈયારી થઈ રહી છે. એ આ લેટરની ખુશીમાં જ છે ને.....! રાહુલ તારા પપ્પા પરમિશન આપશે ?" મને એના પપ્પાનો થયેલો અનુભવ જોતાં પુરી શંકા હતી.

"આઈ ડોન્ટ નો. પણ આવડી મોટી ઓપોર્ચ્યુનિટી સામે ચાલીને મળતી હોય તો મને નથી લાગતું તેમની પાસે ના પાડવાનું કોઈ કારણ હોય. ડોન્ટ વરી. ડેડની પરમિશન લેવાની રિસ્પોનસીબીલીટી મારી મોમે લીધી છે. આ પાર્ટી મારા લેટરની ખુશીમાં નથી." રાહુલને આ વખતે ડેડ માની જશે એવું લાગતું હતું.

"ઓહો..તો હજુ આનાથી પણ વધારે સારી કોઈ ખબર છે તારી પાસે ...!." હું કન્ફ્યુઝ હતો.

રાહુલે હસીને કહ્યું. "આ લેટરથી મોટી ખબર બીજી કોઈ ના હોઈ શકે. આજે મારા મોમ એન્ડ ડેડના મેરેજને ૨૫ ઈયર કમ્પ્લિટ થયાં છે. મારા ડેડને આ યાદ નહીં હોય એની ગેરેન્ટી આપું છું. બસ એની સરપ્રાઈઝ પાર્ટી છે. આ પાર્ટીમાં મારી મોમ ડેડને યોગ્ય સમયે લેટર વિશે જણાવશે. તારે પણ આ પાર્ટી પુરી થાય ત્યાં સુધી અહીં રોકાવાનું છે."

"રાહુલ.... આ પાર્ટી ને હું....એની કોઈ જરૂર નથી. યાર મને આવડી મોટી પાર્ટી નહીં ફાવે" મને શરમ આવતી હતી.

"વોટ...? નહીં ફાવે મિન્સ....તું મારો બેસ્ટ ફ્રેન્ડ છે. તું જેવો છે એવો મને પસંદ છે. તારે રિચ ક્લાસની કહેવાતી મગજ વગરની ફોર્માલિટી વિશે વિચારવાની જરૂર નથી. નાવ, મારે નીચે થોડું કામ છે. તારે સાથે આવવું હોય તો આવી શકે છે. અને અહીં રહેવું તો પણ નો પ્રોબ્લેમ...." તે મને પૂછતાં બોલ્યો.

"તું તારે જા...કામ પતાવ. હું અહીં જ છું. પાર્ટી સ્ટાર્ટ થાય ત્યારે બોલાવજે." કહી મેં એના બેડ પર લંબાવ્યું.

શરીરમાં થોડો થાક વર્તાતો હતો. હું સુઈ ગયો. રાતે નવ વાગ્યે રાહુલ ઉપર આવ્યો. મને ઉઠાડયો. હું તૈયાર થઈ પાર્ટીમાં સામેલ થયો. પગથિયાં ઉતરતાં લાગ્યું કે અહીં રાજકોટના મહાનુભાવોનો મેળો જામ્યો હતો.

હું પણ હાજર રહેલાં ડોકટર જગતમાં ભળી ગયો. રાજકોટની નામાંકિત હસ્તીઓ રાહુલના મમ્મી અને પપ્પાના વખાણ કરતાં થાકતાં નહોતાં. એટલામાં હોલની બધી લાઈટો ડીમ થઈ ગઈ. સ્પોટ લાઈટનું ફોકસ ઘરના મેઈન દરવાજા તરફ સ્થિર થયું. મેઈન દરવાજો બંધ થયો.

રાહુલના પપ્પાએ બારણે ટકોરા માર્યા. "બહાદુર, આજે ઘરનો દરવાજો બંધ કેમ ? હજુ બોલવાનું પૂરું કરે ત્યાં રાહુલની મમ્મીએ તેમનો હાથ પકડી અંદર ખેંચ્યા. એ સાથે હોલની લાઈટો શરૂ થઈ. બધા એકી આવજે જોરથી બોલી ઉઠ્યા. "હેપ્પી ૨૫ંર મેરેજ એનિવર્સરી મી. એન્ડ મિસિસ પંડિત" સાથે તાળીઓથી આખો હોલ ગુંજી ઉઠ્યો.

રાહુલના પપ્પાને આવડાં મોટા સરપ્રાઈઝની આશા નહોતી. તે ખૂબ ખુશ થયા. તે બંનેએ સામેના ટેબલ પર રહેલી કેક કાપી. સાથે સંગીતના સૂરો રેલાયા. રાહુલના ફેમિલીએ આ ઈવેન્ટ માટે એક ખાસ ડાન્સ તૈયાર કરેલો એ પરફોર્મ કર્યો. હાજર રહેલા તમામ મહેમાનોએ રાહુલના પેરેન્ટ્સને અભિનંદન આપ્યા.

સેલિબ્રેશન પૂરું થયા પછી જમવાનું શરૂ થયું. હું એકલો એકલો આ પાર્ટીમાં ભાગ લઈ રહ્યો હતો. કારણ કે રાહુલ માટે અત્યારે તેના ફેમિલી સાથે રહેવું વધુ અગત્યનું હતું. મેં જમવાનું પૂરું કર્યું. ત્યારબાદ ,થોડો હસી મજાક અને મેમરી શેરિંગના કિસ્સાઓનો દોર ચાલ્યો. પાર્ટી હવે તેના અંત તરફ હતી.

રાહુલના મમ્મીએ તેના પપ્પાને એક કાગળ હાથમાં આપી કાનમાં કંઈક કહ્યું. તેના પપ્પાના ચહેરાના હાવભાવ ઝડપથી બદલાઈ રહ્યા હતાં. તેમને માઈક હાથમાં લેતાં કહ્યું.

"એક્સકયુઝ મી, લેડીઝ એન્ડ જેન્ટલમેન ....એક લાસ્ટ સરપ્રાઈઝ સાથે આજની પાર્ટી પુરી કરીએ. મારા સન રાહુલને પેરિસના એક પેઈન્ટર તરફથી તેના વર્કશોપમાં ભાગ લેવા માટેનું ઈન્વીટેશન આવ્યું છે. આમ તો ખુશીની વાત કહી શકાય. પણ અફસોસ કે એને 'ડોકટર હાઉસ' વિશે ખ્યાલ નહીં હોય. આ હાઉસ તેના જેવા કેટલાંય મામૂલી પેઈન્ટરોને ઉભેઉભા ખરીદી શકે છે. સો, રાહુલ તારે આવા બે કોડીના વર્કશોપ માટે ક્યાંય જવાની જરૂર નથી. તું એકવાર ડોક્ટર બની 'ડોકટર હાઉસ' ની પરંપરા સાચવી લે પછી આ લુઈસ જેવા સો ચિત્રકારોને તારા માટે હાયર કરી આપીશ આ મારું પ્રોમિસ છે." આટલું બોલી હાથમાં રહેલો કાગળ ફાડી નાખ્યો.

હાજર રહેલાં મહેમાનોએ રાહુલના પપ્પાની વાતને તાળીઓથી વધાવી. પણ રાહુલ પપ્પાની ના સાંભળી પાર્ટી છોડીને જતો રહ્યો હતો. **(ક્રમશઃ)**

## આજનું પંચાંગ

**વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઇસ્લામીક સંવત-૨૦૨૦, તા. ૧૯-૦૨-૨૦૨૧, શુક્રવાર, મહા સુદ-૭, સૂર્યોદય-૭-૨૧, સૂર્યાસ્ત-૬-૪૧, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : કુંભ (ગ.સ.શ.), નક્ષત્રઃ શતતારા**

**- શુભ ચોઘડીયા -**

અભિજીત ૧૩-૩૯ થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી

**- શુભ હોરા-**

૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી

સૂર્ય–કુંભ
ચંદ્ર–કર્ક
મંગળ–ધન
બુધ–કુંભ
ગુરૂ–ધન
શુક્ર–મેષ
શનિ–મકર
રાહુ–મિથુન
કેતુ–ધન
હર્ષલ–મેષ
નેપ્ચ્યુન–કુંભ
પ્લુટો–મકર

## રાશીફળ

» મેષ(અ.લ.ઈ.) :- હઠીલા સ્વાભાવને લઈને કોઈ લાભ ન ગુમાવો તેનું ધ્યાન રાખજો કર્મચારી વર્ગને સહકાર દેવાથી લાભ.

» વૃષભ(બ.વ.ઉ.) :- ભાઈ ભાડુઓ સાથે વાદ-વિવાદથી દૂર રહેજો રોજીંદા કાર્યને વળગી રેહજો જીવનમાં ઉત્સાહ વધવાનો.

» મિથુન(ક.છ.ઘ.) :- પરિવારના સભ્યોની જરૃરીયાતો વધવાની મિત્રોનું માર્ગદર્શન ઉપયોગી રહેવાનું - રહેણાકના પ્રશ્નોમાં સફળતા.

» કર્ક(ડ.હ.) :- વિદેશ વસતા સગા સંબંધીનો સહકાર રહેવાનો લખાણ દસ્તાવેજોના કાર્યોમાં સફળતા વાળો દિવસ રહે.

» સિંહ(મ.ટ.) :- મોજશોખનું પ્રમાણ વધવાનું પરિવારના વડીલો સાથે સુમેળ વધે કાનૂની પ્રશ્નોમાં સમાધાન થાય સ્વાસ્થ્ય જાળવવું.

» કન્યા(પ.ઠ.ણ.) :- પ્રિયપાત્ર સાથે ગેરસમજો ન થાય તેનું ધ્યાન રાખજો નોકરીમાં સફળતા મલવાની ધાર્મિક સંસ્થામાં હોદ્દો મલે.

» તુલા(ર.ત.) :- ન ધારેલી સફળતા મલવાની આત્મવિશ્વાસ વધવાનો લગ્નજીવનમાં ગેરસમજો દૂર થવાની આવકની સાથે ખર્ચ પણ રહે. પ્રવાસ થાય.

» વૃશ્ચિક(ન.ય.) :- કર્જ કરવાથી દૂર રહેજો પરિવારના સભ્યોને સહકાર દેવો. વિભાજન જેવા પ્રશ્નો ઉભા ન થાય તેનું ધ્યાન રાખવું વિદેશ જવાની તક મલવાની.

» ધન(ભ.ધ.ફ.ઢ.) :- કારણવગરના વિચારોથી ટેન્સન રહે. અંધશ્રધ્ધાથી દૂર રહેજો સાથીદારો સાથે સહકારની ભાવનું કેળવજો નાણાકીય બાબતોમાં સાવચેતી રાખવી.

» મકર(ખ.જ.) :- આ સમય તમારે જાળવી લેવાનો છે જવાબદારીઓ લેવામાં જાળવવું પ્રતિષ્ઠા જળવાઈ રહે.

» કુંભ(ગ.શ.સ.) :- પ્રતિમા આપતા અવરોધો દૂર થવાના છે. નવી યોજનામાં લાભ મલવાનો તબીયત બાબત જાળવવું જીવન સાથીના સ્વાસ્થય બાબત ટેન્શન રહે.

» મીન(દ.ચ.ઝ.) :- નોકરીમાં મનગમતી જગ્યા મલવાની પ્રતિષ્ઠા વધારો થવાનો રાજકીય રીતે લાભ મલવાના વિદેશ વસતા સગા સ્નેહીજનોની મુલાકાત થવાની.

# વસંતના વાયરામાં વેલેન્ટાઈન દર્શન

પ્રિયતમને પામવા સજના હે મુજે સજના કે લિયેને સંસ્કૃત સાહિત્યમાં "નેપથ્યયોગ" કહ્યો છે. નાટ્યકલામાં નેપથ્ય શબ્દ પ્રચલિત છે. સજના માટે હેરસ્ટાઈલ સજવી જરૂરી છે.



વર્ષાઋતુમાં સ્ત્રીઓ વાળને ખૂલ્લા રાખી આકર્ષિત બનતી. કાલિદાસ મુજબ દુષ્યંતે શકુંતલાને ખુલ્લા વાળ સાથે જોઈ અને પ્રેમમાં પડ્યા, તો દશરથ પત્નીના ખુલ્લા વાળ જોઈ બાણ ચલાવવાનું ભૂલી ગયા હતાં, યે સિર્ફ અપને સાથ નહીં હોતા....

વાળ બાંધવાના પણ વર્ણનો છે. ખભા સુધી, પીઠ સુધી કે લૂઝ ચોટલો, કાલિદાસ તો આ સ્ટાઈલ પર દીવાના હતાં. તેમના સાહિત્યમાં હેર સ્ટાઈલ ખાસ ભાગ ભજવતી.

ખજૂરાહોમાં અનેક સ્થાપત્ય પર વાળ બાંધવાની વિવિધતા જોવા મળે છે. શરદ મિન્સ વેલેન્ટાઈનમાં વાળને માલતીના ફૂલોથી સજાવતી હતી, ફેશન તો ભારતીય સંસ્કૃતિની રગ રગમાં છે....



ચલો વેલેન્ટાઈન પર ફેશનનો તડકો કરીએ....

પ્રેમ અને પ્રેમની તૃપ્તતા જો માનવજાત ઈચ્છે તો પૂર્ણત્વ તરફ દોરી શકે છે. પૂછો ઓશોજીને...

માણસ દુનિયા ફરવા જાય પણ એકસમયે તો ઘર યાદ આવે. ઘરમાં પણ શું? ઘરનું ભોજન અને ઘરમાં શાંતિ માટે પોતાના માટે બનેલી પથારી, એટલે જાણે પોતાના બનાવેલા વિશ્વનો અંત....

ભારતીય સાહિત્યએ જેટલી પ્રેમની વાતો કરી છે એટલી જ મનભરીને બેડરૂમ ટૉક લખી છે. બેડરૂમમાં શું હોવું જોઈએ એની તો વિસ્તૃત ચર્ચા લખી છે. પથારીની પાસે પુષ્પો, હળવો અગ્નિ (દીવો), સુવાસ ફેલાવતું દ્રવ્ય અને હા, પ્રેમીજનોઓ માટે ખાસ....પાનની પેટી.

મહેમાનો માટે મંદિર જેવા રુમ હોવા જોઈએ તો યુવા પ્રેમી દંપતિ માટે સિઝન મુજબ પુષ્પોનો ઉપયોગ સાથે અનેરું એકાંત... માથું દુખતું હોય તો એકાંત મળે એવો બેડરૂમ અને પ્રેમની, સોરી વાસનાની આગ હોય તો ઠંડક હોય તેવો રૂમ...


દેવલ શાસ્ત્રી
સંકલન

વસંતિયાના વાયરા હોય કે વેલેન્ટાઈનની મજાની વાત કરતાં કરતાં આપણે તો સીધી શયનની જ વાત કરવા લાગ્યા....આપણા રચનાકારોએ આડીઅવળી વાતો વિના કામને મોક્ષ સાથે બેસાડ્યો છે. મનુષ્ય જીવનની આ મહત્વની જરૂરિયાત પર સીધી અને સાચી વાત લખી છે, સેક્સ એજ્યુકેશન આપવું કે નહીં ની એકવીસમી સદીની ચર્ચા કર્યા વિના સીધું જ સમજાવી દીધું કે પ્રસન્ન જીવન માટે બેડ અને બેડરૂમ કેવો હોવો જોઈએ, તેમાં કઇ વસ્તુ જરુરી છે....

જેમ ભોજનથી શ્વસનની પ્રક્રિયા જીવન માટે અગત્યની છે, એ જ રીતે જીવનમાં શયન પણ અગત્યનું છે. શયન માટે સાદી જરૂરિયાત નથી પણ ખાસ વીઆઈપી જરૂરિયાત હોય છે.... નહીં તો જિંદગીની પથારી ફરી જાયને આપણે જોતાં રહી જઈએ......



આપણા ઓરિજિનલ મેથ્સ ટિચર વરાહમિહીરે તો કહ્યું છે કે, રાજ્યમાં નગર, નગરમાં ઘર અને ઘરમાં આનંદદાયક પથારીથી ઉત્તમ કોઈ સુખ નથી. આપણા સાહિત્ય મુજબ તો માણસની ઉંમર, આર્થિક પરિસ્થિતિ, જરૂરિયાત મુજબ પથારી, બેડ હોવો જોઈએ. કાલીદાસના કુમાર સંભવમા સફેદ ચાદરવાળા બેડની કલ્પના લખવામાં આવી છે. ઋતુસંહારમા તો દરેક સિઝન મુજબ બેડ હોવો જોઈએ. ગરમીમાં ચંદનની સુવાસ હોય, તો ઘરની અગાસીમાં ચંદ્ર શીતલતા ફેલાવતો હોય. પુષ્પ શૈયા તો કોમન હતી. પુષ્પ સૈયા પણ સિઝનલ પુષ્પો મુજબ હોય. આ પુષ્પોની કિંમત વધતાં આધુનિક યુગમાં સુહાગરાત અને મૃત્યુશૈયા જ ફૂલશૈયા બની.

એ યુગમાં ફૂલ કે પુષ્પપર્ણોનો બેડ બનાવી આનંદ માણવો એટલે અંતરના આનંદને કુદરત સાથે જોડવો.....

પથારી પણ માનવીની ખાસ મિત્ર છે. સુખ દુઃખ, મિલન, તડપ, અય્યાસી, ભોગ, સન્યસ્તમૂડ.... બધા માટે અલગ અલગ શયન વ્યવસ્થા લખવામાં આવી છે. સેક્સ માટે ફૂલશય્યા, સેક્સમાં પાગલ માટે કમલશય્યા, વૈભવી શયન માટે મહાર્હશયન, બાળક જેવા નાજુક માટે નવપલ્લવ શયન, ઉપવાસી માટે કુશશયન, સાધુ માટે મુસલ શયન....તો મૃતદેહ માટે ચંદનૈધસચિતા શય્યા.....



આ બધી શય્યામાં પ્રિયતમોની સય્યા, બેડ સૌથી મધુર.. જેમાં નૃત્ય, ગીત, રસભોજન, સંગીત વાદ્ય તથા જે પ્રેમમા મદદરૂપ થાય એ બધી કળાઓ ભેગી થઈ ને જે રચના કરે તે સર્વોત્તમ....પુરુષ અને સ્ત્રીની અપૂર્ણતાથી પૂર્ણત્વ તરફ, દ્વૈતથી અદ્વૈત તરફ કે એકત્વથી બહુત્વ માટે જે શય્યા અને શયનની સજાવટ કરવામાં આવી છે તે માનવજાતની અદ્ભુત કલા છે.

# શું જીંદગી આવી હોઈ શકે?? વિઘ્નો વિનાની, વિટંબણાઓ વિનાની, કોઈ ડર વિનાની...

**(ગતાંકથી શરૂ)**

સફળ ગણાતા લોકોની નિષ્ફળતાઓનો અંદાજ આપણને નથી. એમણે ભોગવેલી ઘોર યાતનાઓ, ચિંતાઓ, વિટંબણાઓની વિગતવાર વાતો આપણા સુધી પહોંચી જ નથી હોતી. સ્ટ્રગલની જે કંઈ થોડીઘણી વાતો પહોંચતી હોય છે એ બધી રોમેન્ટિસાઈઝ્ડ્ હોય છે, સોફ્ટ ફોકસ લેન્સથી એની તસવીરો લેવાઈ હોય છેઃ મ્યુનિસિપાલિટીના દીવા નીચે ફૂટપાથ પર બેસીને અભ્યાસ કર્યો, બે જ જોડી કપડાં – એક પહેર્યાં હોય બીજાં ધોઈને સૂકાતાં હોય, ઉઘાડા પગે ધોમધખતા તડકામાં શાળાએ જવું પડતું, મુંબઈ આવીને રેલવે પ્લેટફોર્મ પર સૂઈને રાતો ગુજારી વગેરે. આ બધી વાતો જરૂર સાચી હશે પણ આ સિવાયની ઘોર સંઘર્ષની કેટકેટલીય વાતો એમણે આપણા સુધી નહીં પહોંચાડી હોય અથવા એમનાથી નહીં પહોંચી શકી હોય. સંઘર્ષના એ કાળમાં કેટલાકે એમના પગ તળેથી જાજમ ખસેડી દીધી હશે, કેટલાકે દગોફટકો કર્યો હશે, કેટલાકની સાથે એમણે પોતે દગો કર્યો હશે. સફળ પુરુષોની નિષ્ફળતાઓની ગાથા ધરાવતું કોઈ પુસ્તક બહાર પડે તો જ આ બધી વાતોની ખબર પડે. પણ કોઈ કરતાં કોઈ સક્સેસફૂલ વ્યક્તિ સફળ થયા પછી તદ્દન નિખાલસ બનીને પોતાના ખરાબ વખતની પોતાની માનસિકતા વિશે વાત કરતી જ નથી, કરી શકે પણ નહીં કારણ કે પૂરી સચ્ચાઈથી એવું કરવા જાય તો એમની ઈમેજમાં ગાબડાં પડે, એમની સફળતામાં છુપાઈ ગયેલા એમના વ્યક્તિત્વના ડાઘ ઉઘાડા પડી જાય


અજય પરમાર
લેખક

ડાઘ તો દરેક વ્યક્તિના સ્વભાવમાં, વિચારોમાં, વર્તનમાં, વ્યવહારમાં રહેવાના, રહેવાના ને રહેવાના જ. સફળ બન્યા પછી એને છુપાવી શકાય છે, સંઘર્ષ દરમ્યાન એને ઢાંકવાના પ્રયાસો નિષ્ફળ જતા હોય છે.

ખરાબ સમયમાં આપણને જે કંઈ માઠા અનુભવો થતા હોય છે એના કરતાં પણ અનેકગણા કપરા સંજોગોમાંથી સફળ માણસો પસાર થયા હોય છે એવું દ્રઢતાપૂર્વક માની લેવું.

આ સફળ લોકોએ પોતાનો કપરો કાળ કેવી રીતે વીતાવ્યો હશે? ફરિયાદો કરીને, બીજાઓને બ્લેમ કરીને, કચકચ કરીને, કામ અધવચ્ચે છોડી દઈને, વ્યસનોનો આશરો લઈને કે પછી નસીબનો વાંક કાઢીને? ના. આમાંનું કશુંય એમણે કર્યું નહીં હોય.

હવે અહીં બીજી વાત આવે છે.

સંઘર્ષકાળ દરમ્યાન જૉયફુલ રહેવું, હસતાં રહેવું, આનંદ-કિલ્લોલ કરતાં રહેવું. ટેન્શનની વાતો ઘરમાં કે આજુબાજુની વ્યક્તિઓમાં શૅર કરી-કરીને વાતાવરણ ભારેખમ ન બનાવી દેવું. તમારા કાલ્પનિક ભયને મગજ પર સવાર ન થવા દેવા. પ્રસન્ન રહેવું. એકાગ્રતાપૂર્વક કામ કરીએ ત્યારે આપોઆપ ચિત્ત પ્રસન્ન થઈ જતું હોય છે. ધ્યાનની અવસ્થા આ જ તો છે. હિમાલય જઈને ગુફામાં બેસીને સાધના કરવી એ જ માત્ર ધ્યાન નથી. એ તો ધ્યાન છે જ. તમે તમારા ભાગે આવેલું દરેક કામ ઓતપ્રોત થઈને, આજુબાજુની દરેક ચિંતાઓ ભૂલીને, તમારા ગજા-તમારી મતિ મુજબ શ્રેષ્ઠતમ તરીકાથી કર્યા કરો એ પણ ધ્યાન જ છે.

સંઘર્ષકાળ આવવાનો જ છે અને એ કામ દરમ્યાન પ્રસન્ન રહેવાનું છે. સદ્ગુરુની આ વાત જો બરાબર સમજાઈ જાય તો ન તમારે આવું બધું વાંચવાની જરૂર પડે, ન અમારે આવું બધું લખવાની. ભય જન્મે છે કારણ કે તમે વાસ્તવિક જિંદગી જીવવાને બદલે કલ્પનાઓ કરી-કરીને જીવતા થઈ ગયા છો...

# વિદેશથી આવેલ કોરેન્ટાઈન થયેલ ચાર મુસાફરો હોટલમાથીમાંથી થયા પલાયન

### મેયરે હોટલની મુલાકાત લેતા ઘટનાની જાણ થઈ

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૧૮

સાંતાક્રુઝની એક હોટલમાં કોરેન્ટાઈન થયેલ ચાર મુસાફરો ફરાર થઈ ગયા છે. આ ઘટના ત્યારે પ્રકાશમાં આવી જ્યારે મેયર કિશોરી પેડનેકરે બુધવારે હોટલનું નિરીક્ષણ કર્યું હતું. મેયરે નિર્દેશ આપ્યો હતો કે ચાર મુસાફરોને શોધી કાઢીને ફરીથી જુદા રાખવામા આવે અને હોટલના માલિક અને સંબંધિત મુસાફરો સામે કેસ નોંધવામાં આવે.

મેયર કિશોરી પેડનેકર અને ડેપ્યુટી મેયર સુહાસ વાડકરે બુધવારે સાન્તાક્રુઝ (પૂર્વ) માં હોટલ સાઈ ઈનની આશ્ચર્યજનક મુલાકાત કરી હતી, જે અખાત અને અન્ય દેશોના આંતરરાષ્ટ્રીય મુસાફરોને અલગ રાખવા માટે ઉપલબ્ધ કરાઈ છે. આ સમયે હોટલમાંથી ચાર મુસાફરો નાસી છૂટ્યા હોવાનું જોવા મળ્યું હતું. મામલો ખૂબ ગંભીર હોવાથી મેયરે મ્યુનિસિપલ અધિકારીઓ અને પોલીસને સંબંધિત મુસાફરો અને હોટલ માલિકો સામે ગુનો દાખલ કરવા સૂચના આપી છે. તે જ સમયે, કોઈ પણ સંજોગોમાં, આ ચાર મુસાફરોને શોધવાનું અને તેમને અલગ રાખવું જરૂરી છે. તેથી, તેમની તાત્કાલિક શોધ થવી જોઈએ, મેયરે પણ આ સમયે સૂચના આપી હતી. વિદેશમાં, કરોનાની હાલત ભયાનક છે. જો મુસાફરો વિદેશથી ઘરે પાછા ફર્યા પછી આવી રીતે વર્તન કરે અને હોટલ માલિક તેમની મદદ કરે તો તે ચિંતાજનક છે. મેયરે જણાવ્યું હતું કે પાલિકાના કમિશનરને ઘટના વિશે જાણ કરશે અને સંબંધિત તમામ હોટેલિયરોને કડક ચેતવણી આપશે. પાલિકાના કર્મચારીઓએ સંબંધિત મુસાફરોને હોટલમાં છોડ્યા પછી, આખી જવાબદારી હોટલના માલિકની છે. આ બનાવ અંગે હોટલ માલિકે સંબંધિત પોલીસ સ્ટેશન અને પાલિકાને જાણ કરવાની હતી, પરંતુ તેઓએ કોઈને જાણ કરી ન હતી. મેયરે ચેતવણી આપી હતી કે ભવિષ્યમાં કોઈએ આવું કરવાની હિંમત ન કરવી જોઈએ, નહીં તો સામેલ લોકો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

# વિશ્વનું પ્રથમ વાયરસ એટેન્યુએશન ડિવાઈસ 'શ્યોકન' ભારતમાં વિકસિત

### કોરોનાવાયરસ અને ઈન્ફ્લ્યુએન્ઝા વાયરસને નિષ્ક્રિય કરવા માટેનું સાધન

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૧૮

પ્રખ્યાત ભારતીય વૈજ્ઞાનિક અને શોધક ડો.રાજા વિજય કુમાર દ્વારા વિકસિત તેની જાતનું એકમાત્ર વાયરસ એટેન્યુએશન ડિવાઈસ, બંધ જગ્યાઓ શાળાઓ, કોલેજો અને ઘરો અને હોસ્પિટલોમાં કોરોનાવાયરસના પ્રસારને રોકવામાં મદદ કરી રહ્યું છે. હોટલ, ઓફિસો, રેસ્ટોરન્ટ્સ, ઓડિટોરિયમ, પરિવહન, છૂટક અને એરપોર્ટ જેવા વ્યવસાયો પાટા પર પાછા આવી રહ્યા છે અને સલામત વાતાવરણમાં તેમના ઘરેલું અને બાહ્ય ગ્રાહકોને સેવા આપી રહી છે.

શ્યોકન કોર્પોરેશન દ્વારા ઉત્પાદિત આ નળાકાર ઉપકરણને શ્યોકોકન (સ્કેલિન હાયપરચાર્જ્ડ કોરોના કેનન) કહેવામાં આવે છે. તે માત્ર ન્યુમોનિયા સએઆરડીએસસ સાર્સ સમર્સસ કોવિડ -૧૯ અને અન્ય કોરોનાવાયરસ-પ્રેરિત રોગોના રોગ પેદા કરનાર કોરોનોવાયરસ પરિવાર જ નથી, પરંતુ વાર્ષિક મોસમી ફ્લૂ અને ઈન્ફ્લ્યુએન્ઝા પરિવારમાં સ્વાઈન ફ્લૂ અને બર્ડ ફ્લૂ જેવા રોગચાળા ફેલાય છે. સ્થાનોને સુરક્ષિત કરવામાં અસરકારક હોવાનું જાણવા મળ્યું છે. નોંધપાત્ર રીતે, શાયકોકન આ વાયરસના વર્તમાન અને ભવિષ્યના તમામ પ્રકારો અને મ્યુટન્ટ્સ પર કામ કરે છે, લોકોના સ્વાસ્થ્યને



સુરક્ષિત કરે છે અને લાખો કલાકની ખોવાયેલી ઉત્પાદકતાને અટકાવે છે. શાયકોકેર ટેક્નોલોજીઓ (ભારત) એ શાયકોન કોર્પોરેશનનો એક ભાગ છે, જે શૈકોકન ડિવાઈસીસ (સ્કેલિન હાયપરચાર્જ્ડ કોરોના કેનન) ના વૈશ્વિક લાઈસન્સર, વેચાણ, માર્કેટિંગ, વિતરણ અને સેવાઓ માટે છે. શાયકોકન કોર્પોરેશનના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર, આલોક શર્માએ જણાવ્યું હતું કે, વિશ્વવ્યાપી માન્ય પ્રયોગશાળાઓ દ્વારા પ્રાપ્ત વિવિધ વાયરસના અહેવાલો મુજબ, શેરોકોન ઈનોર સ્થળોએ કોરોનોવાયરસ અને ઈન્ફલ્યુએન્ઝા વાયરસ પરિવારોને બેઅસર કરવામાં ૯૯.૯૯૪% અસરકારક હોવાનું જાણવા મળ્યું છે. તેની મનુષ્ય પર કોઈ વિપરિત અસર નથી. આ ઉપકરણ કોઈપણ અન્ય બેકટેરિયા અથવા ફૂગને અસર કરતું નથી, આમ તે પર્યાવરણમાં સૂક્ષ્મજીવાણુનું સંતુલન જાળવે છે. શાયકોકન ડિવાઈસ ભારત, અમેરિકા અને યુરોપ, એશિયા પેસિફિક, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, મધ્ય પૂર્વ અને આફ્રિકાના ઘણા દેશોમાં પહેલાથી ઉપયોગમાં છે. અમે ઘણા અન્ય દેશોમાં આ નવીન મેડ-ઈન-ઈન્ડિયા ડિવાઈસ પણ આપી રહ્યા છીએ. ભારત અને વિદેશમાં સંસ્થાકીય ખરીદદારો દ્વારા તેની ભારે માંગ છે.

# મુંબઈ એરપોર્ટ પર ૯ કરોડના હેરોઈન ડ્રગ્સ સાથે આફ્રિકન મહિલાની ધરપકડ



ચક્રવાત ટીમ, મુંબઈ તા.૧૮

ગુપ્ત માહિતીના આધારે, એનસીબી મુંબઈ ઝોનલ એકમની ટીમે ગુરુવારની વહેલી સવારે મુંબઈના સીએસઆઈ એરપોર્ટ પર, દક્ષિણ આફ્રિકાની મહિલા પાસેથી ૧૦,૦૦૦ દક્ષિણ રેન્ડ સાથે મળીને કુલ ૨.૯૬૦ કિલો હિરોઇન જપ્ત કર્યો હતો.

કતાર એરવેઝની ફ્લાઈટ દ્વારા જોહાનિસબર્ગ - દોહા - મુંબઈથી મુસાફરી કરનારી ખાનીસિલે પ્રોમિસે ખાલીશવેયો નામની એક મહિલા મુસાફરને સીસીઆઈ એરપોર્ટ મુંબઈના આગમન વિસ્તારમાં એનસીબી મુંબઈએ અટકાવી હતી..તે ગ્રે કલરની ટ્રોલી બેગ લઈને બહાર નીકળતી હતી. તેની બેગની તલાશી લેતાં એક પોલાણ મળી આવ્યુ. તે પોલાણમાં હેરોઈનના બે પેકેટ છુપાયેલા મળી આવ્યા હતા અને એક પેકેટ બેગમાં જ છૂપાયેલું મળી આવ્યું હતું. હેરોઈન ધરાવતા ૯ કરોડની કિમતના ૩ પેકેટોનું કુલ વજન ૨,૯૬૦ કિગ્રા છે.

# સાયબર સેલની સતર્કતા : સોશિયલ મીડિયા પર આત્મહત્યા કરવાની પોસ્ટ્સ જોઈને પોલીસે બે જણના જીવ બચાવ્યા

ચક્રવાત ટીમ, મુંબઈ તા.૧૮

મહારાષ્ટ્રની રાજધાની મુંબઈમાં થોડા કલાકોમાં જ એક વ્યક્તિએ ફેસબુક પર આપઘાતનો વીડિયો અપલોડ કર્યો, જ્યારે એક સગીર વિદ્યાર્થીએ ટ્વિટ કરીને આપઘાત કરવાનો હોવાની જાણકારી. મૂકતા પગલું ભ્રે તે પહેલા જ પોલીસના સાયબર સેલે સોશિયલ મીડિયાની મદદથી બંનેને બચાવી લીધા છે.. તેમાંથી એક અમરાવતી જિલ્લાનો બારમા ધોરણનો વિદ્યાર્થી છે, જ્યારે બીજો એક વિદ્યાર્થી પશ્ચિમ પરાના બોરીવલીનો છે. સોશિયલ મીડિયા દ્વારા પોલીસ અને નાગરિકોને જાણ થતાં પહેલાં પણ આવી પરિસ્થિતિઓમાં અનેક લોકોનો જીવ બચી ગયા છે. જો કે સમયસર પહોંચી ન શકવાના કારણે ઘણી ઘટનાઓ જીવ બચાવી શકી નહીં. આ પછી, આવા કિસ્સાઓમાં સાયબર સેલ ખૂબ સચેત છે.

મુંબઈ સાયબર સેલના ડીસીપી ડો. રશ્મિ કરંદીકરે જણાવ્યું હતું કે ૧૬ ફેબ્રુઆરીના રોજ રાત્રે ૧૧ વાગ્યે કોઈ અજાણ્યા શખ્સે મુંબઈ પોલીસને ફોન કર્યો હતો અને કહ્યું હતું કે ફેસબુક પર એક વ્યક્તિ આત્મહત્યા કરવાની વાત કરી રહ્યો છે. પોલીસે આ અજાણી કોલ બાબતને ગંભીરતાથી લીધી હતી. સાયબર સેલના પોલીસકર્મીઓ ઢેરે અને પડાલકરે ટેકનીકી પુરાવાઓની મદદથી આ ફેસબુક વીડિયોનું લોકેશન શોધી કાઢ્યુ હતું. આ પછી, સાયબર પોલીસે સ્થાનિક એમએચબી પોલીસની મદદથી આ સ્થળે આત્મહત્યા કરનાર વ્યક્તિનો જીવ બચાવ્યો હતો. તે પારિવારિક ઝઘડાથી પરેશાન થયા પછી આ પગલું ભરવા જઈ રહ્યો હતો. બીજા કેસમા મુંબઈ પોલીસ પ્રવક્તા એસ. ચૈતન્યના જણાવ્યા અનુસાર, ૧૬ વર્ષીય વિદ્યાર્થીએ ૧૬ ફેબ્રુઆરીએ મુંબઈ પોલીસ જર્ષ્ટ્રદ્વેદ્વહ્વૈંર્ટ્રૈઁષ્ઠી ના સત્તાવાર ટ્વિટર એકાઉન્ટ પર મુંબઈ પોલીસને ટેગ કર્યો હતો, જેમાં લખ્યું હતું કે તે અભ્યાસક્રમ પૂર્ણ ન કરવાથી કંટાળી ગયો હતો. આ બાતમી મળતાની સાથે જ સાયબર સેલના રેડ અને સાંગલે ટેકનીકી પુરાવાઓની મદદથી અમરાવતીમાં વિદ્યાર્થીનું લોકેશન શોધી લીધુ હતુ. અને એસપી શશીકાંત સાતવને જાણ કરી હતી. એસપી સતાવાએ જણાવ્યું હતું કે, મુંબઈ સાયબર સેલની માહિતી મળ્યા બાદ, તેણે એક વિશેષ પોલીસ ટુકડી તૈયાર કરી હતી અને શોધ કરી વિદ્યાર્થીને બચાવ્યો હતો.

મહારાષ્ટ્રના પોલીસ વડા હેમંત નગરાલેએ અમરાવતી અને બોરીવલીમાં બે જીવ બચાવવા માટે પોલીસની તકેદારી અને સમજદારીની પ્રશંસા કરી છે. નોંધપાત્ર વાત એ છે કે છેલ્લા બે દિવસમાં કલાકારો સંદિપ નાહર અને ડો. તુપે. માનસિક તાણના કારણે મોત નીપજ્યું હતું. ડીસીપી ડો.કરંદીકરે વિદ્યાર્થીઓને અપીલ કરી છે કે તેઓ શૈક્ષણિક પરીક્ષાઓ વિશે એટલી ચિંતા ન કરે જેથી તેઓ આ કારણોસર પોતાનો જીવ આપવા માગે છે. જો તૈયારી યોગ્ય માર્ગદર્શન અને સખત મહેનત દ્વારા યોગ્ય રીતે કરવામાં આવે તો દરેક બોર્ડની પરીક્ષાઓ સરળતાથી પાસ થઈ શકે છે.

# પત્નીની હત્યા કરીને પતિએ આત્મહત્યા કરી

### ઘરેલુ વિવાદમાં પતિએ હથોડાથી પત્નીને માથામાં હત્યા કરી

ચક્રવાત ટીમ, મુંબઈ તા.૧૭

ઘરેલુ વિવાદમાં પતિએ હથોડીથી પત્નીને માથામાં માર મારીને હત્યા કર્યા બાદ પતિએ ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યા બાદ થાણેની વાગલે એસ્ટેટમાં એક આંચકાજનક ઘટના બની છે. પોલીસે જણાવ્યું હતું કે આ દંપતીનાં લગ્ન બે વર્ષ પહેલા થયાં હતાં.

પેસ્ટ કંન્ટ્રોલનું કામ કરતો આકાશ સંમુખરાવ (૩૦), સિદ્ધિવિનાયક ચાલી, વાગલે એસ્ટેટ, ઈન્દિરા નગરમાં રહેતો હતો. માતા-પિતાથી અલગ થવાને કારણે પત્ની અશ્વિનીની સાથે દલીલ થઈ હતી. મંગળવારે આ દંપતીની પણ બોલાચાલી થઈ હતી. તે હાલમાં જ ગામમાં રહેતી તેની પત્નીને થાણે લઈ આવ્યો હતો. મંગળવારે રાત્રે ૧૧.૩૦ વાગ્યે જમ્યા પછી, દંપતી તેમના રૂમમાં સૂવા ગયા હતા. તેના માતા - પિતા બાજુમાં રહે છે. બુધવારે સવારે ૧૦ વાગ્યે પિતા કામ પર જવા નીકળ્યા હતા ત્યારે આકાશના લિવિંગ રૂમનો દરવાજો બંધ હતો. જેથી તેઓએ દરવાજો ખટખટાવ્યો ત્યારે અંદરથી કોઈ પ્રતિક્રિયા મળી ન હતી. તેણે બારીની બહારથી અંદર જોતા આકાશે ગળે ફાંસો ખાધેલ દેખાયુ હતુ. . રૂમની ઉપરના પતરા તોડીને અંદર પ્રવેશ્યા બાદ અશ્વિની પણ મૃત હાલતમાં મળી આવી હતી. ઘરમાં જમીન પર લોહી વહેતુ જોવા મળ્યુ હતુ.

શ્રીનગર પોલીસને બાતમી મળતાં વરિષ્ઠ પોલીસ અધિકારીઓ ઘટના સ્થળે દોડી ગયા હતા. માથામાં હથોડા વડે પત્નીની હત્યા કર્યા બાદ, આકાશે ફાંસો ખાઈને આત્મહત્યા કરી હતી, એમ પોલીસે જણાવ્યું હતું. પોલીસના જણાવ્યા મુજબ, ઘરેલુ વિવાદને કારણે આ ઘટના બની છે.

# વિજળી જોડાણ કાપવાની વિરુદ્ધમાં ૨૪ થી 'જેલ ભરો આંદોલન' : ભાજપની જાહેરાત

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૧૮

મહારાષ્ટ્રની રાજધાની મુંબઈમાં ઘરેલુ વીજ ગ્રાહકોના વીજ જોડાણો કાપવાની વિરુધ્ધમા અને લોકડાઉન સમયે વીજ બીલો ઘટાડવાની માંગણી માટે ભાજપ ૨૪ ફેબ્રુઆરીએ રાજ્યભરમાં જેલભરો આંદોલન શરૂ કરશે. રાજ્ય ભાજપ મહામંત્રી અને પૂર્વ એનેર્જી પ્રધાન ચંદ્રશેખર બાવનકુલેએ આ માહિતી આપી હતી. તેઓ બુધવારે ભાજપના મુખ્યાલયમાં એક પ્રેસ કોન્ફરન્સમાં બોલી રહ્યા હતા.

બાવનકુલેએ જણાવ્યું હતું કે ગત વર્ષે વિધાનસભાના બજેટ સત્રમાં મહા વિકાસ આઘાદી સરકારના ઉર્જા મંત્રીએ કહ્યું હતું કે ૧૦૦ યુનિટ મફત વીજળી આપવામાં આવશે. હજી સુધી આ જાહેરાતનો અમલ કરવામાં આવ્યો નથી. જો ૨૦૦ યુનિટ સુધી મફત વીજળી આપવામાં આવે તો રાજ્યના એક કરોડ ૪૦ લાખ ગરીબ વીજ ગ્રાહકોને તેનો લાભ મળશે. આ માટે સરકારે ૫ હજાર ૮૦૦ કરોડની જોગવાઈ કરવી પડશે. પૂર્વ ઉર્જા પ્રધાને કહ્યું કે રાજ્ય સરકારને દર વર્ષે ૯ હજાર ૫૦૦ કરોડની આવક વીજળીના ટેરિફ દ્વારા થાય છે. આ જ નાણાંનો ઉપયોગ વીજળીના બિલને માફ કરવા માટે થવો જોઈએ અને બજેટમાં બાકીની રકમ માટેની જોગવાઈ કરવી જોઈએ.

બાવનકુલેએ જણાવ્યું હતું કે લોકડાઉન દરમિયાન લોકોની દુકાનો અને ફેક્ટરીઓ બંધ હતી. આ હોવા છતાં વીજળીના બિલ મોકલાયા છે. આ બીલોની વસૂલી મુલતવી રાખવી જોઈએ અને બિલમાં સુધારો કરવો જોઈએ. તેમણે જણાવ્યું હતું કે ૧૦૦ થી ૩૦૦ યુનિટ વીજળીનો ઉપયોગ કરતા ૫૧ લાખ વીજ ગ્રાહકોના વીજ બિલને માફ કરવા માટે રાજ્ય સરકાર દ્વારા મહાવીતરણને ૫,૦૦૦ કરોડ રૂપિયા આપવામાં આવે. મધ્યપ્રદેશ અને ગુજરાતમાં લોકડાઉન દરમિયાન વીજળીના બીલ પર આવા લાભ આપવામાં આવ્યા છે. મહારાષ્ટ્ર સરકારે પણ આ લાભ તેના નાગરિકોને આપવો જોઈએ.

# કાલાચોકીમા મંગલ જ્વેલર્સની દુકાનમાથી ૩ કરોડના સોનાના દાગીનાની ચોરી

### ચોરોએ સ્ટ્રીટલાઈટેનો વીજપૂરવઠો કાપી નાખી ચોરી કરી

ચક્રવાત ટીમ, મુંબઈ. તા. ૧૮

મુંબઈના કાલાચૌકી વિસ્તારમાં સોનાની દુકાનમાં ચોરો દરવાજો તોડીને આશરે ૩ કરોડના સોના-ચાંદીના દાગીના ચોરી ગયા હતા. અગાઉ, સ્ટ્રીટલાઈટ દ્વારા વીજ પુરવઠો કાપી નાખવામાં આવ્યો હતો. આ કેસમાં ચોરીનો ગુનો નોંધવામાં આવ્યો છે અને ક્રાઈમ બ્રાન્ચ શાખાના અધિકારીઓ સાથે કાલચૌકી પોલીસ પણ આ મામલે તપાસ કરી રહી છે. મંગલ જ્વેલર્સની અંબેવાડી, કાલાચૌકીમાં દુકાન છે અને દુકાન માલિક પડોશમા આવેલ મકાનમાં રહે છે. સોમવારે સવારે સ્થાનિક રહીશો, વેપારીઓએ દુકાનનો દરવાજો ખુલ્લો જોયો હતો. તેણે તરત જ દુકાન માલિકનો સંપર્ક સાધ્યો અને ઘટનાની જાણ કરી. ચોરોએ દુકાનમાં આવેલા તમામ સોના-ચાંદીના દાગીના ચોરી લીધા હોવાનું માલુમ પડ્યું હતું. માલિકના કહેવા પ્રમાણે, દુકાનમાં આશરે ૩ કરોડના ઘરેણાં હતા. દુકાન સામે રસ્તાનું ક્રોકીટીકરણનું કામ ચાલુ છે. પરિણામે દુકાન તરફ જવાનો રસ્તો ટ્રાફિક માટે બંધ હતો. ટ્રાફિકના અભાવે ચોર ભાગી જવામા તેઓને કોઈ વિધ્ન નડ્યુ ન હતુ.. ચોરી કરતા પહેલા ચોરોએ દુકાન પાસેની સ્ટ્રીટ લાઈટનો વીજ પુરવઠો કાપી નાંખ્યો હતો. અંધારામાં દરવાજાના તાળા તોડ્યા બાદ ચોરોએ દુકાનની અંદર અને બહારના સીસીટીવી તોડ્યા હતા અને ફિલ્મનું રેર્કોડિંગ કરનાર ડીવીઆર પણ ચોરીને તેઓ સાથે લઈ ગયા હતા. પોલીસને શંકા છે કે બંધ મકાનો, દુકાન અથવા મથકોની ઘરફોડ ચોરીમાં સંડોવાયેલા રીઢોગુનેગાર હોઈ શકે છે. આવી ટોળકી જ્યાં તેઓ વધુ જોખમ લીધા વિના સરળતાથી ચોરી કરી શકે છે . તેઓ આ સ્થાન પર ઘણા દિવસો સુધી માહિતી એકત્રિત કરવા માટે ભેગા થાય છે. જેથી પોલીસે આ વિસ્તારના અન્ય સીસીટીવીના ફૂટેજ તપાસવાનું શરૂ કરી દીધું છે.

# કેરળથી પુણે આવતા નાગરિકો માટે આરટીપીસીઆર ટેસ્ટ ફરજિયાત કરાયો

### લગ્ન સમારોહ પર પ્રતિબંધ લાદવાનો નિર્ણયની શકયતા

ચક્રવાત ટીમ, મુંબઈ. તા. ૧૮

ફરીથી કોરોનાનો રોગ ઝડપથી ફેલાતો હોવાથી નાગરિકોમાં ભયનું વાતાવરણ છે. હકીકતમાં, છેલ્લા કેટલાક દિવસોમાં, પુણેમાં કોરોના દર્દીઓની સંખ્યા ફરી વધવા માંડી છે. આ પૃષ્ઠભૂમિ સામે, પુણે જિલ્લા અને મ્યુનિસિપલ વિસ્તારમાં વહીવટી તંત્ર દ્વારા કડક પગલા લેવામાં આવી રહ્યા છે. કેરળથી પુણે આવતા નાગરિકો માટે આરટી-પીસીઆર પરીક્ષણ ફરજિયાત કરવામાં આવ્યું છે. હકીકતમાં, પૂણે મ્યુનિસિપલ કમિશનર વિક્રમ કુમારે ફરીથી કોરોના રોકવા માટે લોકડાઉન ફરીથી કરવાની છે કે કેમ તેની ચર્ચા વચ્ચે આરટી-પીસીઆર પરીક્ષણ ફરજિયાત બનાવ્યું છે. એટલું જ નહીં પુણેના કમિશનર શેખર ગાયકવાડે હોટલ, મોલ્સ, મલ્ટીપ્લેક્સ અને મંગળ કચેરીઓને ચેતવણી આપી છે. આ બધી જગ્યાએ ભીડને ટાળવી જોઈએ અને કોરોનાને રોકવા માટે સામાજિક અંતરનાં નિયમોનું કડક પાલન કરવું જોઈએ. અન્યથા સંડોવાયેલા સામે કડક કાર્યવાહી કરવામાં આવશે તેમ શેખર ગાયકવાડે જણાવ્યું હતું. પુનાના મથકો, મંગલ કચેરીઓ અને મથકોમાં નિયમોનો અમલ લાગુ કરવામાં આવે છે કે કેમ તે જોવા માટે અલગ ટીમોની નિમણૂક કરવામાં આવી છે. આ ટીમ દરેક સ્થળે પેટ્રોલિંગ કરશે. આ ઉપરાંત પૂણે મ્યુનિસિપલ કોર્પોરેશને ફરી એકવાર અસરગ્રસ્ત વિસ્તારોમાં વધુ જોખમી સંપર્કો શોધીને કોરોના પરીક્ષણો વધારવાની ઝુંબેશ હાથ ધરી છે. જો કે, પરીક્ષણો કરતાં રસીકરણ પસંદ કરવામાં આવશે. નાગરિકો દ્વારા સામાજિક અંતરના નિયમોનું પાલન કરતા હોવાથી હવે પુણે જિલ્લામાં વહીવટીતંત્ર દ્વારા મોટો નિર્ણય લેવામા અવવાની શકયતા છે. તેથી, નજીકના ભવિષ્યમાં પૂણે જિલ્લામાં લગ્ન સમારોહ પર ફરીથી પ્રતિબંધ લાદવામાં આવી શકે છે. સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા આવી જોરશોરથી હલચલ શરૂ કરાયા હોવાનું જાણવા મળે છે. પૂણે જિલ્લામાં કોરોના દર્દીઓની સંખ્યા છેલ્લા કેટલાક દિવસોમાં ફરી વધી રહી છે. ગયા વર્ષે પૂણે જિલ્લો હોટસ્પોટ બની ગયો હતો સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા આ વખતે કડક નિર્ણય લેવામાં આવે તેવી સંભાવના છે જેથી ફરીથી આવો સમય ન આવે. તેથી કલેકટર ડો. રાજેશ દેશમુખ ફરી એક વાર લગ્ન સમારોહ પર પ્રતિબંધ લાદવાનો નિર્ણય લઈ શકે છે.

# અમિતાભ બચ્ચન, અક્ષય કુમારના શૂટિંગ મહારાષ્ટ્રમાં કરવા દેવાશે નહિ : નાના પટોલે

### ચેતવણી પણ આપી છે કે તેમની ફિલ્મો રાજ્યમાં પ્રદર્શિત નહી થાય



ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૧૮

મહારાષ્ટ્ર કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ નાના પાટોલે સક્રિય સ્થિતિમાં પરત ફર્યા છે. પટોલે ચેતવણી આપી છે કે બિગ બી અમિતાભ બચ્ચન અને અક્ષય કુમારની ફિલ્મોનું શૂટિંગ મહારાષ્ટ્રમાં થશે નહીં, કે રાજ્યમાં તેમની ફિલ્મ્સનું પ્રદર્શન કરવામાં આવશે નહીં. ભંડારામાં બોલતા તેમણે આ ચેતવણી આપી છે. નાના પાટોલે જણાવ્યું હતું કે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારાથી નાગરિકો પ્રભાવિત થયા છે. મનમોહન સિંહ સરકાર દરમિયાન સિનેમા કલાકારો અમિતાભ બચ્ચન અને અક્ષય કુમાર ટ્વિટર દ્વારા ચીંચીં કરતા હતા. ટ્વીટ્સ દ્વારા સરકારની ટીકા કરી. ખેડુતો વતી બોલી રહ્યા હતા. પરંતુ હવે તેઓ પણ ભૂલી ગયા છે, એમ તેમણે જણાવ્યું હતું. તેમણે કહ્યું કે તેમણે કેન્દ્ર સરકારની રાષ્ટ્રવિરોધી નીતિઓ સામે વલણ અપનાવવું જોઈએ. નાના પાટોલેએ ચેતવણી આપી છે કે મનમોહનની સરકાર વખતે જે ભુમિકા લીધી તે જ ભૂમિકા નહીં ભરે તો તેમની ફિલ્મનું શૂટિંગ મહારાષ્ટ્રમાં કરવા દેવામા આવશે નહીં અને રાજ્યમાં તેમની ફિલ્મોનું પ્રદર્શન કરવામાં આવશે નહીં. આ અંગે બોલતા ભાજપના ધારાસભ્ય સુધીર મુનગંટીવારે કહ્યું કે તે હાસ્યાસ્પદ છે. નાના પાટોલે કોંગ્રેસ અધ્યક્ષ બન્યા ત્યારથી ભૂલી ગયા છે. કોંગ્રેસની આત્મા તાનાશાહી છે, પરંતુ ચહેરો લોકશાહી છે. એમ કહેવાનું કામ તેમનું છે કે આપણે લોકહિતની વાત કરીએ છીએ અને પૂજાપતિઓને મોટો બનાવશે એમ મુનગંટીવારે જણાવ્યું હતું. પહેલા નાના પટોલે કહેતા હતા કે કોંગ્રેસ ખેડૂત વિરોધી છે. નાના પટોલે કોંગ્રેસ વિરુદ્ધ પણ બોલતા હતા. ખેડૂત આંદોલન દરમિયાન કેટલાક નેતાઓ ટ્વીટ કરીને તેમના દિમાગને જાગૃત કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. વિધાન પરિષદના વિપક્ષી નેતા પ્રવીણ દરેકરે કહ્યું હતુ કે મહાવિકાસ આઘાડીના નેતાઓએ બરાબર શું થયું છે તે શોધવાનું રહેશે. તેને ખેડુતો પ્રત્યે કોઈ પ્રેમ નથી. આ લોકોએ અમિતાભ બચ્ચન અને અક્ષય કુમારના યોગદાનને તપાસવું જોઈએ. પ્રવિણ દરેકરે કહ્યું કે, જ્યારે તેઓ સામાજિક ફાળો આપનાર છે, ત્યારે તેઓ નવા પ્રમુખ બનતા કંઈક સનસનાટીભર્યા કરવાનો પ્રયાસ કરી રહ્યા છે.

# સોના-ચાંદીના વાયદાના ભાવમાં સામસામા રાહ : સોનું રૂ.૧૨૧ તેજ

ચક્રવાત ટીમ, મુંબઈ,૧૮

વિવિધ કોમોડિટી વાયદા, ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં મળીને પ્રથમ સત્રમાં એમસીએક્સ પર ૧૭૭૮૭૦ સોદામાં રૂ.૧૨૮૯૮.૩૭ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાના ભાવમાં સામસામા રાહ હતા. સોનાનો વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૧ તેજ હતો, જ્યારે ચાંદીનો વાયદો કિલોદીઠ રૂ.૩૧૭ નરમ ટ્રેડ થઈ રહ્યો હતો. તમામ બિનલોહ ધાતુઓમાં એકંદરે વૃદ્ધિ હતી. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલમાં સુધારાની આગેકૂચ રહી વાયદો વધુ વધ્યો હતો. નેચરલ ગેસ પણ વધીને ટ્રેડ થઈ રહ્યું હતું. કૃષિ કોમોડિટીઝમાં સીપીઓ અને રબરમાં નરમાઈ સામે કપાસ, કોટન અને મેન્થા તેલમાં વૃદ્ધિ રહી હતી. કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં કુલ ૯૧૯૮૦ સોદાઓમાં રૂ.૫૩૨૬.૦૯ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૬૪૦૯ ખૂલી, ઊપરમાં રૂ.૪૬૪૯૮ અને નીચામાં રૂ.૪૬૨૯૦ ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૨૧ વધીને રૂ.૪૬૩૫૮ બંધ રહ્યો હતો. ગોલ્ડ-ગિની ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૭૪ વધીને ૮ ગ્રામદીઠ રૂ.૩૭૨૪૯ અને ગોલ્ડ-પેટલ ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૬ વધીને ૧ ગ્રામદીઠ રૂ.૪૬૧૭ થયા હતા, જ્યારે સોનું-મિની માર્ચ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૬ વધીને બંધમાં રૂ.૪૬૨૬૦ ના ભાવ રહ્યા હતા. ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૬૯૪૦૦ ખૂલી, ઊપરમાં રૂ.૬૯૬૩૯ અને નીચામાં રૂ.૬૮૬૯૪ ના સ્તરને સ્પર્શી પ્રથમ સત્રનાં અંતે રૂ.૩૧૭ ઘટીને રૂ.૬૮૯૧૪ બંધ રહ્યો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી રૂ.૩૧૩ ઘટીને રૂ.૬૮૮૮૧ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી રૂ.૩૦૨ ઘટીને રૂ.૬૮૮૬૧ બંધ રહ્યા હતા. એનર્જી સેગમેન્ટમાં કુલ ૫૯૯૩૧ સોદાઓમાં રૂ.૩૫૦૭.૦૨ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ.૪૪૯૦ ખૂલી, ઊપરમાં રૂ.૪૫૦૦ અને નીચામાં રૂ.૪૪૩૦ બોલાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૨૪ વધીને રૂ.૪૪૩૮ બંધ રહ્યો હતો. કૃષિ કોમોડિટીઝમાં ૩૫૪૩ સોદાઓમાં કુલ રૂ.૪૩૨.૧૬ કરોડનાં કામકાજ થયાં હતાં. કોટન ફેબ્રુઆરી વાયદો ગાંસડીદીઠ રૂ.૨૧૪૮૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૧૬૫૦ અને નીચામાં રૂ.૨૧૪૫૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૫૦ વધીને રૂ.૨૧૬૦૦ ના સ્તરે બંધ રહ્યો હતો. સીપીઓ ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ.૧૦૨૯.૭ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે રૂ.૫.૧ ઘટીને બંધમાં રૂ.૧૦૨૭.૭ ના ભાવ હતા, જ્યારે મેન્થા તેલ ફેબ્રુઆરી વાયદો કિલોદીઠ રૂ.૯૫૨ ખૂલી, ઊપરમાં રૂ.૯૬૦ અને નીચામાં રૂ.૯૪૮.૧ રહી, અંતે રૂ.૯૫૩.૮ બંધ રહ્યો હતો. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ રૂ.૧૨૪૬ ખૂલી, ઊપરમાં રૂ.૧૨૫૧ અને નીચામાં રૂ.૧૨૪૪ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૪ વધીને રૂ.૧૨૫૦ ના સ્તરે બંધ રહ્યો હતો. વાયદાઓમાં કામકાજની દષ્ટિએ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વિવિધ વાયદાઓમાં મળીને ૨૦૭૬૭ સોદાઓમાં કુલ રૂ.૨૭૧૪.૭૩ કરોડ ની કીમતનાં ૫૮૫૪.૨૨૫ કિલો, ચાંદીના વિવિધ વાયદાઓમાં મળીને ૭૧૨૧૩ સોદાઓમાં કુલ રૂ.૨૬૧૧.૩૬ કરોડ ની કીમતનાં ૩૭૭.૪૫૭ ટન, ક્રૂડ તેલમાં ૧૭૨૭૧ સોદાઓમાં રૂ.૧૪૧૧.૨૨ કરોડનાં ૩૧૫૭૯૦૦ બેરલ્સ, કોટનમાં ૧૪૫૧ સોદાઓમાં રૂ.૧૪૨.૫૯ કરોડનાં ૬૫૫૫૦ ગાંસડી, સીપીઓમાં ૧૯૪૯ સોદાઓમાં રૂ.૨૮૧.૩૯ કરોડનાં ૨૭૫૪૦ ટન, મેન્થા તેલમાં ૫૪ સોદાઓમાં રૂ.૬.૪૮ કરોડનાં ૬૮.૦૪ ટન, કપાસમાં ૧૮ સોદાઓમાં રૂ.૪૪.૯૫ લાખનાં ૭૨ ટનના વેપાર થયા હતા.

# વેરાવળથી મુંબઈના બાંદ્રાની ટ્રેન ૨૩થી દોડતી થશે : વર્ષો જૂની લોકોની માંગને સફળતા



ચક્વાત ટીમ વેરાવળ, તા.૧૮

વિશ્વવિખ્યાત સોમનાથ મંદિરની પાવન ભૂમિને લાંબા અંતરથી જોડતી પ્રથમ ટ્રેનની ફાળવણી થઈ છે. વેરાવળ - બાંદ્રા (મુંબઈ) સ્પેશિયલ ટ્રેન આગામી ૨૩મી ફેબ્રુઆરીથી દોડતી થશે. આ સમાચારને લઈ સૌરાષ્ટ્રવાસીઓમાં ખુશીની લહેર પ્રસરી છે. તો લોકલાગણી અને સંસ્થાઓની માંગણીને ધ્યાને રાખી સોરઠના સાંસદ રાજેશ ચુડાસમાએ કરેલી ધારદાર રજૂઆતના અંતે મુંબઈને જોડતી સીધી પ્રથમ ટ્રેન સોરઠને મળી હોવાનું જાણવા મળ્યું છે.

ગત વર્ષે કોરોનાના લીધે થંભી ગયેલા ટ્રેનના પૈડા ફરી દોડતા થઈ રહ્યા છે. રેલવેએ અનેક ટ્રેનોના રૂટોમાં ફેરફાર કરી નવું ટાઈમ ટેબલ તૈયાર કરી અનેક નવી ટ્રેનો દોડતી કરવાનું નક્કી કરાયેલું છે. તો સોરઠવાસીઓ અને સંસ્થાઓ સ્થાનીક પ્રજાના પ્રતિનિધિ અને રેલ વિભાગને મુંબઈની લીંક અપના બદલે સીધી ટ્રેનની સુવિધા આપવા માટે રજૂઆતો કરી રહ્યા હતા. જેને ધ્યાને રાખી થોડા સમય અગાઉ સોરઠના સાંસદ રાજેશ ચુડાસમાએ રેલમંત્રીને રૂબરૂ મળી નવા ટાઈમ ટેબલમાં સોમનાથ ભુમિથી સીધી મુંબઈ સહિતની ટ્રેનો આપવા રજૂઆત કરી હતી. દરમિયાન ગઈકાલે આગામી તા.૨૩ ફેબ્રુઆરીથી વેરાવળથી બ્રાંદ્રા (મુંબઈ) સીધી સ્પેશિયલ ટ્રેન દરરોજ દોડાવવાની રેલવે વિભાગે સત્તાવાર જાહેરાત કરી છે. આ જાહેરાતને સોરઠવાસીઓએ હરખભેર આવકારી છે. લવે વિભાગમાંથી મળેલી માહિતી મુજબ તા.૨૩ ફેબ્રુઆરીએ ટ્રેન નં.૯૨૧૮ બપોરે ૧૧:૫૦ વેરાવળથી ઉપડી બીજા દિવસે સવારે ૫:૪૫ વાગ્યે બ્રાંદ્રા (મુંબઈ) પહોંચશે. જયારે તા.૨૪ ના રોજ ટ્રેન નં.૯૨૧૭ બપોરે ૧:૪૦ બ્રાંદ્રા (મુંબઈ)થી ઉપડી બીજા દિવસે સવારે ૭:૨૦ વેરાવળ પહોંચશે. આ બ્રાંદ્રા - વેરાવળ - બ્રાંદ્રા સ્પેશિયલ ટ્રેન ઉપરોકત ટાઈમ મુજબ જ બંન્ને સ્ટેશનોથી દરરોજ દોડશે. આ સ્પેશિયલ ટ્રેન વેરાવળથી ઉપડી જૂનાગઢ, જેતલસર, ગોંડલ, ભક્તિનગર, રાજકોટ, વાંકાનેર, થાન, મુલી રોડ, સુરેન્દ્રનગર, લખતર, વિરમગામ, અમદાવાદ, મણીનગર, મહેમદાવાદ ખેડા રોડ, નડીયાદ, આણંદ, વડોદરા, પાલેજ, ભરૂચ, અંકલેશ્વર, કોસંબા, સુરત, નવસારી, બિલીમોરા, વલસાડ, વાપી, ઘહાનુ રોડ, પાલઘર, વિરાર, બોરીવલી, અંધેરી સહિતના સ્ટેશોનો પર સ્ટોપો કરી બ્રાંદ્રા (મુંબઈ) પહોંચશે. આ ટ્રેનનું બુકિંગ સંભવતઃ બે ચાર દિવસમાં શરૂ થઈ જશે.

# કેબિનેટની બેઠકમાં ભાગ લેનારા બે સિનિયર મંત્રીઓને કોરોના પોઝિટીવ આવતા ખળભળાટ

## ભાજપમાથી રાષ્ટ્રવાદીમા આવેલા એકનાથ ખડસેને ત્રીજી વખત કોરોના પોઝિટીવ



ચક્વાત ટીમ, મુંબઈ. તા. ૧૮

મહારાષ્ટ્રમાંમા કોરોના ફરી માથુ ઉચક્યુ છે..રાજ્યના બે ટોચના કેબિનેટ મંત્રીઓને કોરોના હોવાનું નિદાન થયું છે. ખાસ કરીને બુધવારે સહ્યાદ્રીમાં કેબિનેટની બેઠકમાં બંને કેબિનેટ મંત્રીઓ હાજર હતા. એનસીપીના પ્રદેશ અધ્યક્ષ જયંત પાટિલ અને ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન પ્રધાન રાજેન્દ્ર શિંગાને કોરોના પોઝિટીવ હોવાનું જાણવા મળે છે. તેમજ ભાજપમાથી રાષ્ટ્રવાદીમા આવેલા એકનાથ ખડસેને ત્રીજી વખત કોરોના પોઝિટીવ હોવાનું જાણવા મળે છે. એનસીપી નેતા અને રાજ્યના જળ સંસાધન પ્રધાન જયંત પાટિલનો કોરોના અહેવાલ ફરી પોઝિટીવ આવ્યો છે. તેણે આ અંગે ટ્વિટ કર્યું હતું. જયંત પાટિલે કહ્યું કે, મારી કોરોના ટેસ્ટ પોઝિટીવ છે પરંતુ તેમની તબિયત સારી છે જયંત પાટિલે પાછલા પખવાડિયામાં પૂર્વ વિદર્ભ ઉત્તર મહારાષ્ટ્રમાં એનસીપીના સંવાદ સંવાદની શરૂઆત કરી હતી. આ દ્વારા સંવાદ કાર્યકરો આશરે પાંચ જિલ્લાના જુદા જુદા તાલુકામાં એનસીપીના હોદ્દેદારો સાથે બેઠક યોજી રહ્યા હતા. બે દિવસ પહેલા જ જયંત પાટિલનો જન્મદિવસ એનસીપીના મુખ્ય મથક ખાતે ઉજવવામાં આવ્યો હતો. રાજ્યભરમાંથી હજારો કાર્યકરો મોટી સંખ્યામાં આદેશ કચેરીએ પહોંચ્યા હતા. રિપોર્ટ પોઝિટીવ હોવા છતાં ચિંતા કરવાની કંઈ વાત નથી. પાટિલે કહ્યું કે તે ડોક્ટરની યોગ્ય સલાહ લઈ રહ્યો છે. ટૂંક સમયમાં ખરેખર તમારી સેવામાં આવશે. જો તમે મારો સંપર્ક કર્યો છે, તો તેઓએ વિનંતી કરી છે કે તમે તમારી કોરોનાનો ટેસ્ટ કરાવવા જણાવ્યુ છે. તેમણે એમ પણ કહ્યું હતું કે તે હાલમાં વર્ચ્યુઅલ રીતે શક્ય તેટલું કામ કરવાનો પ્રયાસ કરી રહ્યું છે. બીજી તરફ, ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન પ્રધાન રાજેન્દ્ર શિંગાણેએ પણ કોરોના પોઝિટીવ છે અને સાવચેતી રૂપે તેઓ એકલતામાં રહેશે તેમ કહીને એનસીપીના રાજ્ય કાર્યાલયમાં આજના જનતા દરબારને રદ કર્યો છે. કેબિનેટની બેઠકમાં બે પ્રધાનો સકારાત્મક જણાતાં અન્ય કેબિનેટ મંત્રીઓમાં પણ ભય ફેલાયો છે. એનસીપીના વરિષ્ઠ નેતા અને પૂર્વ મહેસૂલ પ્રધાન એકનાથ ખડસેએ ફરી એકવાર કોરોના કરાર કર્યો છે. એકનાથ ખડસેની કોરોના પોઝિટીવ છે. તેની તબિયત સારી છે અને જે લોકો તેના સંપર્કમાં આવે છે તેમને પરીક્ષણ કરવા વિનંતી છે.એકનાથ ખડસેને ત્રીજી વખત કોરોના પોઝિટીવ આવ્યાનું જાણવા મળે છે.

## ઉત્તરાખંડના મુખ્યમંત્રી ત્રિવેન્દ્રસિંહ રાવતે કરણ રાઝદાનની ફિલ્મને કલેપ આપ્યો




ઉત્તરાખંડના મુખ્યમંત્રી ત્રિવેન્દ્રસિંહ રાવતે કલેપ આપીને ફિલ્મ નિર્માતા કરણ રાઝદાનને ફિલ્મ માટે અભિનંદન પાઠવ્યા હતા. આ ફિલ્મ દિગ્દર્શક કરણ રાઝદાને લખી છે. આ ફિલ્મનું આખું શૂટિંગ ઉત્તરાખંડમાં જુદા જુદા લોકેશનમાં હશે. ફિલ્મના મુખ્ય કલાકારો છે ટીવીના જાણીતા કલાકારો આશિષ શર્મા, સોનારિકા ભાદોરીયા, અંકિત રાજ, ભજન સમ્રાટ અનૂપ જલોટા, દીપિકા ચીખલીયા, ગોવિંદ નામદેવ, સતિષ શર્મા.

# મોટી કુંકાવાવમાં કોરોના બાદ ૬થી ૮ના વર્ગો શરૂ કરતા વાલીઓ અને વિદ્યાર્થીઓમાં ઉલ્લાસ



ચક્વાત ટીમ મોટીકુકાવાવ, તા.૧૮

કોરોના મહામારી ના કારણે છેલ્લા ૧૧ મહિનાથી બંધ પ્રાથમિક શાળા માં ધોરણ ૬ થી ૮ ના વર્ગો આજથી શરૂ થયા છે..ત્યારે મોટી કુંકાવાવ ભક્તિ નગર પ્રાથમિક શાળા માં ધોરણ - ૬ થી ૮ ના વર્ગો આજથી શરૂ થયા છે..સમગ્ર રાજ્યમાં કોરોનાની મહામારીના કારણે છેલ્લા ૧૧ મહિનાથી શાળાઓમાં શિક્ષણકાર્ય સંપૂર્ણ બંધ હતું..બાળકો નું શિક્ષણ ન બગડે તે માટે સરકાર દ્વારા માત્ર ઓનલાઈન શિક્ષણ કાર્ય શરૂ રાખવામાં આવ્યું હતું પરંતુ કોરોના ના કેસો જેમ જેમ ઘટી રહ્યા છે તેમ તેમ કોરોના કાળ દરમ્યાન બંધ રહેલી શાળાઓ પૈકી સરકાર દ્વારા અગાઉ સેકન્ડરી અને હાયર સેકન્ડરીના વર્ગો ગાઈડલાઈન મુજબ શરૂ કરવામાં આવ્યાં હતા. ત્યારે આજથી સમગ્ર રાજ્ય સાથે મોટી કુંકાવાવ ભક્તિ નગર પ્રાથમિક શાળા માં પણ સરકારી અને ખાનગી શાળાઓમાં ધોરણ-૬ થી ૮ના વર્ગો શરૂ કરવામાં આવ્યા છે..જે મુજબ દરેક વિદ્યાર્થીઓને સ્કુલમાં પ્રવેશતી વખતે દરરોજ ટેમ્પરેચર માપ્યા બાદ માસ્ક, સેનેટાઈઝર સહિતની કોરોના ગાઈડલાઈનનું પાલન કરાવવામાં આવશે આ ઉપરાંત દરેક વિદ્યાર્થીઓને ફરજીયાત સોશિયલ ડિસ્ટન્સિંગ જાળવવું પડશે. આ અંગે સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી શાળાઓમાં પણ તમામ તૈયારીઓ કરી દેવામાં આવી હતી.

# શ્રીજામદુધઈ તાલુકામાં વાલીઓની ૧૦૦% વાલીઓની સંમત્તિ સાથે શાળાઓ શરૂ



ચક્વાત ટીમ હડિયાણા, તા.૧૮

શ્રીજામદુધઈ તાલુકા શાળામાં આજ રોજ સરકારના આદેશ મુજબ ધોરણ ૬ થી ૮ના વિદ્યાર્થીઓના અભ્યાસ કાર્યનો પ્રારંભ કરવામાં આવ્યો. જેમાં પ્રથમ દિવસે જ ૧૦૦ % વાલીઓની સહમતી સાથે બધા જ વિદ્યાર્થીઓ એ હાજરી આપી. તેમ જ વિદ્યાર્થીઓમાં નવો ઉત્સાહ અને ઉમંગ વધારવા અમારા જામદુધઈ ગામના દેશપ્રેમી અને બાળપ્રેમી યુવાન દાતા રસિકભાઈ વલીભાઈ ઠાસરિયા તરફથી શાળાના વિદ્યાર્થીઓને 'માં તુજે સલામ' પ્રિન્ટેડ અને વોસેબલ ફેસ માસ્ક ૧૦૦, એક બૂક , એક બોલપેન અને ચોકલેટનું વિતરણ કરવામાં આવ્યું. શાળા પરિવાર વતી દાતાનો ખૂબ ખૂબ આભાર.

# સંદીપ સુસાઈડ કેસમા પત્ની અને સાસુ પર આત્મહત્યા માટે ઉશ્કેરવાનો પોલિસે કેસ કર્યો

ચક્વાત ટીમ, મુંબઈ,તા. ૧૮

અભિનેતા સંદીપ નાહર સુસાઈડ કેસમાં મુંબઈ પોલીસે તેની પત્ની અને સાસુ પર સંદીપને આત્મહત્યા માટે ઉશ્કેરવાનો કેસ ફાઈલ કર્યો છે.સંદિપે આત્મહત્યા કરતા પહેલા વિડિયો બનાવ્યો હતો,તે વિડિયોના આધારે પોલિસે તેની પત્ની અને સાસુ વિરુધ્ધ ગુનો નોંધી તેઓના શ્તેટમેન્ટ લીધા હોવાનું જાણવા મળે છે. 'એમએસ ધોની; 'એમ.એસ. ધોનીઃ ધ અનટોલ્ડ સ્ટોરી' અને 'કેસરી' જેવી ફિલ્મોમાં અનેક ભૂમિકાઓ ભજવનાર અભિનેતા સંદિપ નાહરે તેમજ અનેક ટીવી સિરીઝમાં કથિત રીતે ગોરેગાંવમાં તેમના ઘરે આત્મહત્યા કરી હતી અને ફરી એકવાર ફિલ્મમાં હંગામો મચાવ્યો હતો. ઉદ્યોગ. સંદીપે પોતાનું જીવન સમાપ્ત કરતા પહેલા એક ભાવનાત્મક વિડિઓ પણ ફેસબુક પર શેર કર્યો હતો. સંદીપે તેના ફેસબુક વીડિયોમાં તેની પત્નીના બદલી ગયેલા વર્તનને કારણે મેન્ટલ ટ્રોમામાં હોવાનો ખુલાસો કર્યો હતો. જેને કારણે તેણે આત્મહત્યા જેવું પગલું ભર્યું. પોલીસે આ વીડિયોના આધારે તેની પત્ની કંચન શર્મા અને તેની માતા વિરુદ્ધ કેસ નોંધ્યો છે.

# ઝઘડીયા તાલુકાના મુલદ ગામની સીમમાંથી ૧૫,૧૨૦૦૦ના વિદેશી દારૂનો જથ્થો પકડાયો



ચક્વાત ટીમ ઝઘડીયા, તા.૧૮

ઝઘડીયા પોલીસ સ્ટેશને થી મળેલી માહિતી મુજબ ઝઘડીયા તાલુકાના ઉચેડીયા ગામનો શકદાર નવીન ઉર્ફે ડોન રણછોડભાઈ માછી પટેલ આગામી ઝઘડીયા તાલુકાની સ્થાનિક સ્વરાજ ની ચુંટણી આવતી હોય તેમા દારૂ વેચાણ કરવાં સારૂં ગેરકાયદેસર અને વગર પરમીટનો ભારતીય બનાવટનો ઈગ્લીશ દારૂ કુલ બોટલ નંગ ૩૦૨૪ તેની કુલ કિંમત રૂ.૧૫,૧૨૦૦૦/- નો મુદામાલ મોટા જથ્થામાં મંગાવી સંગ્રહ કરી મુલદ ગામની સીમમાં બુધાભાઈ ગુમાનભાઈ વસાવાનાં જુવારના ખેતરોમાં રાખેલ હોય તેવી બાતમી ઝઘડીયા પોલીસને એવી માહિતી મળી હતી તેના આધારે મુલદ ગામની સીમમાં બુધાભાઈ ગુમાનભાઈ વસાવાનાં ખેતરમાં શોધખોળ કરતાં ભારતીય બનાવટનો ઈગ્લીશ દારૂનો જથ્થો સંગ્રહ કરેલ મળી આવ્યો હતો.

ઝઘડીયા પોલીસ દ્વારા ભારતીય બનાવટનો ઈગ્લીશ દારૂનો જથ્થો કબ્જે લઈ શકદાર નવીન ઉર્ફે ડોન રણછોડભાઈ માછી પટેલ રહે.ઉચેડીયા વિરુદ્ધ પ્રોહીબીશન એકટ મુજબ ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી કરવામાં આવી.

# ઉનાના સામતેરમાં સગર્ભા મહીલાને નિઃશુલ્ક કેમ્પ યોજાયો ૭૪ મહીલાઓને ચેકઅપ કરાયા



ચક્વાત ટીમ ઉના, તા.૧૭

ઉનાના સામતેર ગામે પી.એચ.સી કેન્દ્ર પર સગર્ભા મહીલાને તદન નિઃશુલ્ક ચેકઅપ માટેનો કેમ્પ યોજવામાં આવ્યો હતો. જેમાં આજુબાજુના ૧૩ ગામો માંથી ૭૪ મહીલાઓને ચેકઅપનું કરવામાં આવ્યુ હતું. તેમાં ડો. કે એન કાતરીયા, ગાયનેક ડો. અરવિંદભાઈ કાતરીયા દ્વારા મહીલા માટે નિઃશુલ્ક કેમ્પ યોજવામાં આવ્યો હતો. જેમાં ૧૦૮ નો સ્ટાફ તેમજ જીલ્લા અધિકારી જયેશ કારેના, યુવરાજસિંહ ઝાલા, તેમજ ખિલખિલાટનો સ્ટાફ સામતેર પીએચસીના મેડીકલ ઓફીસર ડો. કે એ ઉપાધ્યાય આ તમામ કર્મચારીઓએ જહેમત ઉઠાવી કાર્યક્રમને સફળ બનાવેલ હતો.

# લોકડાઉન બાદ ભરૂચ જિલ્લાના ઉમલ્લામાં પ્રાથમિક શાળાનો પ્રારંભ કરવામાં આવ્યો



ચક્વાત ટીમ ઝઘડિયા, તા.૧૮

ભરૂચ જિલ્લાના ઝઘડિયા તાલુકાના ઉમલ્લા ગામમાં આવેલી શ્રી સરસ્વતી શિશુ મંદિર શાળા ૧૧ માસના લાંબા કોરોના કાળના સમયગાળાના અવકાશ બાદ ધો. ૬ થી ૮ નો પુનઃ પ્રારંભ થયો છે. શાળાઓ શરૂ થવાના સમયે સમગ્ર શાળા પરિવાર શાળાના પ્રવેશદ્વાર પર ઉભા રહી ગુલાબના ફૂલ દ્વારા આવનાર વિદ્યાર્થીઓનું સ્વાગત કર્યું હતું.

આ પ્રસંગે વિદ્યાર્થીઓ પણ પોતાના જુના મિત્રોને મળવાના કારણે અતિ ઉત્સાહી જણાતા હતા. શાળા સંચાલકો અને શિક્ષકોએ પણ સરકારની માર્ગદર્શિકાને અનુસરી દરેક વિદ્યાર્થીને બેસાડયા હતા. આજે સ્કૂલોમાં બાળકોની હાજરીથી શાળા પરિવાર પણ ખુબજ ખુશખુશાલ જોવા મળ્યા હતા.

# તાળાની ચાવી બનાવવાને બહાને ચોરી કરતા બે ઈસમો સુરતથી પકડાયા



ચક્વાત ટીમ જૂનાગઢ, તા.૧૮

જૂનાગઢ ગલીઓમાં તાળાની ચાવી બનાવવા ને બહાને ચોરી કરતા બે ઈસમોને સુરતથી જૂનાગઢ એલ.સી.બીએ પકડી પાડયા હતા .આરોપીઓ પાસે થી ૬ લાખ થી વધુ રકમનું ૧૫ તોલા જેટલું સોનું કબ્જે કર્યું હતું.પકડાયેલ ઈસમો દિવસ દરમિયાન શહેરોમાં જઈ શેરી, ગલીઓમાં રેકી કરી ચાવી બનાવવા ના બહાના નીચે એકલ દંપતી કે વૃદ્ધ માણસોને ટાર્ગેટ કરી વિશ્વાસમાં લઈ ઘરમાં પ્રવેશ કરી જુના તાળાની ચાવી બનાવવાના ઓથા હેઠળ નજર ચૂકવી તિજોરીમાં રાખેલ ઘરેણાની ચોરી કર્યા નું કબૂલ્યું હતું પકડાયેલ આરોપીઓ અગાઉ ઘરફોડ ચોરી તથા હથિયારોના ગુન્હાઓમા પણ પકડાયેલ આંતરરાજય ચોરીઓ કરતી ચીખલીગર ગેંગના બે ઈસમોનેગુન્હો કરે તે પહેલા જ અગાઉની ચોરીના સોનાના દાગીના રૂ.૬,૨૦,૩૬૦/- ના મુદામાલ સાથે જૂનાગઢ ક્રાઈમ બ્રાન્ચે પકડી પાડયા હતા. આ ગુન્હાના આરોપીઓ ને વધુ ગુન્હા ભેદ ઉકેલવા જૂનાગઢ ક્રાઈમ બ્રાન્ચે વધુ તપાસ હાથ ધરી છે.

# શ્રી નગડલા પ્રાથમિક શાળામાં શેરી શિક્ષણ દ્વારા અનોખી પહેલ



ચક્વાત ટીમ પારૂલ સોલંકી, તા.૧૮

ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના છેવાડાના ગામ નગડલામાં મોટેભાગે મજૂરી કામ કરતા વાલીગણના બાળકો માટે ઓનલાઈન શિક્ષણ શક્ય નહીં બનતા શ્રી નગડલા પ્રાથમિક શાળાના શિક્ષકોએ બાળકોને દિવાળી વેકેશન ખુલ્યા બાદ સતત ૭૫ દિવસ સુધી શેરી શિક્ષણ આપ્યું છે.સામાન્ય રીતે તો શિક્ષકોએ માત્ર ઓનલાઈન શિક્ષણનો વિકલ્પ પુરાવા માટે શેરી શિક્ષણ ચાલુ કરેલું પણ વાલીગણના અભૂતપૂર્વ સહકાર અને સહયોગથી રોજ આશરે ૨૨૦ જેટલા બાળકોને રૂબરૂમાં મહાકાળી મંદિરના પટાંગણમાં તેમજ આંબેડકર ભવનમાં મળી શકતા હતા. સમગ્ર રાજ્યમાં જ્યારે ૫૦% સ્ટાફગણે હાજર રહેવાનું હતું છતાપણ નગડલા પ્રાથમિક શાળાના શિક્ષકો શેરી શિક્ષણ આપવા માટે ૮૦% હાજરી આપતા. (કેમ કે પાંચ શિક્ષકો શાળાથી બે કિમી નજીકના ઘાંટવડ ગામે જ રહેતા હોવાથી રોજ આવી જતા)સાથે સાથે SMC કમિટીના અધ્યક્ષ રામભાઈના ઘરેથી બાળકોને બેસવા માટે રોજ મોટી બે કાર્પેટ મળી રહેતી. બાજુના ઉગાભાઈના ઘરેથી તેમજ માનભાઈના ઘરેથી રોજ ચાર ખુરસી મળી રહેતી. રોજ કોઈને કોઈ વાલીગણ શાળાના શિક્ષકો કે જેઓ શિક્ષણ કાર્ય કરી રહ્યા હતા તેમના માટે ચા-પાણી લઈને આવી જતા.૭૨માં પ્રજાસત્તાક પર્વની ઓનલાઈન ઉજવણી કર્યા બાદ બાળકોના નિખાલસ સવાલ(સાહેબ અમારી ઘરે મોબાઈલ નથી)માટે ફરીથી ઓફલાઈન દેશ ભક્તિગીતની સ્પર્ધા પણ રાખવામાં આવી કે જેમના વાલીઓ પાસે મોબાઈલ ફોન ઉપલબ્ધ ન હતા.સ્પર્ધામાં ભાગ લેવા વાળા આ પ્રકારના કુલ બાર બાળકો હતા.હવે જ્યારે શાળા શરૂ થવાની તૈયારી છે ત્યારે એક અઠવાડિયા દિવસની શેરી શિક્ષણમાં રજા રાખ્યા બાદ ફરી શાળા ધમધમશે,ફરી બાળકોનો કિલકિલાટ સંભળાશે.

# દામનગર નર્મદાબેન માધવરાય સવાણી પ્રાથમિક શાળા નં. ૨ ખાતે વૃક્ષારોપણ કરાયું



ચક્વાત ટીમ દામનગર, તા.૧૮

દામનગર શહેર ની પ્રાથમિક નર્મદાબેન માધવરાય સવાણી શાળા નં- ૨ ખાતે રાઉન્ડ ફોરેસ્ટ અધિકારી અને વનરક્ષક સહિત શાળા પરિવાર સ્ટાફ દ્વારા વૃક્ષારોપણ કરાયું દામનગર શિક્ષણ જગતની શાન ગણાતી સરકારી શાળા સંકુલ સ્ટાફનો વૃક્ષ પ્રેમ ઉડીને આંખે વળગે તેવો છે શાળા માં પ્રવેશતાજ હરિયાળી ફૂલ છોડ ને ઘટાટોપ વૃક્ષો છોડ માં રણછોડ ના દર્શન કરાવે છે શાળા સંકુલ ખાતે શિક્ષકો અને વન કર્મી ઓના ના સંયુક્ત ઉપક્રમે આજે લાઠી દામનગર વન કે એ રૈયાની રાઉન્ડ ફોરેસ્ટ ઓફિસર જે બી મકવાણા વનરક્ષક દામનગર અને અસંખ્ય પર્યાવરણ પ્રેમી ઓની ઉપસ્થિતિ માં વૃક્ષારોપણ કરાયું હતું.

# મહિલા પોલિસ કોન્સ્ટેબલના પતિની મનોરમા કરપીણ હત્યા

ચક્વાત ટીમ, મુંબઈ તા. ૧૮

વસઈ પોલિસ સ્ટેશને કામ કરતી મહિલા કોન્સ્ટેબલના પતીની ધારદાર હથિયાર વડે કરપીણ હત્યા કરવામા આવ્યાની ઘટના બુધવારે રાત્રે મુંબઈ-અહમદાવાદ હાયવે પર ઢેકાળે ગામ પાસે બની હતી. મનોર પોલિસે હત્યાનો ગુનો દાખલ કરી તપાસ ચાલુ કરી છે. વસઈ પોલિસ સ્ટેશને કામ કરતી સ્નેહલ પાટીલ અને તેનો પતિ પુંડલિક આનંદા પાટીલ (૩૦) પોલિસ સ્ટેશનની પાછળ આવેલ પોલિસ કોલોનીમા રહે છે.પુંડલિક પાટીલ રિક્શા ચલાવે છે.બુધવારે રાત્રે મનોર ખાતે જવા માટે ભાડુ મળતા તે પ્રવાશીને લઈને ગયો હતો.રાતના સવ્વા બાર વાગે તેની રિક્ષા મુંબઈ-અમદાવાદ હાયવે પર ગુજારાત તરફના રોડ પર ઢેકાળે ગામ્ની હદમા ઉભેલી ત્યાંના ગામમા રહેતા ખેડૂતે જોઈ હતી.તેણે નજીક જઈને જોતા રિક્ષાચાલક પુંડલિક પાટીલના માથામા પાછળની બાજુએ તેમજ કાન પાસે કોઈ ધારદાર હથિયાર વડે વાર કરી હત્યા કરેલ મૃતદેહ જોયો હતો.તેણે આ ઘટનાની જાણ મનોર પોલિસને કરી હતી.પોલિસે મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી આપી હત્યાનો ગુનો નોંધી તપાસ ચાલુ કરી છે.

# દર્દીઓ, થેલેસેમીયા પીડિત બાળકોનાં જીવન બચાવવાની અમૂલ્ય તક

ચક્વાત ટીમ, તા.૧૮

પ્રવર્તમાન કોરોના બીમારીનાં સમયમાં રકતની ખૂબ જ ખેંચ ઉભી થઈ છે. સીવીલ હોસ્પિટલના જરૂરીયાતમંદ દર્દીઓ તેમજ થેલેસેમીયા પીડીત બાળકો માટે નિઃશુલ્ક લોહી મળી રહે તે માટે જય સિયારામ જય બાલાજી જય ગુરૂદેવ હોસ્પિટલ સેવા મંડળ દ્વારા રીધ્ધિ ફેબ્રીકસ, ઢેબર રોડ વન–વે, હોટલ ભાભાની બાજુમા, રાજકોટ ખાતે મોબાઈલ બ્લડ બેંક દ્વારા શુક્રવાર,તા.૧૯ ફેબ્રુઆરીના રોજ સાંજે ૭–૦૦ થી રાત્રીના ૯–૩૦ દરમ્યાન ''મેગા રકતદાન શિબિર'' નું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં રકતદાન કરી અમુલ્ય માનવ જીંદગીઓને તેમજ થેલેસેમીયા પીડીત બાળકોના જીવનને બચાવવા નિમિત બનવા માટે અપીલ કરવામાં આવી છે. રાજકોટની સિવિલ હોસ્પિટલ, બાળકોની હોસ્પિટલ ખાતે સમગ્ર સૌરાષ્ટ્રના દર્દીઓ, થેલેસેમીયા પિડીત બાળકો નિઃશુલ્ક સારવાર માટે આવે છે. હાલમાં સિવિલ હોસ્પિટલમાં તમામ પ્રકારના બ્લડ ગ્રુપની ખૂબ જ અછત છે. રકતદાન કરી માનવ જીંદગીઓ બચાવવા વિનંતી છે.સંસ્થાઓ, સોસાયટીઓ, સેવાભાવીઓ તાત્કાલીક રકતદાન કેમ્પનું પણ આયોજન કરે તો બ્લડ બેન્ક આપના સ્થળેથી રકતદાન સ્વીકારવા આવશે, નાના કેમ્પ હશે તો પણ થઈ શકશે. વિશેષ માહિતી માટે મનીષભાઈ પરીખ મોઃ ૯૮૯૮૬ ૧૩૨૬૭ પર સંપર્ક કરવા વિનંતી છે.

**મેક્સવેલ ૧૪.૨૫ કરોડ સાથે બેંગલોરમાં તો પૂજારા અને મૂઈલન અલી ચેન્નાઈમાં**

# ઓક્શન : ક્રિસ મોરીસ આઈપીએલ ઈતિહાસનો સૌથી મોંઘો ખેલાડી

(જી.એન.એસ)ચેન્નાઇ,તા.૧૮

સાઉથ આફ્રીકાના ઓલરાઉન્ડર ક્રિસ મૉરિસે આઈપીએલ ઓક્શનમાં ઈતિહાસ રચ્યો છે. ૩૩ વર્ષના મૉરિસને રાજસ્થાન રોયલે ૧૬.૨૫ કરોડ રૂપિયામાં ખરીદી લીધો છે. આ સિવાય એલેક્સ હેલ્સ, જેસન રોય, એવીન લુઇસ અને એરન ફિંચ જેવા ખેલાડી પર કોઇએ બોલી નહોતી લગાવી.

રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર ટીમે ગ્લેન મેક્સવેલને ૧૪.૨૫ કરોડ રૂપિયાની માતબર રકમે પોતાની ટીમમાં શામેલ કર્યો છે. IPL ૨૦૨૦મા ગ્લેન મેક્સવેલે કંઇ ખાસ કમાલ કર્યો નહોતો. મેક્વેલ પર ચેન્નાઇ અને બેંગ્લોર સામે સામે ટકરાઈ હતી.

મૉરિસે યુવરાજને પણ પાછળ છોડી દીધો છે. મૉરિસ આઈપીએલનો સૌથી મોંઘો ખેલાડી બની ગયો છે. યુવરાજને દિલ્હી ડેરડેવિલ્સે ૨૦૧૫માં ૧૬ કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો. સાથે જ આ આફ્રીકી ધુરંધર વિરાટ કોહલી બાદ આઈપીએલમાં સૌથી વધુ સેલેરી લેનાર ખેલાડી બની ગયો છે. ડેવિડ મલાનને કિંગ્સ ઈલેવન પંજાબે ૧.૫૦ કરોડમાં ખરીદ્યો છે.



રેલિ મેરેડિથને પણ લોટરી લાગી હતી. તેની બેઝ પ્રાઈઝ ૪૦ લાખ રૂપિયા હતા પરંતુ તેને પંજાબ કિંગ્સે ૮ કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો. જ્યારે કાયલે જેમિસનને રોયલ ચેલેન્જર્સ બેંગલોરે ૧૫ કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો. ટોમ કર્રનને ૫.૨૫ કરોડમાં દિલ્હી કેપિટલ્સે ખરીદ્યો હતો.

કર્ણાટકના ઓફ સ્પિનર કૃષ્ણપ્પા ગૌતમને ૯.૨૫ કરોડ રૂપિયામાં ચેન્નઈ સુપરકિંગ્સે ખરીદ્યો. ગૌતમ આઈપીએલના ઈતિહાસનો સૌથી મોંઘો અનકેપ્ડ ખેલાડી બન્યો. જ્યારે ચેન્નાઈના ૨૫ વર્ષીય બેટ્સમેન શાહરુખ ખાનને પંજાબ કિંગ્સે ૫.૨૫ કરોડ રૂપિયામાં ખરીદ્યો. ચેન્નઈ સુપર કિંગ્સે ઈંગ્લેન્ડના સ્ટાર ઓલરાઉન્ડર મોઈન અલીને ૭ કરોડ રૂપિયામાં ખરીદ્યો છે.

ઈઝમ્ ના વિરાટની સેલેરી ૧૭ કરોડ રૂપિયા છે. મૉરિસે નિલામીમાં પોતાની બેઝ પ્રાઈસ ૭૫ લાખ રૂપિયા રાખી હતી. મુંબઈ ઈન્ડિયન્સ, પંજાબ કિંગ્ઝ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે પણ મોરીસને ખરીદવા માટે બોલી લગાવી પણ છેલ્લે રાજસ્થાને જ બાજી મારી લીધી. ચેતેશ્વર પુજારાને ચેન્નાઇ સુપર કિંગ્સએ ખરીદ્યો છે. તેની બેઈઝ પ્રાઈઝ ૫૦ લાખ હતી અને ૫૦ લાખમાં જ વેચાયો હતો.

ક્રિસ મૉરિસને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરની ટીમે આ વર્ષે રિલીઝ કરી દીધો હતો. મૉરિસે છેલ્લી સિઝનમાં આરસીબી માટે બૉલર તરીકે શાનદાર પ્રદર્શન કર્યુ હતુ. છેલ્લી ઓવરોમાં તે પોતાની જોરદાબ બેટિંગથી કોઇ પણ બૉલરને પછાડી શકતો હતો.

ઓસ્ટ્રેલિયાના યંગ ક્રિકેટર રિચર્ડસને બધાને ચોંકાવી દીધા હતા. ઓસ્ટ્રેલિયા માટે ૯ આંતરરાષ્ટ્રીય મેચ રમનારા જાય રિચર્ડસનને પંજાબ કિંગ્સ ટીમે ૧૪ કરોડ રૂપિયામાં પોતાની ટીમમાં શામેલ કર્યો છે. કોઈને પણ આવી આશા નહોતી કે રિચર્ડસન પર આટલી બોલી લાગશે.

# ગુજરાતનો ડંકો : ભાવનગરનો ચેતન સાકરીયાને ૧.૨ કરોડમાં ખરીદ્યો રાજસ્થાને

ભાવનગર,તા.૧૮

સૌરાષ્ટ્રના ફાસ્ટ બોલર ચેતન સાકરિયાને રાજસ્થાન રોયલ્સની ટીમે ૧.૨ કરોડમાં ખરીદ્યો છે. તેણે તાજેતરમાં દિવ્યભાસ્કર સાથેના ઈન્ટરવ્યૂમાં પોતાની ક્રિકેટિંગ જર્ની વિશે વાત કરી હતી.

વરતેજ ગામના સાધારણ આર્થિક પરિસ્થિતિ ધરાવતા સાકરિયા પરિવારનો ચેતન બાળપણથી ક્રિકેટનો જબરો શોખ ધરાવતો હતો, પરંતુ એક તબક્કે આર્થિક સંકડામણથી ક્રિકેટનું સપનું રોળાય જાય તેવા સંજોગો ઊભા થયા હતા, પરંતુ ચેતનના મામા મનસુખભાઈએ પાર્ટ ટાઈમ કામ આપ્યું અને ક્રિકેટ પણ ચાલુ રખાવ્યું. બસ, અહીંથી ચેતને પાછું વળીને જોયું નથી અને આ વખતે IPL ઓક્શનમાં હોટ પ્રોપર્ટી બન્યો. ૨૨ વર્ષીય ફાસ્ટ બોલરે આ વખતે સૈયદ મુસ્તાક અલી ટ્રોફીમાં ૪.૯૦ના ઈકોનોમી રેટથી રન આપતાં ૧૨ વિકેટ લીધી.

પોતાની જર્ની વિશે વાત કરતાં ચેતને કહ્યું હતું, મેં ૧૩-૧૪ વર્ષની ઉંમરે રમવાનું શરૂ કર્યું. મારા પપ્પા (કાન્જીભાઈ) ટેમ્પો ચલાવતા હતા અને મમ્મી (વર્ષાબેન) હાઉસ વાઈફ છે. હું નાનપણથી ભણવામાં સારો હતો અને ફેમિલી ઈચ્છતું હતું કે હું ભણું અને આગળ જઈને અધિકારી બનું. હું ૧૨ સાયન્સ પાસ છું પણ એ પછી આગળ ભણી શક્યો નથી.

# ચાલુ મેચમાં આવ્યો હાર્ટએટેક : પુણેમાં ક્રિકેટ મેદાન પર જ થયું બેટ્સમેનું મૃત્યુ

પુણે,તા.૧૮

મહારાષ્ટ્રના પુણેનો એક શૉકિંગ વીડિયો સામે આવ્યો છે. અહીં જુન્નર વિસ્તારમાં એક ક્રિકેટ ટૂર્નામેન્ટમાં ચાલુ મૅચમાં ખેલાડીને હાર્ટ-અટેક આવતાં તેનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. ક્રિકેટની પિચ પર સર્જાયેલા ક્રિકેટરના મોતનાં દશ્યો કૅમેરામાં કેદ થઈ ગયાં હતાં. વીડિયોમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે બાબુ નલવાડે નામનો ખેલાડી નોન-સ્ટ્રાઈક પર ઊભો છે અને અમ્પાયર સાથે થોડી વાત કરે છે. આ પછી તે તરત જ પિચ પર બેસી જાય છે અને જોતજોતાંમાં ઢળી પડે છે. આ જોઈ એમ્પાયર તરત જ



બીજા ખેલાડીને બોલાવે છે. મહત્ત્વનું છે કે આ પછી બાબુ નલવાડે નામના ખેલાડીને તાત્કાલિક હૉસ્પિટલમાં લઈ ગયા હતાં. હૉસ્પિટલમાં ડૉક્ટરોએ ખેલાડીને મૃત જાહેર કર્યો હતો.

બાબુ નલવાડે નામના ખેલાડીનું મોત થતાં તેમનો પરિવાર મોટા આઘાતમાં છે અને તેમના મિત્રોને પણ વિશ્વાસ થતો નથી કે હવે તેમનો ફ્રેન્ડ આ દુનિયામાં નથી. ઉલ્લેખનીય છે કે આવું પહેલીવાર નથી કે કોઈ ખેલાડીને ચાલુ મૅચમાં હાર્ટ-અટેક આવ્યો હોય. આ પહેલાં પણ ઘણા ખેલાડીને ચાલુ મેચે હાર્ટ-અટેક આવ્યો છે.

# અમ્પાયર સાથેની નારાજગી કોહલીને ત્રીજી ટેસ્ટમાંથી કરી શકે છે બહાર

(જી.એન.એસ.)અમદાવાદ,તા.૧૭

ટીમ ઈન્ડિયાની કેપ્ટન વિરાટ કોહલી પર વધુ મોટી મુશ્કેલી આવી શકે છે. ઈંગ્લેન્ડ સામે હાલ ચાર મેચોની ટેસ્ટ સીરીઝ ચાલી રહી છે, અને બન્ને ટીમો એક-એક ટેસ્ટ જીતીને સીરીઝમાં બરાબરી પર છે, હવે આગામી ત્રીજી ટેસ્ટ મેચ અમદાવાદના ગ્રાઉન્ડ પર રમાવવાની છે. આ મેચ પહેલા વિરાટની મુશ્કેલીમાં વધારો થયો છે, રિપોર્ટ પ્રમાણે વિરાટને અમદાવાદની ટેસ્ટમાંથી બહાર થવુ પડી શકે છે, એટલે કે વિરાટને એક ટેસ્ટનો પ્રતિબંધ ઝીલવો પડી શકે છે.

ટીમ ઈન્ડિયાના કેપ્ટન વિરાટ કોહલીએ બીજી ટેસ્ટના ત્રીજા દિવસે એમ્પાયર નિતિન મેનનના એક ડિસીઝન પર નારાજગી દર્શાવી હતી અને તેમની સાથે ઘર્ષણ કરવા લાગ્યો હતો. મેદાન પર ખાસ્સી વાર સુધી વિરાટે એમ્પાયર સાથે દલીલો કરી હતી, આ ઘટના રૂટના આઉટ ના આપવાના કારણે ઉભી થઈ અને વિરાટ એમ્પ્યાર પર ગુસ્સે થઈ ગયો હતો. વિરાટની આ ભૂલના કારણે હવે ત્રીજી ટેસ્ટ રમવા માટે તેના પર બેન લાગી શકે છે. આઈસીસીના નિયમ પ્રમાણે એમ્પાયરના ફેંસલા પર નારાજગી દર્શાવવાના કારણે ખેલાડી પર લેવલ ૧ કે લેવલ ૨નો ચાર્જ લાગી શકે છે. આ ચાર્જના કારણે ખેલાડીને ૧ થી ૪ની વચ્ચે જ ડિમેરિટ પૉઇન્ટ આપવામાં આવે છે.

# મોટેરા સ્ટેડિયમમાં તૈયારીઓ માટે એક મહિનો રોકાશે ભારતીય ટીમ અમદાવાદમાં

(જી.એન.એસ.)અમદાવાદ,તા.૧૭

ઈંગ્લેન્ડની ટીમ ભારતના પ્રવાસ પર છે, આ પ્રવાસની શરુઆત ૫ ફેબ્રુઆરીએ ચેન્નાઈથી શરુ કરી હતી અને હવે અહીં પહેલી બે ટેસ્ટ બાદ બન્ને ટીમો વચ્ચે અમદાવાદના સ્ટેડિયમમાં ટક્કર થવાની છે. ૪ ટેસ્ટની સિરીઝમાં ભારત અને ઈંગ્લેન્ડ ૧-૧ની બરાબરી પર પહોંચી ગયા છે. હવે અમદાવાદના દુનિયાના સૌથી વિશાળ મોટેરા સ્ટેડિમયમાં ત્રીજી અને ચોથી ટેસ્ટ રમાવાની છે. આ પછીની ટી-૨૦ સીરિઝ માટે પણ બન્ને ટીમો અહીં જ રોકાશે. એટલે કે ભારત અને ઈંગ્લેન્ડની ટીમ અમદાવાદમાં લગભગ ૧ મહિના જેટલું રોકાણ કરવાની છે.

વિશ્વના સૌથી મોટા સ્ટેડિયમમાં પહેલી મેચ ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ટેસ્ટ મેચના સ્વરુપમાં રમાવાની છે. આ મેચ ૨૪મી ફેબ્રુઆરીથી શરુ થઈ રહી છે. જેના માટે સ્ટેડિયમમાં તમામ પ્રકારની જરુરી તૈયારીઓ કરી દેવામાં આવી છે. અહીં દર્શકો પણ હાજર રહેવાના છે. કોરોના ગાઈડલાઈન્સને ધ્યાનમાં રાખીને અહીં સોશિયલ ડિસન્ટિસંગ જળવાઈ રહે તે પ્રકારની વ્યવસ્થા કરવામાં આવી છે. જ્યારે ખેલાડીઓને સુરક્ષાને ધ્યાનમાં રાખીને સ્ટેડિયમ પર કડક સુરક્ષા વ્યવસ્થા પણ ગોઠવી દેવામાં આવી છે.

આ સિવાય શહેરમાં જરુરી પોલીસ વિભાગને પણ ખેલાડીઓના હોટલથી સ્ટેડિયમ તરફ જવાના માર્ગ અને તેઓ જો બહાર જાય તો કઈ પ્રકારની વ્યવસ્થા ગોઠવવી તે તમામ પ્રકારની વ્યવસ્થા કરી દેવામાં આવી છે. મેચ માટે ઓનલાઈન ટિકિટનું વેચાણ પણ શરુ કરી દેવામાં આવ્યું છે. ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ૨૪મીએ ત્રીજી ટેસ્ટ રમાયા પછી ૪ માર્ચના રોજ અંતિમ ટેસ્ટ મેચ રમાવાની છે. આ સિરીઝમાં હાલ બન્ને ટીમો ૧-૧ મેચ જીતીને બરાબર પર છે એટલે મોટેરા સ્ટેડિયમમાં રમાનારી મેચમાં કાંટાની ટક્કર થવાની સંભાવનાઓ દેખાઈ રહી છે.

# જેકલીન ફર્નાન્ડીઝે ફોટો શેર કરતા સોશિયલ મીડિયામાં આવી અવનવી કોમેન્ટ્સ



(જી.એન.એસ.)મુંબઈ,તા.૧૭

બૉલીવુડ અભિનેત્રી જેકલીન ફર્નાન્ડીઝએ પોસ્ટ કરેલ એક ફોટો સાથે પોતાની હોટનેસ કોંટીએન્ટને એક બેલેરિયાના રૂપમાં તૈયાર કરી. એક બેલેરિ અવતારમાં પોસ્ટ કરેલ બે ફોટો હંમેશાની જેમ ફિટ દેખાઈ રહી છે. જેકલીન ફર્નાન્ડીઝએ પોતાની ફોટોને શેર કરતા પોતાના કેપ્શન, એક શેર, એક વાઘ, એક ઈન્દ્રધનુષ અને એક દિલનું ઈમોજી પોસ્ટ કર્યુ. ફોટો શેરિંગ વેબસાઈટ પર આ પોસ્ટને ૧૩ લાખ ૬૭ હજાર લાઈક્સ મળ્યા છે.

ફેન્સ કોમેન્ટ સેક્સનમાં આ વાત પર જોર આપી રહ્યા છે કર તે પોતાના ગ્રેસફુલ અને સેન્સિબલ લુક કેવી રીતે મેન્ટેન કરી રહી છે. અભિનેત્રીએ હાલમાં જ કહ્યું હતું કે હું પ્રશંસકોને સ્વાસ્થ્ય જીવન શૈલી બનાવી રાખવા માટે પ્રોત્સાહિત કરવા માટે ફિટનેસ સિરીઝ શરુ કરી છે. એમનો ૨૦ મિનિટનો વર્કઆઉટ વિડીયો પ્રશંસકોને પ્રેરિત કરવાની એક રીત છે, જેથી એમના ફેન્સ જ્યાં પણ હોય સરળતાથી વર્કઆઉટ કરી શકે. બૉલીવુડ અભિનેત્રી જેકલીન ફર્નાન્ડીઝઆ વર્ષે ઘણા પ્રોજેક્ટ્સમાં વ્યસ્ત છે.

આ વચ્ચે જેકલીન ફર્નાન્ડીઝએ જણાવ્યું હતું કે તેમના દિવસની શરૂઆત યોગાથી થાય છે અને મારી બુલેટપ્રુફ કોફી જે મને દિવસભર ફ્રેશ રહેવામાં મદદ કરે છે. હું સવારે એક જર્નલ રાખું છું જે મને પોતાના વિચારોને ચેનલાઈઝ કરવામાં મદદ કરે છે. જણાવી દઈએ કે, 'બચ્ચન પાંડે', 'ભૂત પોલીસ' અને 'સર્કસ' જેવી ફિલ્મ છે, જેમનો ૨૦૨૧માં તેઓ ભાગ હશે. જેકલીન ફર્નાન્ડીશની વર્ષ ૨૦૨૧માં ૪ મોટા બજેટની ફિલ્મ છે, જેઉ નિર્માણ મોટા બેનર હેઠળ કરવામાં આવશે.

# કરણ જોહરે અભિનેત્રી તૃપ્તિ ડિમરીને કરી લોન્ચ

(જી.એન.એસ.)મુંબઈ,તા.૧૭

સુશાંત સિંહ રાજપૂતનાં મૃત્યુ પછી નેપોટિઝમને પ્રોત્સાહન આપવાનો જેના પર આરોપ લાગ્યો એવા ફિલ્મ નિર્માતા કરણ જોહર હવે પોતાની છબી સાફ કરવાનો પુરો પ્રયાસ કરી રહ્યો છે એવું લાગી રહ્યો છે. જેના કારણે હાલમાં જ કરણ જોહર અભિનેત્રી તૃપ્તિ ડિમરીને હિરોઇન તરીકે લોન્ચ કરી રહ્યો છે. કરણે ઉત્તરાખંડની તૃપ્તિ ડિમરીનો એક વીડિયો શેર કર્યો છે, જેણે ફિલ્મ 'બુલબુલ' માં દર્શકોનો પ્રેમ અને પ્રથમ ફિલ્મફેર ઓટીટી એવોર્ડ જીત્યો હતો. વીડિયોમાં તૃપ્તિ જુદા જુદા ગ્લેમરસ અવતારમાં ફોટોશૂટ કરી રહી છે.

વીડિયો શેર કરતી વખતે કરણ જોહરે લખ્યું – 'તૃપ્તિ ડિમરીનું ગર્વથી સ્વાગત છે. તૃપ્તિએ બુલબુલ અને લૈલા મજનુમાં શાનદાર પ્રદર્શન આપ્યું છે. તે ખૂબ જ પ્રતિભાશાળી, ગતિશીલ છે અને તેમાં એક આગ છે જે તેને વધુ તેજસ્વી બનવામાં મદદ કરશે. આ સાથે તૃપ્તિનું નામ એ યાદીમાં શામેલ થઈ ગયું છે કે જેમાં આલિયા ભટ્ટ અને કિયારા અડવાણીના નામ શામેલ છે. તૃપ્તિના તમામ કામ હવે કરણ જોહરની ટેલેન્ટ મેનેજમેન્ટ કંપની જોશે. કરણ જોહરની ટેલેન્ટ મેનેજમેન્ટ કંપની નક્કી કરશે કે તૃપ્તિ હવે કઈ ફિલ્મ કરશે શું નહીં કરે.



કંપની તેમની ફી અંગે વાટાઘાટ પણ કરશે. બદલામાં, કંપની તેમની દરેક ફિલ્મમાંથી એક નિશ્ચિત રકમ લે છે. કરણ જોહરે વરુણ ધવન, સિદ્ધાર્થ મલ્હોત્રા અને આલિયા ભટ્ટને લોન્ચ કરીને 'સ્ટુડન્ટ ઓફ ધ યર' ફિલ્મ કરી હતી. હવે આ ત્રણ સ્ટાર્સ કરણ જોહરની કંપનીને મેનેજ કરે છે.

# બુક વિશે ચાલતા ઈનટરવ્યૂમાં પ્રિયંકાએ રણવીરને પૂછ્યો અંગત સવાલ



(જી.એન.એસ.)મુંબઈ,તા.૧૭

બોલિવૂડ અને હોલિવૂડ અભિનેત્રી પ્રિયંકા ચોપરાનું 'અનફિનિશ્ડ' પુસ્તક ૯ ફેબ્રુઆરીના રોજ રીલિઝ થયું છે. રિલીઝ થયા પછીથી જ પ્રિયંકા તેના પ્રમોશનમાં વ્યસ્ત છે. આ પુસ્તકમાં તેમણે તેમના જીવનના ઘણા મનોરંજક ઘટસ્ફોટ કર્યા છે. પ્રિયંકા પોતાના પુસ્તકના પ્રમોશન માટે વર્ચુઅલ મીડિયાની સાથે સોશિયલ મીડિયાની પણ મદદ લઈ રહી છે. પ્રિયંકાએ સોનાલી બેન્દ્રે, લીલી સિંઘ અને લેખક ગ્લેનન ડોઇલ સાથે ઓનલાઈન ચર્ચા કરી છે. હવે તેણે બોલિવૂડ એક્ટર રણવીર સિંહ સાથે તેમના પુસ્તકનું વર્ચુઅલ પ્રમોશન પણ કર્યુ હતું. પ્રિયંકા ચોપરાએ રણવીર સિંહ સાથે વર્ચુઅલ રીતે તેના પુસ્તક વિશે વાત કરવા સામેલ થઈ હતી.

આ દરમિયાન રણવીર સિંહની પત્ની અને અભિનેત્રી દીપિકા પાદુકોણ અને પ્રિયંકા ચોપરાના પતિ નિક જોનાસ વિશે પણ વાતો કરી હતી. ઈન્સ્ટાગ્રામ પર વાયરલ થયેલા એક વીડિયોમાં રણવીરે પ્રિયંકાને કહ્યું છે કે દરેકને નિક જીજુ વિશે વધુ જણાવો. પ્રિયંકા કહે છે કે તે નિકની સારી મિત્ર છે. આ વાતચીતમાં રણવીર કહે છે કે ડિસેમ્બર ૨૦૧૮માં પ્રિયંકા લગ્નના રિસેપ્શનમાં નિક જોનાસને મળી હતી.

તે માણસ ખરેખર મહાન અને સજ્જન છે. અમે સાથે મળીને ઘણી મસ્તી કરી છે. આ વચ્ચે જ પ્રિયંકાએ રણવીરને પૂછ્યું કે શું તે ક્યારેય દીપિકાના કબાટમાંથી કપડા ચોર્યા છે? આ સવાલ પર રણવીરે ના પાડી અને કહ્યું કે એ મારા કપડા ચોરી કરે છે. પ્રિયંકાએ કહ્યું કે 'મે નિકના કપડા ચોર્યા છે અને મને લાગ્યું હતું કે તમે બંને પણ આવું કામ કરતાં હશો. પ્રિયંકા ચોપડા અને રણવીર સિંહે બાજીરાવ મસ્તાની, 'દિલ ધડકને દો'માં સાથે કામ કર્યું છે.

# ચૂંટણી આવતા અચાનક જ ખોવાયેલ કોરોના ચૂંટણી બાદ ફેલાવાની દહેશત

(જી.એન.એસ.)અમદાવાદ,તા.૧૮



દિવાળી બાદ કોરોનાનાં કેસો વધતાં સરકાર અને લોકોમાં ભારે ફફડાટ ફેલાઈ ગયો હતો. અને તાબડતોડ નાઈટ કરફ્યુ સહિતનાં પ્રતિબંધો લાદી દેવામાં આવ્યા હતા. જે બાદ કોરોનાનાં કેસોમાં ઘટાડો જોવા મળ્યો છે. પણ હવે ચૂંટણી અને લગ્ન પ્રસંગો આવતાં જ લોકો કોરોનાને ભૂલી ગયા છે. ચૂંટણીઓની રેલીમાં અને લગ્નના મેળાવડાંઓના કારણે ફેબ્રુઆરી તથા માર્ચ મહિના દરમિયાન કોરોનાનાં કેસો વધવાની દહેશત સેવાઈ રહી છે.

લગ્ન પ્રસંગમાં હવે સરકારે ૨૦૦ લોકોને મંજૂરી આપી છે. કોરોનાના કેસો નિયંત્રિત થતાં લોકોના મેળાવડાનું પ્રમાણ વધી જવા પામ્યું છે. એટલું જ હનીં આ મેળાવડામાં માસ્ક પણ લોકો નથી પહેરી રહ્યા. લોકોની બેદરકારીને કારણે કોરોનાનાં કેસો વધી શખે છે. કેસો ઘટી રહ્યા હોવાનું જાણીને લોકો બિન્દાસ બનતાં જાય છે. હોટેલ-રેસ્ટોરાંમાં લોકોની ભીડ થવા લાગી છે. માસ્ક પહેરવા મુદ્દે લોકોની બેદરકારી તથા સામાજિક અંતર ન જાળવવાના કારણે કોરોનાનાં કેસો વધવાની ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી છે. માર્ચ સુધીમાં ફરીથી કોરોના બેકાબૂ થવાની દહેશત સેવાઈ રહી છે. કારણે કે લગ્નના મેળાવડાઓ ઉપરાંત હવે ચૂંટણીને લઈને રાજકીય મેળાવડા શરૂ થયા છે. ચૂંટણીની જાહેર સભાઓ અને રેલીમાં મોટી સંખ્યામાં લોકો ઉમટી રહ્યા છે. તેમાં પણ માસ્ક અને સોશિયલ ડિસ્ટન્સિંગના ધજાગરા ઉડી રહ્યા છે. આ સ્થિતિએ કોરોના બેકાબૂ થાય તો નવાઈ નહીં. તબીબોએ પણ ચૂંટણીમાં થઈ રહેલી સભાઓ, સરઘસ, મેળાવડાઓને લઈને કોરોના વકરવાની દહેશત વ્યક્ત કરી છે.

ગુજરાતના મુખ્યમંત્રી, સાંસદ વિનોદ ચાવડા તથા પ્રદેશ મોવડી ભીખુ દલસાણીયા કોરોના પોઝિટિવ છે. આ સ્થિતિએ કોરોનાનું વધતું જોખમ નજર સમક્ષ દેખાઈ રહ્યું છે. છતાં સરકાર જબરદસ્તી ગાણું ગાઈ રહી છે કે કોરોનાનાં કેસોનું જોખમ ઘટી રહ્યું છે. જે આશ્ચર્ય સર્જે છે.

# રાજ્યભરના ભાજપના ઉમેદવારો બિનહરીફ

## કોંગ્રેસે ઉમેદવાર ન ઉતારતા મોકરીયા તથા પ્રજાપતિ રાજ્યસભામાં સીધા પહોંચશે



ચક્રવાત ટીમ ગાંધીનગર, તા.૧૮

ગુજરાતમાં ચૂંટાઈને રાજ્યસભામાં ગયેલા અભય ભારદ્વાજ તથા અહેમદ પટેલના નિધનથી ખાલી પડેલ બન્ને બેઠક કબ્જે કરવાના વ્યુહમાં ભાજપને મહદઅંશે સફળતા મળી રહ્યાનાં સંકેતો પ્રાપ્ત થઈ રહ્યા છે. ચૂંટણી પંચે બન્ને બેઠકની અલગ અલગ મતપત્રકથી ચૂંટણી યોજવા જાહેરાત કરેલ હતી. ભાજપ દ્વારા ખાલી પડેલ બન્ને બેઠક માટે રામભાઈ મોકરીયા તથા દિનેશ પ્રજાપતિની પસંદગી જાહેર કરી હતી આજે ભાજપનાં બન્ને ઉમેદવારોએ ઉમેદવારી પત્રકો ગાંધીનગર ખાતે ભર્યા હતા. ખાલી પડેલ બન્ને બેઠકો પર યોજાનાર ચૂંટણીનું મતદાન ખેક જ દિવસે પરંતુ અલગ અલગ બેલેટથી યોજવા નિર્ણય કરતા કોંગ્રેસ પક્ષ પાસે ધારાસભ્યોનું બેઠક જીતવા માટેનું સંખ્યાબળ ન હોવાથી ઉમેદવાર ઉતારેલ ન હોવાથી ભાજપનાં બન્ને ઉમેદવાર નજીકનાં દિવસોમાં બિનહરીફ જાહેર કરવામાં આવશે. મોકરીયાને આશરે સાડા પાંચ વર્ષનો તથા પ્રજાપતિને આશરે ત્રણેક વર્ષ રાજ્યસભાનાં સભ્યનો સમયગાળો મળશે.

# દક્ષિણ-મધ્ય ગુજરાતમાં હવામાન પલ્ટાતા માવઠું : ખેડૂતોમાં ઠેર ઠેર ચિંતાનો માહોલ

(જી.એન.એસ)મુંબઈ,તા.૧૮



હવામાન ખાતાની આગાહીના પગલે રાજ્યના અનેક વિસ્તારોમાં આજે પલટો જોવા મળી રહ્યો છે. આગાહીના પગલે દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારમાં ગુરુવાર, શુક્રવારે અને શનિવારે કમોસમી માવઠું થવાની આગાહી કરવામાં આવી હતી, જેના ભાગરૂપે હાલ દાહોદના વાતાવરણમાં પલટો જોવા મળ્યો છે. ભરબપોરે દાહોદના કતવારા ગામમાં કરા પડ્યા છે. એટલું જ નહીં, દાહોદ સહિત બોરખેડા, લીલર, કટલા, ખાંગેલામાં પણ કમોસમી માવઠું પડ્યું છે. માવઠાથી ખેડૂતોની ચિંતા વધી ગઈ છે. હાલ સમાચાર મળી રહ્યા છે કે ડાંગ જિલ્લાના વાતાવરણમાં પણ પલટો જોવા મળ્યો છે. આહવા અને સુબિરમાં કમોસમી વરસાદ પડી રહ્યો છે અને કમોસમી વરસાદથી ખેડૂતોની ચિંતા વધી ગઈ છે.

અત્રે નોંધનીય છે કે હવામાન વિભાગે આગાહી કરી હતી કે ૧૮ અને ૧૯ ફેબ્રુઆરીના દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં પલટો આવશે અને વાદળછાયા વાતાવરણ સાથે સામાન્ય વરસાદ પડશે. ઉત્તર કોંકણ અને વિદર્ભમાં એક સાક્લોનિક સર્ક્યુલેશન સર્જાશે. જેને કારણે હવામાન વિભાગે આગાહી કરી છે કે, ૧૮ અને ૧૯ ફેબ્રુઆરીના તાપી અને ડાંગના વિસ્તારમાં સામાન્ય વરસાદ થવાની સંભાવના છે.

૧૮થી ૨૧માં અરબી સમુદ્ર તરફથી ભેજ વાળા વાદળો ગુજરાત ના કેટલાક ભાગોમાં આવવાથી માવઠું થવાની શકયતા છે. વધુ ભેજ વાળા વાદળો હશે તો ડાંગ, વલસાડ, તાપી, સાપુતારા તેમજ પંચમહાલ, દાહોદ, મહીસાગર અને મધ્ય ગુજરાતના ભાગોમાં કમોસમી વરસાદ થઈ શકે. તેમજ અરવલ્લી, સાબરકાંઠા તેમજ સૌરાષ્ટ્ર વાતાવરણ વાદળછાયું વાતાવરણ રહેવાની શક્યતા છે. ૨૧થી ૨૩ ફેબ્રુઆરીમાં દેશના ઉત્તરીય પર્વતીય ભાગોમાં હિમ વર્ષા અને કમોસમી વરસાદ થવાની શકયતા રહેતા સવારમાં ઠંડા પવન ફૂંકાશે.

# પોલીસ અને કલેક્ટરને ખીસ્સામાં લઈ ફરૂ છું : ભાજપ ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવ

(જી.એન.એસ.)વડોદરા,તા.૧૮



વડોદરાના વાઘોડિયાથી ભાજપના ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવે ફરી એકવાર વિવાદિત નિવેદન આપ્યું છે. ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવનું વિવાદીત નિવેદને હાલ લોકોમાં ચર્ચા ઉપજાવી છે. સયાજીપુરા જિ.પંચાયતના ઉદ્ઘાટન વખતે ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવે બોલ્યા હતા કે, 'પોલીસ તંત્ર અને કલેક્ટર મારા ખિસ્સામાં છે. કોઈની તાકાત નથી કે મારો કોલર પકડે. દેશ આઝાદ છે તો આપણે પણ આઝાદ છીએ.' આ નિવેદનનો વીડિયો પણ અમારી પાસે છે તે પણ જોઈલો. જોકે, તેમના આવા નિવેદન પર રાજ્યના નાયબ મુખ્યમંત્રીએ પણ આકરી પ્રતિક્રિયા આપી છે. નીતિન પટેલે નિવેદન આપતા જણાવ્યું કે, 'ભાજપના હોદેદારોએ સંયમ જાળવવો પડશે અને કાયદાનું પણ સન્માન જાળવવું પડશે.'

વાઘોડિયાના ભાજપના વિવાદિત ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવે સયાજીપુરા જિલ્લા પંચાયત ભાજપ કાર્યાલયના ઉદ્ઘાટન પ્રસંગે નિવેદન આપતા જણાવ્યું હતું કે, 'પોલીસ તંત્ર અને કલેક્ટર વલેકટરને હું મારા ખિસ્સામાં લઈને ફરું છું.' આ ઉપરાંત મધુ શ્રીવાસ્તવે વધુમાં જણાવ્યું હતું કે, 'કોઈની તાકાત નથી કે મારો કોલર પકડી બતાવે. દેશ આઝાદ છે, આપણે પણ આઝાદ છીએ.

# પ્રચારની નવી રીત : તેલના ભાવ વધારા સામે રાજકોટમા કોંગી ઉમેદવારે ગળામાં ડબ્બો લટકાવી કર્યો વિરોધ

(જી.એન.એસ.)રાજકોટ,તા.૧૮



મહાનગરપાલિકાની ચૂંટણી પ્રચાર-પ્રસાર માટે ગણતરીના કલાકો બાકી રહ્યાં છે, ત્યારે તમામ રાજકીય પાર્ટીના ઉમેદવારોએ પ્રચાર-પ્રસાર માટે એડીચોટીનું જોર લગાવ્યું છે. ચૂંટણી પ્રચારમાં કોંગ્રેસ મોંઘવારીના મુદ્દા સાથે મેદાનમાં ઉતર્યું છે. પેટ્રોલ ડીઝલ તથા તથા ખાદ્ય તેલમાં ભાવવધારાનો મુદ્દો બનાવીને કોંગ્રેસના ઉમેદવારો પ્રચાર કરી રહ્યાં છે. ત્યારે આજે કોંગ્રેસના ઉમેદવારો તેલમાં ભાવ વધારાને લઈને તેલનો ડબ્બો લઈને ચૂંટણી પ્રચારમાં ઉતર્યા હતા.

રાજકોટ મનપાના વોર્ડ નંબર સાતના કોંગ્રેસના રણજીત મૂંધવા અને તેના સાથી ઉમેદવારો દ્વારા અનોખી રીતે પ્રચાર-પ્રસાર કરવામાં આવ્યો છે. હાલ એક તરફથી દિવસે અને દિવસે ખાદ્યતેલ તેમજ ઈંધણના ભાવમાં વધારો જોવા મળી રહ્યો છે. જેના કારણે લોકોમાં રોષ ભભૂકી રહ્યો છે. ત્યારે લોકોના રોષને મતમાં ફેરવવા કોંગ્રેસના ઉમેદવારો ગળામાં ખાલી તેલના ડબ્બા તેમજ નળની ખાલી પાઈપલાઈન સાથે પ્રચારમાં ઉતર્યા હતા. તેમજ રાજકોટ શહેર પોલીસ દ્વારા આપવામાં આવેલા ઈ-મેમોને લઈને પણ પ્રચાર-પ્રસાર કરી રહ્યા છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં કોંગ્રેસે મોંઘવારીને મુદ્દો બનાવ્યો છે.

તો બીજી તરફ, સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈ ભાજપ દ્વારા ૨૦ જેટલા સ્ટાર પ્રચારકોની યાદી બનાવવામાં આવી હતી. ત્યારે સ્ટાર પ્રચારકોની યાદીમાં રાજ્યના મુખ્યપ્રધાન વિજય રૂપાણીનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો. પરંતુ વિજય રૂપાણી કોરોના સંક્રમિત છે. ત્યારે ભાજપ દ્વારા પોતાના સ્ટાર પ્રચારક વિજય રૂપાણીની પ્રત્યક્ષ હાજરી ન હોવા છતાં પરોક્ષ હાજરી બતાવવાના તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. રાજકોટ શહેરમાં ઠેરઠેર મુખ્યપ્રધાન વિજય રૂપાણીની સંવેદનશીલતા પ્રદર્શિત કરતા હોય તે પ્રકારના પોસ્ટર લગાડવામાં આવ્યા છે. ઠેરઠેર વિજય રૂપાણી દ્વારા કરવામાં આવેલા રાજકોટ શહેર માટેના વિકાસ કાર્યો તેમજ તેમની સંવેદનશીલતા જન જન સુધી પહોંચાડવા રાજકોટ શહેર ભાજપ દ્વારા પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

# બંડખોરોને દરવાજો બતાવતી ભાજપ-કોંગ્રેસની નેતાગીરી

## પક્ષની શિસ્તમાં ન રહેતા આગેવાનોને પક્ષ દ્વારા સખણા રહેવા આડકતરો આદેશ

ચક્રવાત ટીમ રાજકોટ, તા.૧૮

રાજ્યનાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીનો કાર્યક્રમ જાહેર થતાં જ વંડી ઠેકવાની તેમજ પક્ષ પ્રત્યે જાહેરમાં નારાજગી વ્યક્ત કરનાર પોતાને સાચા લોકસેવક માનતા આગેવાનો દ્વારા પક્ષ સામે બળવા કરવા કે પક્ષને નુકશાન પહોંચાડવાની પ્રવૃત્તિઓ ચલાવનાર કાર્યકરો-આગેવાનોને પક્ષે શિસ્તમાં રહેવા સમજાવ્યા બાદ ન માનતા હોવાથી પક્ષની નેતાગીરી ગઈકાલ સુધી મીઠી મધ જેવી લાગતી હતી તે અચાનક કડવી ઝેર લાગતી હોય તેવા નેતાઓને પ્રદેશ કોંગ્રેસ સમિતિ તેમજ પ્રદેશ ભાજપ કે સ્થાનિક કક્ષાએથી પક્ષમાંથી હાંકી કાઢવાના નિર્ણયો સતત જાહેર થતા રહ્યા છે. આજે ભાજપે જૂનાઢ જિલ્લા-શહેર ભાજપનાં પિયુષ કામળીયા તથા રામજી ચૂડાસમા ઉપરાંત પાલનપુર શહેર પાલિકામાં ભાજપના ચાર કાર્યકરોએ આમ આદમી પક્ષમાંથી ઉમેદવારી નોંધાવતા તમામને પક્ષમાંથી દૂર કરાયા છે. તેમજ કોંગ્રેસ દ્વારા અરવલ્લી કોંગ્રેસના કિર્તી પટેલને પક્ષનાં હોદા પરથી મુક્ત કરી પક્ષમાંથી હાંકી કાઢ્યા છે.

**ગઈ કાલ સુધી પક્ષના ગુણગાન ગાતા આગેવાનો અને નેતાઓને અચાનક ટીકીટ ન મળતા હરીરસ ખાટો થયો**

# રાજ્યમાં વાલીઓની ૪૦% સંમતિ વચ્ચે ધો. ૬થી ૮નું શિક્ષણ કાર્ય શરૂ કરાયું

(જી.એન.એસ.)અમદાવાદ,તા.૧૮



કોરોનાના કેસ નિયંત્રણમાં આવતા શિક્ષણ વિભાગ આખરે શાળાના એક પછી એક વર્ગો શરૂ કરી રહ્યું છે. બીજી તરફ પ્રાથમિક શિક્ષણ ના ધોરણ ૬થી ૮ના વર્ગો શરૂ તો થયા છે, પરંતુ ૪૦ ટકા વાલીઓ બાળકોને શાળાએ મોકલવામાં અસહમત જણાઈ રહ્યા છે. વાલીઓએ બાળકોને ઓનલાઈન શિક્ષણ ચાલુ રાખી 'થોભો અને રાહ જુઓ'ની નીતિ અપનાવી છે. જેના કારણે ઘણી શાળાઓમાં વિદ્યાર્થીઓની પાંખી હાજરી જોવા મળી છે.

૧૧ મહિના બાદ આખરે શિક્ષણ વિભાગે પ્રાયમરી શિક્ષણના ધોરણ ૬થી ૮ના વર્ગો પણ શરૂ કર્યા છે. ૧૧ મહિનાથી શાળામાં અભ્યાસથી દૂર રહેલા બાળકોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો. જોકે, વર્ગોમાં વિદ્યાર્થીઓની પાંખી હાજરી જોવા મળી. અમદાવાદની વાત કરીએ તો શહેરની મોટાભાગની શાળાઓમાં અંદાજે ૪૦ ટકા વિદ્યાર્થીઓએ શાળાએ આવવાનું ટાળ્યું છે. જે પ્રકારે હાલમાં કોરોનાના કેસ ફરીથી વધાવાની શરૂઆત થઈ છે તેને જોતા વિદ્યાર્થીઓના વાલીઓ થોભો અને રાહ જુઓની નીતિ અપનાવી રહ્યા છે. કેટલાક વાલીઓ અઠવાડિયા બાદ નિર્ણય લેશે અથવા માર્ચની શરૂઆતમાં બાળકોને શાળાએ મોકલે તેવું હાલ શાળાના સંચાલકોને લાગી રહ્યું છે. શહેરની અમુક ખાનગી શાળાઓએ પણ પહેલી માર્ચથી સ્કૂલ શરૂ કરવાનો નિર્ણય કર્યો છે. ઘણી શાળાઓએ ઓનલાઈન અભ્યાસ પૂર્ણ કરવી દીધો હોઈ માત્ર એકઝામ માટે જ શાળા શરૂ કરશે તેવો અભિપ્રાય પણ શાળા સંચાલકો સામે આવી રહ્યા છે.

# મહાપાલિકાની મતગણતરી મામલે વડી અદાલત આજે ચુકાદો આપશે

## બીજા તબક્કાનાં મતદાન પહેલા મહાપાલિકાનાં પરિણામ જાહેર કરવા સામે અરજદારે વાંધો ઉઠાવેલ



ચક્રવાત ટીમ રાજકોટ, તા.૧૮

રાજ્યનાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીનું મતદાન પંચે જાહેર કરેલા કાર્યક્રમ અનુસાર બે તબક્કામાં થશે પરતુ બન્નેના પરિણામો મતદાન પૂર્ણ થય તેના બીજા દિવસે યોજનાર હોવાથી ૬ મહાપાલિકાના મતદાન બાદ તેની ગણત્રી અને પરિણામ તા. ૨૩ના જાહેર કરવા તેમજ અન્ય ચૂંટણીનું પરિણામ મતદાનના બીજા દિવસે (મત ગણતરી) નક્કી કરાયેલ છે. મહાપાલિકાની ચૂંટણીનાં પરિણામો જિલ્લા-તાલુકા પંચાયતો તથા નગરપાલિકાનું મતદાન યોજાય તે પહેલા પાંચેક દિવસે થતું હોવાથી અરજદાર દ્વારા આ મામલે ૬ મહાનગરપાલિકાની મતગણત્રી જિલ્લા-તાલુકા પંચાયતો નગરપાલિકાનાં મતદાન બાદ યોજવા માગણી ઉઠાવવામાં આવેલ જે મામલે અદાલતમાં તાકિદની સુનાવણીની પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ જે મામલાનો ચુકાદો આવતીકાલે (શુક્રવારે) વડી અદાલત દ્વારા આપવામાં આવનાર છે.

# નડીયાદના ડભાણ પાસે ૨૫ મિનીટમાં બે અકસ્માત : ત્રણ વ્યક્તિ ઈજાગ્રસ્ત

(જી.એન.એસ.)નડિયાદ,તા.૧૮



નડિયાદના ડભાણ પાસે અકસ્માતની બે ઘટના ઘટી છે. બુધવારની રાત્રે માત્ર ૨૫ મિનીટમાં બે જૂદા જૂદા અકસ્માત થયા છે. જેમાં ડભાણ-કમળો રોડ પર રોંગ સાઈડે આવતી રિક્ષા લોડિંગ ટેમ્પો સાથે અથડાઈ હતી. જ્યારે બીજી ઘટનામાં ડભાણ ચોકડી પાસે આઈસરે એક એક્ટિવાને અડફેટે લીધું હતું. બુધવારે રાત્રે ૨૫ મિનીટના ગાળામાં બનેલી આ બે અકસ્માતની ઘટનામાં ત્રણ લોકોને ઈજા પહોંચી હતી. જેમને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. બનાવ અંગે પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

નડિયાદના ડભાણ નજીક ગત રાત્રે આશરે સવા આઠ એક વાગ્યાની આસપાસ કમળા રોડ ઉપરના બ્રીજ પાસે એક અકસ્માતનો બનાવ બન્યો છે. જેમાં ડભાણ તરફથી રોંગ સાઈડે આવતી પેસેન્જર રિક્ષા સામેથી આવતા માલવાહક ટેમ્પો સાથે ભટકાઈ પડી હતી. આ અકસ્માતમાં રિક્ષાને નુકસાન થયું છે. અકસ્માત બાદ આસપાસના લોકો દોડી આવી ઘાયલ રિક્ષા ચાલક અને અન્ય બે પેસેન્જરોને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સારવાર અર્થે ખસેડ્યા હતા. અંધારામાં રિક્ષા ચાલક ભ્રમીત થઈ જતાં રોંગ સાઈડે વાહન લઈ ચઢી આવ્યો અને સામેથી આવતી લોડિંગ ટેમ્પો સાથે રિક્ષા અથડાવી અકસ્માત કર્યો હોવાનું આસપાસના સ્થાનિકો જણાવી રહ્યા છે. અહીંયા સ્ટ્રીટ લાઈટનો અભાવ છે ઉપરાંત ભયાનક વળાંક હોવાને કારણે દિશા સૂચક બોર્ડ કે કોઈપણ પ્રકારની નિશાની ન હોવાને કારણે અવારનવાર આ જગ્યાએ નાના મોટા અકસ્માતો બને છે.









# ખેડા જિલ્લા કલેક્ટર રસી લીધા બાદ ૧૫ દિવસે કોરોનાગ્રસ્ત થયા

## અગાઉ રસી લીધા બાદ હરિયાણાના કેબીનેટ મંત્રી પણ કોરોનાની ઝપટમાં આવ્યા હતા

ચક્રવાત ટીમ ગાંધીનગર, તા.૧૮

દેશમાં છેલ્લા દશ મહિના સુધી સામાન્ય માનવીમાં મોટો ભય સર્જનાર કોરોનાની કામચલાઉ રસી શોધવામાં વિશ્વના વૈજ્ઞાનિકો-સંશોધકોને આશરે ૧૦ માસની તનતોડ મહેનત બાદ સફળતા મળ્યાનો વિશ્વના અનેક દેશોએ દાવો કરેલ છે. ભારતમાં પણ કોરોનાની રસી છેલ્લા એકાદ માસ પહેલા આવતાં તેમની પ્રાયોગિક ચકાસણી બાદ અનેક સરકારી કર્મચારીઓ તેમજ આઉટ સોર્સીંગનાં કર્મચારીઓને રસી (ઘાણાને પરાણે) આપવામાં આવ્યા બાદ ચાલુ માસનાં પ્રારંભથી અમલદારોને પણ રસી લઈ કોરોના સામે સુરક્ષા કવચ મેળવેલ પરંતુ અનેક અમલદારોને વત્તા ઓછા અંશે આડઅસરની ફરીયાદો ઉઠી હતી. કોરોનાની રસી લીધા બાદ હરિયાણાનાં મંત્રીને કોરોના વળગ્યો હતો. ત્યાર બાદ ગુજરાતનાં ખેડા જિલ્લાનાં જિલ્લા કલેક્ટર તરીકે કાર્યરત સનદી અધિકારી આઈ.કે. પટેલને પણ રસી લીધા બાદ પંદર દિવસમાં કોરોનાનો ચેપ લાગ્યો છે. હાલ તેમની સારવાર ચાલી રહી છે.

Chakrvat (morning Daily): owner, publisher & printer : kalavadia jignesh Bhimjibhai,published at : 301/D, jivrajnagari, Ambika township,nr. Nana mava, Rajkot.printed at : Azad sandesh printing press, Navagam, Rajkot.,Editor : Yakub rahemanbhai badi*(responsible for news editing)